૨૦૫ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 177 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 July 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૮ જુલાઈ ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આંદોલકોને ટાર્ગેટ કરાશે તો ફરી આંદોલન: સીજેપી

## બિહાર-બંગાળમાં સેંકડો વિદ્યાર્થીઓ સામે એફઆઈઆર અને ધરપકડ પછી સીજેપીએ યાદ કરાવ્યું કે સરકારે આમ નહીં કરવાની બાંયધરી આપી છે



હવે કાનૂની જંગ: નવી દિલ્હીમાં જાણીતા વકીલ કપિલ સિબલ સાથે સીજેપીના આશુતોષ રાન્કા અને સૌરવ દાસ. (એજન્સી)

**કોઇએ વડા પ્રધાન પર હળવી મજાક કરી દીધી, તો શું વડા પ્રધાન ભગવાન છે? લોકો મજાક તો કરે. આ લોકશાહીનો એક ભાગ છે.**
**- સૌરવ દાસ, સીજેપીના પ્રવક્તા**

નવી દિલ્હી: કોક્રૉચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રવક્તા આશુતોષ રાન્કાએ સોમવારે ચેતવણી આપતાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓ સહિત અન્ય પ્રદર્શનકર્તાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા એફઆઈઆર તાત્કાલિક રદ કરવામાં નહીં આવે અને અટકાયતમાં લેવાયેલા લોકોને મુક્ત કરવામાં નહીં આવે તો વિરોધપ્રદર્શન ફરી શરૂ કરવામાં આવશે.

કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહને સંબોધીને સોશ્યલ મીડિયા પર કરવામાં આવેલી પૉસ્ટમાં પ્રદર્શનકર્તા વિરુદ્ધ કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં નહીં આવે એ પ્રકારના સરકારે આપેલા વચનનો ભંગ કરવામાં આવ્યો છે.

તેમણે દાવો કર્યો હતો કે બિહાર અને પશ્ચિમ બંગાળમાં સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હોવા ઉપરાંત દિલ્હી અને અન્ય રાજ્યોમાં સેંકડો લોકોને અટકાયતમાં લઈ તેમની હેરાનગતિ કરવામાં આવી રહી છે.

પ્રદર્શનકર્તા વિરુદ્ધ કોઈ પોલીસ કાર્યવાહી કરવામાં નહીં આવે એ પ્રકારનાં આપવામાં આવેલા વચનનું સંપૂર્ણપણે ઉલ્લંઘન થઈ

રહ્યું હોવાનું અમે જોઈ રહ્યા છીએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં સેંકડો લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હોવા ઉપરાંત પ્રદર્શનકર્તાઓને અન્ય સહાય પૂરી પાડી રહેલા સ્વયંસેવકોની પણ હેરાનગતિ કરવામાં આવી રહી હોવાનાં અહેવાલ છે.

સરકાર જો અમારી માગણી સંતોષવામાં નિષ્ફળ જશે તો સીજેપીને ફરી ધરણાં કરવાની ફરજ પડશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તમામ પ્રદર્શનકર્તાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલો એફઆઈઆર તાત્કાલિક (જુઓ પાનું ૨) ▸▸

## સીજેપી આંદોલનમાં પાકિસ્તાનથી દોરીસંચાર

# સોશ્યલ મીડિયાની ૫૦૦ પ્રોફાઈલ્સની તપાસ

મુંબઈ: કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેશવ્યાપી આંદોલન દરમિયાન સીમાપાર ખોટી માહિતી ફેલાવવામાં સંડોવાયેલી ૫૦૦થી વધુ સોશ્યલ મીડિયા પ્રોફાઇલ્સ ઓળખી કાઢવામાં મહારાષ્ટ્ર સાયબર પોલીસને સફળતા મળી છે. જાહેર શાંતિ, રાષ્ટ્રીય સલામતી તેમ જ સામાજિક ભાઇચારાનો ભંગ કરવાના ઇરાદે આવી માહિતી ફેલાવવામાં આવી હોવાનું તપાસમાં જણાઇ આવ્યું છે, એમ સાયબર પોલીસે જણાવ્યું હતું.

ટેક્નિકલ એનાલિસિસમાં એવું જણાયું છે કે આમાં ભારતની બહાર ખાસ કરીને પાકિસ્તાન અને મધ્ય-પૂર્વના દેશોમાંથી અસામાજિક તત્ત્વો દ્વારા આ કામ કરવામાં આવી રહ્યું છે અને તેઓ સક્રિય રીતે ભારતીયોને ટાર્ગેટ કરવા ખોટી માહિતી મોટા પાયે ફેલાવી રહ્યા હોવાનું જણાયું છે. આમ સીજેપીના આંદોલનમાં પાકિસ્તાની અમાસાજિક તત્ત્વોએ ઘી હોમ્યું હતું.

કૉક્રોચ જનતા પાર્ટીના આંદોલન દરમિયાન સોશ્યલ મીડિયા પર ખતરાને ધ્યાનમાં લેતાં સાયબર પોલીસે મોટા પાયે નજર રાખવાનું શરૂ કર્યું હતું, જેમાં જાહેર શાંતિભંગ, મૂંઝવણ પેદા કરવી, ઉશ્કેરણી, એઆઇ-નિર્મિત અને ડીપફેક કન્ટેન્ટ સાથે ખોટી, ગેરમાર્ગે દોરતી અને ઉશ્કેરણી કરતી (જુઓ પાનું ૨) ▸▸

# સ્ટ્રીટ ફાઇટર છું: ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી: નીટ પેપર લીક બાદ કોક્રૉચ જનતા પાર્ટીએ કરેલી સંસદ માર્ચ અને તેની બાદ થયેલી હિંસાના પગલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેની બાદ આજે પ્રતિક્રિયા આપતા ધર્મેન્દ્ર પ્રધાને કોંગ્રેસ નેતા જયરામ રમેશને જણાવ્યું છે કે હું એક સ્ટ્રીટ ફાઇટર છું એસીમાં બેસનારો કાર્યકર્તા નથી.

કોંગ્રેસ નેતા જયરાજ રમેશ તેમણે આશ્વાસન આપવા પહોંચ્યા હતા. તેમજ કહ્યું હતું કે આવું થાય છે. પરંતુ ધર્મેન્દ્ર પ્રધાને તરત જ જવાબ આપ્યો કશું નથી થયું. ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે પ્રથમ વાર સંસદ ભવનમાં પહોંચ્યા હતા. ત્યારે એનડીએ સાંસદોએ તેમનું સ્વાગત કર્યું. ■

# બૅન્ક ઓફ બરોડાના કસ્ટમર્સનો ડૅટા લીક

મુંબઈ: બૅન્ક ઓફ બરોડાના ગ્રાહક ડૅટા, આંતરિક દસ્તાવેજો સાથે ડાર્ક વેબ પર લીક થયા હોવાનું સાયબર સુરક્ષા સંશોધક અને સાધનોએ સમાચાર સંસ્થા રોઇટરને જણાવ્યુ હતું. બૅન્કે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે આ અંગે ફોરેન્સિક તપાસ શરૂ કરી છે અને પ્રારંભિક નિયંત્રણના પગલાં લાગુ કર્યા પછી સંબંધિત સત્તાવાળાઓ સાથે કામ કરી રહી છે.


મુંબઈસ્થિત બૅન્કે જણાવ્યું હતું કે આ ઉલ્લંઘનમાં કર્મચારીના ઇમેલ અકાઉન્ટ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા, જેના પરિણામે ચોક્કસ ડૅટાની અનધિકૃત ઍક્સેસ થઈ હતી. બૅંકની કોર બૅંકિંગ સિસ્ટમ્સ એક્સેસ કરવામાં આવી ના હોવાથી તે સુરક્ષિત રીતે કાર્યરત છે.

નિષ્ણાતાએ જણાવ્યું હતું કે લીક થયેલા ડૅટામાં ગ્રાહકની વિગતો, ઓળખ દસ્તાવેજો, લોન પેપર્સ અને આંતરિક ઓડિટ રેકોર્ડનો સમાવેશ થાય છે. જોકે, કેટલા ગ્રાહકોને અસર થઈ તે તરત જ સ્પષ્ટ થયું નહોતું.

રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા અને ભારતના સાયબર સિક્યુરિટી રેગ્યુલેટર સીઇઆરટી-ઇનએ ટિપ્પણી (જુઓ પાનું ૨) ▸▸

# સીજેપીના જીતના જશનમાં લડકી બ્યુટિફુલ ગીત પર ડાન્સ વાઈરલ

## જોકે સીજેપીના નેતાઓના આ વરવા પ્રદર્શન પર લોકોનો ફિટકાર




નવી દિલ્હી: જંતર મંતર પર થયેલા આંદોલનને પગલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાનપદેથી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું તેની ઉજવણી કરવા માટે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સભ્યો દ્વારા રાજીનામા પાર્ટીનું આયોજન કરાયું હતું. લડકી બ્યુટિફુલ ગીત પર ડાન્સ કરી રહેલા સીજેપીના નેતાઓના વાઇરલ થયેલા વીડિયોની બધે આકરી ટીકા થઈ રહી છે.

અત્યારે સોશ્યલ મીડિયામાં એવા ઘણાં વીડિયો વાયરલ થઈ રહ્યાં છે, જેમાં સીજેપીના લોકો પાર્ટી કરતા જોવા મળ્યા હતા. સીજેપીના આગેવાનો અને કાર્યકરો દ્વારા પણ આ વીડિયો શેર કરવામાં આવ્યાં છે. આ વીડિયો પર હવે લાખોની સંખ્યામાં લોકો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યાં છે. લોકો હવે સીજેપીને ટ્રોલ કરી રહ્યાં છે. જે વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો તેની વાત કરવામાં આવે તો વીડિયોમાં (જુઓ પાનું ૨) ▸▸

# શાંત વિરોધના અધિકારની છે ગૅરન્ટી: સુપ્રીમ કોર્ટ

**નીટ પેપર લીકનો વિરોધ કરી રહેલા આંદોલનકારી પર દમનની અરજી પર વધુમાં કહ્યું કે આંદોલન પોલીસ અત્યાચાર કે લાઠીમારનું વાજબી કારણ ન હોઈ શકે**

નવી દિલ્હી: શાંત વિરોધ અધિકરની બંધારણ હેઠળ ગૅરન્ટી છે, એવું નિરીક્ષણ કરીને સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે આંદોલન એ ‘પોલીસ દમન-અત્યાચાર’ કે લાઠીમારને વાજબી ઠેરવતું કારણ ન હોઈ શકે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ મંગળવારે આખા દેશમાં નીટ પેપર ફૂટવા સામે અને બીજી ગેરરીતિ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસના અતિરેકની રીટ અરજીઓ સાંભળી રહી હતી.

બેન્ચમાં સૂર્યકાંત ઉપરાંત બીજા બે ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને વી. મોહન્ના છે. આ બેન્ચ વિરોધ પ્રદર્શન દરમિયાન ઘાયલ થનારા પોલીસના કુટુંબીજનોની અલગ અરજી સાંભળવા પણ સંમત થઈ હતી.

સૂર્યકાંતે કહ્યું હતું કે શાંત વિરોધ પ્રદર્શનનો અધિકાર નિરપેક્ષ રીતે ખાતરી ધરાવે છે. કોઈ આંદોલન થાય એનો અર્થ (જુઓ પાનું ૨) ▸▸

## નીટ પેપર લીક કેસ

# આ આવી ફાસ્ટ ટ્રેક સુનાવણી?: સીબીઆઇના વકીલ જ ગેરહાજર

નવી દિલ્હી: દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે સરકારે નીટ પેપર લીક કેસના આરોપીઓને સજા અપાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરી છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં ’પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪’ હેઠળ બનાવવામાં આવેલી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સોમવાર પેપર લીક કેસોની પહેલી સુનાવણી હતી. જોકે, પહેલા જ દિવસે કોર્ટની સુનાવણી ટળી ગઈ હતી.

મહિતી અનુસાર, સીબીઆઇ તરફથી આજે આ કેસની સુનાવણીમાં કોઇ વકીલ કોર્ટમાં હાજર રહ્યા ન્હોતા. સરકારી વકીલ ઉપલબ્ધ ન હોવાને કારણે સુનાવણીને આગામી મહિનાની ત્રીજી ઓગસ્ટ સુધી ટાળી દેવામાં આવી છે.

ફાસ્ટ ટ્રેક કોર્ટના સ્પેશિયલ જજ અનુ ગ્રોવર બલીગાએ નીટ યુજી ૨૦૨૬ પેપર લીક કેસમાં ધરપકડ કરાયેલા દિનેશ બિવાલ અને વિકાસ બિવાલની જામીન અરજીઓ પર સુનાવણી કરવાની હતી. (જુઓ પાનું ૨) ▸▸

# લોકસભામાં પેપર-લીક રોકવાનો ખરડો રજૂ થયો

## સંસદની મડાગાંઠનો આજે અંત આવી શકે

નવી દિલ્હી : સરકારે સોમવારે પેપર ફૂટતા રોકવા માટેનો ખરડો લોકસભામાં રજૂ કર્યો હતો. આ ખરડામાં દસ વર્ષના કેદની અને ૫૦ લાખના દંડની આકરી સજાની જોગવાઈ છે. વિદ્યાર્થીના વ્યાપક દેખાવો અને દેશને હચમચાવી નાખનાર નીટ પેપર ફૂટવાની ફજેતી બાદ શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાના થોડા દિવસોની અંદર જ સરકારે આ ખરડો રજૂ કર્યો હતો. સોમવારે પણ વિરોધ પક્ષના હોબાળાને લીધે સંસદમાં કોઈ કામ થયું નહોતું. જોકે સંસદીય સૂત્રોના જણાવ્યા પ્રમાણે મંગળવારે સંસદની મડાગાંઠ (જુઓ પાનું ૨) ▸▸

# જામનગરમાં આયુર્વેદના ત્રીજા વર્ષનું પેપર ફૂટ્યું, તપાસ સમિતિ રચાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં નીટ પેપર લીક કાંડમાંથી હજુ તંત્ર બહાર આવ્યું નથી અને દિલ્હીમાં થયેલું આંદોલન માંડ સમેટાયું છે, ત્યાં ગુજરાતમાં પેપર લીક થયાના અહેવાલના મુદ્દે સમગ્ર તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ હતી. જામનગરમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી હેઠળ લેવાયેલી બી. એ. એમ.એસ. તૃતીય વર્ષના શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષા અગાઉ, તા. ૨૦ જુલાઈ પહેલાં જ પ્રશ્નપત્ર વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા માધ્યમોમાં ફરતું હોવાના આક્ષેપ સાથે યુવા કૉંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. જામનગર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી, ત્યાર બાદ યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા નિષ્પક્ષ તપાસ માટે એક વિશેષ કમિટીની રચના (જુઓ પાનું ૨) ▸▸

# સૌરાષ્ટ્રના માત્ર એક જ જિલ્લામાં સિઝનનો સરેરાશથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સિઝનનો સરેરાશ ૫૪.૨૮ ટકા વરસાદ થયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા મુજબ, કચ્છમાં ૧૯.૦૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૧.૨૫ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૫૨૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૭૫ અને દક્ષિણ ગુજરાતમાં ૭૭.૯૨ ટકા વરસાદ વરરસ્યો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, સૌરાષ્ટ્રના માત્ર અમરેલી જિલ્લામાં જ સિઝનના સરેરાશથી વધુ વરસાદ પડ્યો છે. અમરેલી જિલ્લામાં ૬૨.૪ ટકા વરસાદ પડ્યો છે. આ સિવાય એકપણ તાલુકામાં સિઝનના સરેરાશથી વધુ વરસાદ (જુઓ પાનું ૨) ▸▸

# ધ્રાંગધ્રા પાસે લોકસાહિત્યકાર હકાભા ગઢવીની કાર નદીમાં ખાબકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જાણીતા લોક સાહિત્યકાર-હાસ્ય કલાકાર હકાભા ગઢવીની કારને ધ્રાંગધ્રા તાલુકાના બૈસાબગઢ નજીક અકસ્માત નડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ હકાભા ગઢવી હળવદ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તા વચ્ચેથી સાપ પસાર થતા તેને બચાવવા જતાં સ્ટીયરિંગ ઉપરથી કાબૂ ગુમાવતા તેમની ફોર્ચ્યુનર કાર બૈસાબગઢની નદીમાં ખાબકી હતી.

અકસ્માતની જાણ થતાની સાથે જ આજુબાજુના યુવકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. નદીના પ્રવાહમાં ખાબકેલી કારના કાચ તોડીને યુવકોએ હકાભા ગઢવીને સુરક્ષિત રીતે બહાર નીકાળ્યા હતા. યુવકોએ (જુઓ પાનું ૨) ▸▸

# વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર એકે-૪૭થી ગોળીબાર કરનાર પોલીસ સસ્પેન્ડ

નવી દિલ્હી: બિહારમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર કાર્યવાહી કર્યાના થોડા દિવસો પછી, રાજ્યમાં એક પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, જેનો સિવાનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન એકે-૪૭થી ગોળીબાર કરતો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. એસપી પૂરણ કુમાર ઝાએ સોમવારે જણાવ્યું હતું કે ડિસ્ટ્રિક્ટ ઇન્ટેલિજન્સ યુનિટમાં તહેનાત કોન્સ્ટેબલને વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન એકે-૪૭ રાઇફલનો ઉપયોગ કરતો દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તેની સામે વિભાગીય કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે. બિહારમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સપ્તાહના અંતે હિંસક બન્યા બાદ અને રાજ્યભરમાં પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણ થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. અનેક વિપક્ષી નેતાઓએ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અને આવી અન્ય ઘટનાઓ દરમિયાન એકે-૪૭ થી ગોળીબાર કરતા પોલીસ કર્મચારીનો વાયરલ વીડિયો શેર કર્યો છે અને રાજ્યમાં સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટી પાસેથી જવાબ માગ્યો છે.

એક અહેવાલ મુજબ, સિવાનમાં કાર્યવાહી દરમિયાન, પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો હતો. ત્યાં પથ્થરમારો પણ થયો હતો. ■

# અમેરિકા અને ઈરાને હુમલાઓ અટકાવ્યા, મંત્રણાની શકયતા

કાઇરો: પશ્ચિમ એશિયામાં યુદ્ધના ખતરા વચ્ચે રાહતના સમાચાર આવ્યા છે. અમેરિકા તરફથી ૧૩ દિવસના હુમલાઓ બાદ અમેરિકાએ પોતાની કાર્યવાહી અટકાવી દીધી હતી જેના જવાબમાં ઇરાને પણ વળતા હુમલાઓ અટકાવી દીધા હતા. સોમવારે ક્ષેત્રના બે અધિકારીઓએ કહ્યું હતું કે મધ્યસ્થીઓએ અમેરિકા અને ઇરાનને વાટાઘાટો કરવા માટે પાછા લાવવા અને મિડલ ઇસ્ટમાં પૂર્ણ યુદ્ધને ટાળવાના પ્રયાસોમાં પ્રગતિ હાંસલ કરી છે.

# અમરનાથમાં વિક્રમ: સવા ચાર લાખ લોકોએ કર્યાં દર્શન

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ: ખરાબ હવામાનને કારણે અનેક અવરોધો ઊભા થયાં હોવા છતાં અમરનાથ યાત્રામાં અત્યાર સુધીમાં વિક્રમજનક સવાચાર લાખ કરતાં પણ વધુ લોકો જોડાયા છે અને હિંમલિંગનાં દર્શન કર્યાં છે. છ દિવસ બંધ રહેલી અમરનાથ યાત્રાને આગામી ચાર દિવસ માટે પણ સ્થગિત કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો કેમ કે હવામાન ખાતાએ ૩૧મી જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. અમરનાથ યાત્રાએ સવાચાર લાખ તીર્થયાત્રીઓનો આંકડો પાર કરી લીધો છે. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સિસ્ટમને સુધારવા માટે એકાઉન્ટિબિલિટી નક્કી કરવી પડે

**કોક્રોચ** જનતા પાર્ટી (સીજેપી)ના પ્રચંડ આંદોલનને પગલે સફાળી જાગેલી કેન્દ્રની ભાજપ સરકારે ભવિષ્યમાં પેપર લીક રોકવા અને પરીક્ષા પધ્ધતિમાં સુધારા માટે ધડાધડ પગલાં લેવા માંડ્યાં છે. તેના ભાગરૂપે એક તરફ પેપર લીક વિરોધી કાયદાને કડક બનાવવાનો ખરડો સંસદમાં રજૂ કરી દેવાયો તો બીજી તરફ એક ટાસ્ક ફોર્સ પણ રચી દીધી. પેપર લીકને રોકવા માટે ૨૦૨૪માં બનાવાયેલા કાયદાની જોગવાઈઓ કડક કરાઈ છે. આ જોગવાઈઓ પ્રમાણે, પેપર લીકના દોષિતોને ૧૦ વર્ષની સજા અને ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ છે જ્યારે ટાસ્ક ફોર્સ પરીક્ષા પદ્ધતિમાં શું સુધારા કરવા અનિવાર્ય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ભારતની ટોચની આઈટી કંપની ઈન્ફોસિસના સહ-સ્થાપક અને ભારતમાં આધાર કાર્ડની વ્યવસ્થા વિકસાવવાનું શ્રેય જેમને અપાય છે એવા નંદન નિલેકણના વડપણ હેઠળ રચાયેલી ટાસ્ક ફોર્સમાં ઈસરોના ભૂતપૂર્વ વડા એસ. સોમનાથ, આઈબીના જૂના ચીફ તપન ડેકા, ભૂતપૂર્વ શિક્ષણ સચિવ અને ગુજરાત કેડરનાં આઈએએસ અધિકારી અનિતા કરવાલ, આઈઆઈટી મદ્રાસના ડિરેક્ટર વી. કામકોટિ અને લોજિસ્ટિક નિષ્ણાત અમૃતલાલ મીણા એમ છ સભ્યો છે. આ છ ધુરંધરો દેશમાં તમામ સ્તરની પરીક્ષાઓને કઈ રીતે બહેતર અને પારદર્શક બનાવવી એ માટેની ભલામણો કરશે. તેમાં મુખ્ય ભાર સાયબર સિક્યુરિટી પર છે કેમ કે પેપર ફૂટવામાં મુખ્ય ભૂમિકા હેકર્સની છે.

ટાસ્ક ફોર્સને બીજાં પણ કામ સોંપાયાં છે ને બધી વાતોનો સાર એ જ છે કે, એવી સજ્જડબંબ વ્યવસ્થા ઊભી કરો કે ભવિષ્યમાં કોઈ પેપર ફૂટે જ નહીં. આપણે મમ મમ સાથ કામ છે, ટપ ટપ સાથે નહીં એ જોતાં ટાસ્ક ફોર્સને શું કામ સોંપાયું છે ને એ શું ભલામણો કરે છે એ બધું આપણા માટે મહત્ત્વનું નથી. એ બધી ટેકનિકલ વાતો છે ને તેની સાથે લોકોને કંઈ લેવાદેવા નથી. લોકો માટે મહત્ત્વની વાત પેપર ના ફૂટે, તેના કારણે યુવાઓમાં હતાશા ના ફેલાય ને હતાશાના કારણે છોકરાં-છોકરી આપઘાત ના કરે એ છે.

ભારતમાં અત્યાર સુધીનો અનુભવ એવો છે કે, લોકોના આક્રોશને ઠંડો પાડવા માટે સરકાર ટાસ્ક ફોર્સ સહિતનાં ગતકડાં ઊભાં તો કરી દે છે પણ તેનું કોઈ નક્કર પરિણામ આવતું નથી. મોટા ભાગના કિસ્સામાં તો ટાસ્ક ફોર્સે પ્રમાણિકતાથી કામ કરીને સારી ભલામણો કરી હોય પણ તેના કારણે સરકારમાં બેઠેલાં લોકોનાં હિતો જોખમાતાં હોય તેના કારણે આ ભલામણોનો અમલ જ થતો નથી. અમલ થાય તો એવો અધકચરો થાય કે તેના કારણે ઠેરના ઠેર જ રહીએ. તેનું કારણ એ કે, ગમે તેવી સારી ભલામણોનો અમલ જેણે કરવાનો છે એ તંત્ર જ સડેલું છે. આ તંત્રમાં બેઠેલા લોકોને ગમે તે રીતે ગાડું ગબડાવવામાં ને પોતાનું ઘર ભરવા સિવાય બીજા કશામાં રસ નથી હોતો તેથી ધકેલ પંચ્યાં દોઢસો કરીને તંત્ર ચલાવ્યા કરે છે.

પ્રજાએ ચૂંટેલા જન પ્રતિનિધીઓને પણ લોકોનું ભલું કરવા કરતાં સત્તા પર ટકી રહેવામાં વધારે રસ હોય છે ને ભાગબટાઈમાં પણ રસ હોય છે તેથી એ લોકો પણ આંખ આડા કાન કરીને બધું ચાલવા દે છે. આ કારણે ટાસ્ક ફોર્સ રચાય કે કમિશનો રચાય કે બીજું કશું પણ રચાય, કોઈ જ ફરક પડતો નથી. નીટનું પેપર ફૂટવા જેવી મોટી ઘટના બને ને લોકોનો આક્રોશ જબરદસ્ત રીતે ફાટી નિકળે ત્યારે લોકોને શાંત પાડવા માટે ટાસ્ક ફોર્સ કે જ્યુડિશિલ કમિશન જેવાં થાગડથિગડ પગલાં ભરી દેવાય છે પણ તેનું કોઈ નક્કર પરિણામ આવતું નથી એ જોતાં નંદન નિલેકણના નેતૃત્વ હેઠળની ટાસ્ક ફોર્સના કારણે બધું સારું થઈ જશે એવી આશા રાખવા જેવી નથી.

મોદી સરકાર ખરેખર ભવિષ્યમાં પેપર ના ફૂટે એવું ઈચ્છતી હોય તો તેણે પરીક્ષા પદ્ધતિ સાથે સંકળાયેલાં લોકોની જવાબદારી એટલે કે એકાઉન્ટિબિલિટી નક્કી કરવાનો કાયદો બનાવવો જોઈએ. ભારતમાં ખરેખર તો તમામ સરકારી કર્મચારીની એકાઉન્ટિબિલિટી નક્કી કરવાના કાયદાની જરૂર છે કેમ કે ભારતમાં સરકારી તંત્ર તેની ક્ષમતા પ્રમાણે કામ જ કરતું નથી. ભારતમાં સરકારી તંત્રમાં નોકરી મળે એટલે પછી કોઈ કશું બગાડી નથી શકતું. તેના કારણે સરકારી કર્મચારીઓ એવું માનીને જ વર્તે છે કે, આપણે કામ નહીં કરીશું તો કોઈ કશું ઉખાડી શકવાનું નથી પછી ખાલીપીલી ટેન્શન ક્યું લેના ?

આ માનસિકતા બદલવા માટે સરકારી કર્મચારીઓની એકાઉન્ટિબિલિટી નક્કી કરવાની જરૂર છે. એકાઉન્ટિબિલિટીનો મતલબ, દરેક સરકારી કર્મચારીની ફરજો નક્કી કરવી અને આ ફરજો નક્કી કરેલા સમયમાં ના બજાવે તો લાત મારીને તગેડી મૂકવા. બહુ ગંભીર ના હોય એવી બાબતોમાં પગાર કાપવા સહિતનાં પગલાં લઈ શકાય પણ પેપર ફૂટવા સહિતની ગંભીર બાબતોમાં ચાબૂક ચલાવીને આઉટ કરી દેવા એ જ ઉપાય છે. ભારતમાં ભય વિના પ્રીતિ નથી થતી એ જોતાં સરકારી કર્મચારીઓને પણ પોતાની ફરજોને પ્રેમ કરતાં કરવા હોય તો ડર પેદા કરવો જ પડે.

સરકારી કર્મચારીઓમાં એક વર્ગ પ્રમાણિક હોય છે ને ખરેખર કામ કરવા માગે છે પણ લબાડ ઉપરી અધિકારીઓ કે રાજકીય દબાણના કારણે કામ નથી કરી શકતા. આ કર્મચારીઓને કામ કરતા રોકનાર અધિકારી કે રાજકારણીઓને સજા થાય એવી જોગવાઈ કરીને સરકારી તંત્રને કામ કરતું કરી શકાય. આ શક્ય છે ને સવાલ રાજકીય ઈચ્છાશક્તિનો છે. આપણા સરકારી કર્મચારીઓને વરસોથી કામ નહીં કરવાની આદત પડી છે એટલે સરકારી કર્મચારીઓનાં યુનિયનો પણ વિરોધ કરવાનાં પણ લોકોનો ટેકો મળે એ જોતાં મોદી સરકારે સૌથી પહેલું કામ સરકારી કર્મચારીઓની એકાઉન્ટિબિલિટી નક્કી કરાવની છે.

આપણે પરીક્ષા પદ્ધતિની વાત કરતા હોય ને તેમાં પણ આ સિદ્ધાંત લાગુ પડે જ છે. મોદી સરકારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી ઉભી કરી તેનું બધું કામ કોન્ટ્રાક્ટ પર ચાલે છે. આ કોન્ટ્રાક્ટમાં ક્યાંય પણ લોચાલાપસી થાય કે ભ્રષ્ટાચારની ગંધ આવે તરત કોન્ટ્રાક્ટરને સૌથી પહેલાં આજીવન બ્લેક લિસ્ટ કરવા સહિતનાં પગલાં લેવાં પડે. આપણે ત્યાં કંપનીઓને બ્લેક લિસ્ટ કરવાનાં પગલાં લેવાય છે ને તેનો ગેરફાયદો એ રીતે ઉઠાવાય છે કે, કરુબાજ માણસ નવી કંપની બનાવીને પાછો કોન્ટ્રાક્ટ લેતો થઈ જાય છે. તેના બદલે એ વ્યક્તિ ભવિષ્યમાં કોઈ પણ કંપનીના નામે કે એજન્સીના નામે કોન્ટ્રાક્ટ ના લઈ શકે એવી વ્યવસ્થા થાય તો બહુ મોટો ફરક પડી જાય. તેની સાથે સાથે અધિકારી કે કર્મચારીને પણ ઘરભેગા કરાય તો આપોઆપ બધા સીધાદોર થઈ જાય. મોદી સરકારે શિક્ષણ પદ્ધતિને સારી બનાવવી હોય તો આ પગલું સૌથી પહેલા લેવું પડે, ટાસ્ક ફોર્સ સહિતનાં પગલાંથી બહુ ફરક નહીં પડે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌરવર્ષાઋતુ, મંગળવાર, તા. ૨૮-૭-૨૦૨૬, મેલા જ્વાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૩મો તીર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૧૩-૧૧ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૧૯-૪૮ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૫૧, રાત્રે ક. ૨૩-૨૩
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૧ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, આષાઢ શુક્લ - ચતુર્દશી. મેલા જ્વાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૧૮, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, ગણપતિ અથર્વશીર્ષમ અભિષેક, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, ખેતીવાડી, પશુ લે-વેંચના કામકાજ, આમળાના ઔષધીય પ્રયોગો.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર-બુધ પ્રતિયુતિ ઉગ્ર પ્રકૃત્તિના, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લોકોમાં લોકપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## 'નીટ'ની પરીક્ષા વિશે નિલેકણીની ટાસ્ક ફૉર્સ શું સૂચવે છે એ જોઈશુંઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સરકાર દ્વારા નંદન નિલેકણીના વડપણ હેઠળ રચવામાં આવેલું હાઈ પાવર્ડ ટાસ્ક ફૉર્સ 'નીટ' પરીક્ષાના ઑનલાઈન આયોજન અંગે શું સૂચન આપે છે તે અમે જોઈશું, એમ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું. ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે 'નીટ'ની પરીક્ષા લેખિતને બદલે ઑનલાઈન હાથ ધરવામાં આવે તે માટે પરંપરાગતને બદલે કોઈ વિશેષ સૂચન મળે તે જરૂરી છે. સાયબર સિક્યોરિટી અને ડૅટાબૅઝ પ્રોટેક્શન અંગે વધારાની સુરક્ષાની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું. પેપર લીકને પગલે ત્રીજી મેએ યોજાયેલી 'નીટ'ની પરીક્ષા રદ કરી ફેરપરીક્ષાની જાહેરાત કરવામાં આવ્યાને પગલે આરજેડીના સાંસદ સુધાકર સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની ખંડપીઠ સુનાવણી કરી રહી હતી. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખંડપીઠને માહિતી આપતા કહ્યું હતું કે કેન્દ્ર સરકારે આ મામલે ગંભીર પગલાં લીધા છે અને ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. (એજન્સી)

## જહાજ હુમલામાં ભારતીયનું મોતઃ યુક્રેનના રાજદૂતને સરકારે ખખડાવ્યા

નવી દિલ્હીઃ ગયા અઠવાડિયે કાળા સમુદ્રમાં એક વેપારી જહાજ પર થયેલા હુમલામાં એક ભારતીય નાવિકની હત્યાના સંદર્ભમાં ભારતે સોમવારે યુક્રેનના રાજદૂત ઓલેક્ઝાન્ડર પોલિશચુકને સમન્સ પાઠવ્યા હતાં અને કડક વિરોધ નોંધાવ્યો હતો.

વિદેશ મંત્રાલયે કહ્યું કે તેણે રાજદૂતને નવી દિલ્હીની આ ઘટના અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને વેપારી જહાજો પરના આવા હુમલાઓની કડક શબ્દોમાં નિંદા કરી હતી.

રશિયા અને યુક્રેન વચ્ચે નવી દુશ્મનાવટ વચ્ચે જહાજ એમવી ઓમોર્ફી યુક્રેનિયન ડ્રોન હુમલાનો ભોગ બન્યું હોવાનું કહેવાય છે.

આજે, ભારતમાં યુક્રેનના રાજદૂત, ઓલેક્ઝાન્ડર પોલિશચુકને કમર્શિયલ જહાજ એમવી ઓમોર્ફી પર થયેલા હુમલાના સંદર્ભમાં વિદેશ મંત્રાલયમાં સમન્સ મોકલવામાં આવ્યા હતા, જેના પરિણામે એક ભારતીય નાગરિકનું દુઃખદ મૃત્યુ થયું હતું, તેવું મંત્રાલયે જણાવ્યું હતું.

## મધ્ય અને દક્ષિણ અમેરિકા અસહ્ય ગરમીના ભરડામાં

ન્યૂ યૉર્કઃ સતત બીજે દિવસે મધ્ય અને દક્ષિણ અમેરિકાને હીટવૅવે ભરડામાં લેતાં ચાર કરોડ કરતાં પણ વધુ લોકોને રવિવારે અસહ્ય ગરમીની ચેતવણી આપવામાં આવી હતી.

સતત બીજા દિવસે પણ ઊંચા તાપમાન અને ભેજને કારણે અમેરિકાના મોટાભાગના વિસ્તારો અસહ્ય ગરમીના ભરડામાં રહ્યા હતા.

નેશનલ વૅધર સર્વિસના જણાવ્યા અનુસાર હિટવેવને કારણે મિસિસિપિના મિનેસોટાથી લઈને દક્ષિણ કૅલિફોર્નિયા અને નૅવાડા વિસ્તારમાં તાપમાન ૩૮ ડિગ્રી તો સાઉથ-વૅસ્ટ અમેરિકામાં તાપમાન ૪૯ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. ફરી એકવાર સર્જાયેલું 'હીટ ડોમ' આ ગરમી પાછળનું મુખ્ય કારણ હોવાનું નિષ્ણાતોનું કહેવું છે. હવામાનની આ એવી સ્થિતિ છે જેમાં વાતાવરણ ગરમીને રોકી રાખે છે જેને કારણે અગાઉથી જ ઊંચું તાપમાન વધુ ઉગ્ર બને છે અને લાંબા સમય સુધી જેમનું તેમ રહે છે. (એજન્સી)

## અમેરિકાના સીએટલમાં ફૂડ ફેસ્ટિવલમાં ફાયરિંગ, ત્રણનાં મોત

સીએટલઃ અમેરિકાના સિએટલમાં એક ફૂડ ફેસ્ટિવલ દરમિયાન થયેલા ફાયરિંગમાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને એક બાળક સહિત ચાર જણા ઘાયલ થયા હતા. સીએટલ ફાયર ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ગ્રેસ નુનેઝના જણાવ્યા અનુસાર, સિએટલના સ્પેસ નીડલ નજીક આયોજિત બાઇટ ઓફ સિએટલ ફેસ્ટિવલના અંતિમ કલાકો દરમિયાન ફાયરિંગની આ ઘટના બની હતી.

ફૂડ ફેસ્ટિવલમાં થયેલા ફાયરિંગમાં એક સંદિગ્ધની ધરપકડ કરવામાં આવી છે જ્યારે બીજા શંકાસ્પદની શોધખોળ કરવામાં આવી રહી છે. પોલીસનું માનવું છે કે રવિવારે બે શંકાસ્પદ લોકો એકબીજા પર ગોળીબાર કરી રહ્યા હતા અને એક હજુ પણ ફરાર છે પરંતુ સીએટલ પોલીસના આસિસ્ટન્ટ ચીફ ટાયરોન ડેવિસે રવિવારે રાત્રે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જનતાને હવે કોઈ ખતરો નથી. પોલીસ પાસે બાકી રહેલા શંકાસ્પદ વ્યક્તિ વિશે કોઈ જાણકારી નથી. ડેવિસે કહ્યું કે અમે હજુ પણ તેને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## પહેલા પાનાનું ચાલુ

### આંદોલકોને ટાર્ગેટ

રદ કરવામાં આવે તેમ જ ધરપકડ કરાયેલા કે અટકાયતમાં લેવાયેલા વિદ્યાર્થીઓને મુક્ત કરવામાં આવે અને સરકાર, દિલ્હી પોલીસ, કેન્દ્રીય તપાસ એજન્સીઓ સાથે સધાયેલી સમજૂતી મુજબ ભાજપશાસિત તેમ જ જે રાજ્યોમાં ભાજપના જોડાણ ધરાવતી સરકાર હોય તે રાજ્યોમાં ભવિષ્યમાં પણ તેમની વિરુદ્ધ કોઈ એફઆઈઆર દાખલ કરવામાં નહીં આવે એવી અમારી માગણી હતી.

સરકાર જો સમજુતી અને વચનનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો સીજેપીને ફરી ધરણાં કરવાની ફરજ પડશે, એમ તેમણે કહ્યું હતું. કાયદેસર કેસ સંબંધિત સમજૂતી અંગે મંગળવાર સુધીમાં લેખિત કરાર કરવાની પણ તેમણે માગણી કરી હતી. બાવીસ અને પચીસ જુલાઈએ કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન બાદ બિહારમાં પ્રદર્શનકર્તાઓ વિરુદ્ધ સતત કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનાં અહેવાલ વચ્ચે રાન્કાએ આ નિવેદન કર્યું હતું.

વકીલોએ દાવો કર્યો હતો કે રાજ્યમાં વિરોધ પ્રદર્શન થયા બાદ અંદાજે ૨૦૦ જેટલા લોકો હજુ પણ પોલીસ કસ્ટડીમાં છે.

કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટના ત્રણ રાઉન્ડ બાદ સીજેપીએ જંતર મંતર ખાતે ૩૬ દિવસના આંદોલનના અંતની જાહેરાત કરી હતી અને નીટ-યુજી પરીક્ષામાં આચરવામાં આવેલી કતિત ગેરરીતિને મામલે જવાબદારી નક્કી કરવાની અને પરીક્ષાની સિસ્ટમમાં વ્યાપક સુધારા કરવાની માગણી કરી હતી. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિત કેન્દ્ર સરકારે ચાવીરૂપ માગણી સ્વીકાર્યા બાદ સીજેપીએ આંદોલન પાછું ખેંચી લીધું હતું. શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકર્તાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા એફઆઈઆર રદ કરવા, આત્મહત્યા કરનાર વિદ્યાર્થીના પરિવારજનોને વર્તમાન કાયદા અંતર્ગત વળતર આપવા સહિત પરીક્ષામાં વ્યાપક સુધારા માટે ગ્રૂપ દ્વારા સૂચવવામાં આવેલા પાંચ મુદ્દા ધ્યાન પર લેવાની સરકારે બાંયધરી આપી હતી.

કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહે પત્રકાર પરિષદમાં અમારી હાજરીમાં પ્રદર્શનકર્તાઓ વિરુદ્ધ એફઆઈઆર દાખલ ન કરવાનું અને જેમની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો તે રદ કરવાનું અને ભવિષ્યમાં પણ બદલાની ભાવનાથી તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરવાનું વચન આપ્યું હતું. સરકારે અમને આ લેખિતમાં આપવાનું વચન આપ્યું હતું જેનો આજે છેલ્લો દિવસ છે. સૌરવ દાસે કહ્યું હતું કે દેશના અનેક રાજ્યોમાંથી એ ખબર આવી રહી છે કે પોલીસ કાર્યવાહી ચાલુ છે અને વિદ્યાર્થીઓને અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે અને સામૂહિક એફઆઈઆર દાખલ કરવામાં આવી રહ્યા છે. બિહારમાં ૫૦૦ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા છે અને કડક કલમો લગાડવામાં આવી છે.

અમે કેન્દ્ર સરકારના એ પત્રની રાહ જોઈ રહ્યા છીએ અને આશા રાખીએ છીએ કે મંગળવાર સુધીમાં એ પત્ર અમને મળી જશે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અંગે ભદ્દી ટિપ્પણી ધરાવતી પૉસ્ટ દિલ્હી પોલીસ દ્વારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી હોવાને મામલે સૌરવ દાસે કહ્યું હતું કે એમાં વાંધાજનક શું છે? શું કોઈ મજાક, નિવેદન વાંધાજનક છે? તમારા માટે જે વાંધાજનક છે તે કદાચ અમારા માટે વાંધાજનક નથી એ જ પ્રમાણે અમારા માટે જે વાંધાજનક હોઈ શકે એ તમારા માટે વાંધાજનક ન પણ હોઈ શકે અને એટલે જ જો પોલીસને આટલી છૂટ આપી દેવામાં આવશે તો તે તેનો ઉપયોગ સેન્સરશિપ ટૂલ તરીકે જ કરશે. હાલ એમ જ થઈ રહ્યું છે. કોઈએ વડા પ્રધાન અંગે હળવી મજાક કરી દીધી, શું વડા પ્રધાન ભગવાન છે? લોકો મજાક તો કરશે જ. એ તો લોકતંત્રનો ભાગ છે, પરંતુ આવી સામગ્રી સોશ્યલ મીડિયા પરથી હટાવવામાં આવી રહી છે, એમ તેમણે કહ્યું હતું. ■

### સોશ્યલ મીડિયાની

માહિતી સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સના સંકલિત નેટવર્કથી ફેલાવવામાં આવતી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

દરમિયાન મહારાષ્ટ્ર સાયબરે સંબંધિત સોશિયલ મીડિયા મધ્યસ્થીઓ દ્વારા વાંધાજનક કન્ટેન્ટ દૂર કરવા સહિત ઓળખી કાઢવામાં આવેલા અકાઉન્ટ્સ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી. ઇન્સ્ટાગ્રામ, એક્સ, ફેસબુક અને યુટ્યુબ સહિત ઘણાં બધાં પ્લેટફોર્મ્સમાં ૪૨૯ જેટલી વાંધાજનક સોશ્યલ મીડિયા પોસ્ટ્સ અને હૅન્ડલ ઓળખી કાઢવામાં આવ્યાં હતાં, જેનું ટેક્નિકલ એનાલિસિસ કરવામાં આવતાં ૧૦૦ અકાઉન્ટ્સ ભારતની બહારથી ઑપરેટ કરાતાં હતાં.

એનાલિસિસમાં એવું પણ જાણવા મળ્યું છે કે ૧૪૦થી વધુ પોસ્ટ અને પ્રોફાઇલ એઆઇ-જનરેટેડ અથવા એઆઇ-આસિસ્ટેડ કન્ટેન્ટમાં સંકળાયેલી છે, જેની ઓળખ સાયબર પોલીસે અત્યાધુનિક ઑડિયો-વીડિયો ફોરેન્સિક એનાલિસિસ ટૂલ્સનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક રીતે કરી છે. ઓળખી કઢાયેલી એઆઇ-નિર્મિત કન્ટેન્ટના બારીકાઇથી ટેક્નિકલ પરીક્ષણમાં ડિજિટલ રીતે ટોળું ભેગું થયું હોય, ખોટા અવાજો, ક્લોન કરેલા ઑડિયો, ચેડાં કરેલા વીડિયો મળી આવ્યાં હતાં, જેમાં પબ્લિક ફીગર્સના નામે ખોટી રીતે ચડાવાયેલા ગેરમાર્ગે દોરતા વીડિયોનો સમાવેશ થાય છે. આથી નાગરિકોએ આવી માહિતી મળે તો પૉઝ, વેરિફાઇ કરો અને બાદમાં જવાબદારીપૂર્વક શૅર કરવા સાયબર પોલીસે અનુરોધ કર્યો છે. ■

### સીજેપીના જીતના

અભિજીત દીપકે, આશુતોષ રાન્કા અને સૌરવ દાસ સમર્થકો સાથે ડાન્સ કરતા અને ઉજવણી કરતા જોવા મળે છે. ઘણી ક્લિપ્સમાં પક્ષના કાર્યકરો એકબીજાને ગળે લગાવતા ડાન્સ કરતા અને વિજયની ઉજવણી કરતા જોવા મળ્યા હતા, જેને લઈને લોકો તેમને ખરી ખોટી સંભળાવી રહ્યાં છે. ■

### બૅન્ક ઓફ બરોડાના

થઈ હતી. બૅંકની કોર બૅંકિંગ સિસ્ટમ્સ એક્સેસ કરવામાં આવી ના હોવાથી તે સુરક્ષિત રીતે કાર્યરત છે. નિષ્ણાતાએ જણાવ્યું હતું કે લીક થયેલા ડૅટામાં ગ્રાહકની વિગતો, ઓળખ દસ્તાવેજો, લોન પેપર્સ અને આંતરિક ઓડિટ રેકોર્ડનો સમાવેશ થાય છે. જોકે, કેટલા ગ્રાહકોને અસર થઈ તે તરત જ સ્પષ્ટ થયું નહોતું.

રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા અને ભારતના સાયબર સિક્યુરિટી રેગ્યુલેટર સીઇઆરટી-ઇનએ ટિપ્પણી માટેની વિનંતીઓનો તરત જવાબ આપ્યો ન હતો. મોટી કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ સામે સાયબર સુરક્ષા જોખમો અંગે સતત વધતી જતી ચિંતાઓ વચ્ચે આ ડૅટા લીકના સમાચાર આવ્યા છે, જે ગ્રાહકો અને વ્યવસાયિક ડૅટાનો વિશાળ જથ્થો સંગ્રહિત કરે છે.

આ ડૅટા શનિવારની રાત્રે ડાર્ક વેબ સાઇટ પર દેખાયો હતો અને સાઇટના મેટાડૅટા વિશ્લેષણના આધારે ૭૦૦ ગીગાબાઇટ્સ કરતાં વધુ માહિતી ભંડાર તરીકે પ્રચારિત કરવામાં આવી હતી, એમ સાધનોએ જણાવ્યું હતું. ■

### લોકસભામાં પેપર-લીક

દૂર થાય એવી સંભાવના છે અને સ્પીકર ઓમ બિરલાએ બધા રાજકીય પક્ષોને ખરડા પર ચર્ચા કરવા મનાવી લીધા છે.

સૂત્રોએ માહિતી આપી હતી કે બધા રાજકીય પક્ષો પેપર-લીક વિરોધી ખરડા પર મંગળવારે ચર્ચા કરવા તૈયાર થયા છે. ઓમ બિરલાએ પહેલ કરીને રાજકીય પક્ષોના ફ્લોર લીડરને આ માટે મનાવ્યા હતા.

પ્રાઈમ મિનિસ્ટર્સ ઑફિસ (વડા પ્રધાનની કચેરી, પીએમઓ)ના રાજ્ય કક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહે વિરોધ પક્ષના સૂત્રોચ્ચાર અને વિરોધ વચ્ચે ખરડો રજૂ કર્યો હતો. કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાની હેઠળની ૨૦ જુલાઈની સંસદ ભવન તરફની વિરોધી કૂચ દરમિયાન પોલીસની આંદોલનકારી પર તવાઈનો સરકાર પાસે વિરોધ પક્ષો જવાબ માગી રહ્યા હતા. (એજન્સી) ■

### શાંત વિરોધના

એ નથી કે પોલીસના અતિરેક વાજબી ઠરાવામાં આવે. વકીલે એમ કહ્યું કે પોલીસોની પણ મારપીટ કરવામાં આવી હતી ત્યારે બેન્ચે કહ્યું હતું કે દરેક વ્યક્તિ ગમે તે હોય, પરંતુ તેનું જીવન મહત્ત્વનું છે.

બેન્ચે વધુમાં કહ્યું હતું કે દરેક જગ્યાએ એક પ્રોટોકોલ એટલે કે એક પ્રણાલી હોવી ઘટે. દરેકને યોગ્ય જગ્યા મળવી જોઈએ અને કોઈ અંકુશ ન હોવો જોઈએ. હા, કોઈ સમાજવિરોધ તત્ત્વો હોય તો તેની દરકાર લેવી જોઈએ. આ ફક્ત દિલ્હીનો સવાલ નથી. દરેક જગ્યાએ એક સરખો પ્રોટોકોલ હોવા જોઈએ. (એજન્સી) ■

### નીટ પેપર લીક

કોર્ટે ડાયરેક્ટર ઑફ પ્રોસિક્યુશનને નીટ પેપર લીક કેસ માટે પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવા જણાવ્યું છે. રાઉઝ એવેન્યુ કોર્ટ આ મામલાની આગામી સુનાવણી ત્રીજી ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યે કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર લીકના આરોપીઓને સજા અપાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચનાની જાહેરાત કરી હતી. તેમણે ૨૩ જુલાઈએ સોશિયલ મીડિયા પર આની માહિતી આપી હતી. તેમણે એક પોસ્ટ શેર કરતા કહ્યું હતું કે દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું હતું કે પેપર લીકને લગતા તમામ કેસોમાં દોષિતોને વહેલી તકે સખત સજા આપવા માટે, કેસના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે. ■

### જામનગરમાં આયુર્વેદના

કરવામાં આવી હતી. મળતી વિગત પ્રમાણે પ્રશ્ન પત્રમાં પૂછવામાં આવેલા ૧૨ માંથી ૧૧ સવાલ વાયરલ પેપરમાં મળ્યા હતા. જે બાદ તપાસ શરૂ કરવામાં આવી છે. ૨૦ જુલાઈના રોજ યુનિવર્સિટી તરફથી સ્કવોડની જવાબદારી આપવામાં આવ્યા બાદ બપોરે કોલેજમાં તપાસ માટે ગયા ત્યારે ત્યાંના એક ફેકલ્ટીએ ધ્યાન દોર્યું કે પરીક્ષાના પ્રશ્નોની કેટલીક વિગતો વોટ્સએપ પર વાયરલ થઈ હોવાનું ધ્યાન દોર્યું હતું. આ ઉપરાંત સૂત્રોએ ઉમેર્યું કે આને અમારા તરફથી વેરિફાય કરવાનું છે. પ્રથમ નજરે એવું લાગે છે કે ક્વેશ્ચન પેપરમાં આપવામાં આવેલા કુલ ૧૨ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નો વાયરલ થયેલા પ્રશ્નોમાંથી જ પૂછવામાં આવ્યા હતા. જોકે, આ અંગે વધુ વિસ્તૃત અને ટેકનિકલ માહિતી સબ્જેક્ટ એક્સપર્ટની સાથે-સાથે યુનિવર્સિટી પણ આપશે. શલ્ય તંત્ર-૧નું પ્રશ્નપત્ર વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા માધ્યમોમાં ફરતું હોવાના આક્ષેપ સાથે યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. જામનગર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આવેદનમાં જણાવાયું છે કે પરીક્ષા પૂર્વે પ્રશ્નપત્ર સોશિયલ મીડિયા પર ફરતું હોવાથી સમગ્ર પરીક્ષા પ્રક્રિયાની પારદર્શિતા અને વિશ્વસનીયતા અંગે ગંભીર શંકા ઊભી થઈ છે. આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરી, જો પ્રશ્નપત્ર લીક થયું હોવાનું સામે આવે તો જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમ જ વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ■

### અમેરિકા અને ઈરાને

હાલમાં બંન્ને દેશોએ એકબીજા પર હુમલાઓ અટકાવી દીધા છે. નોંધનીય છે કે અમેરિકા કે ઇરાન બંન્નેએ સતત ત્રણ દિવસ સુધી એકબીજા પર કોઈ હુમલાઓ કર્યા નથી. લગભગ બે અઠવાડિયા સુધી સતત બોમ્બમારા પછી યુદ્ધ ભયાનક થાય તેવી આશંકા વધી ગઈ હતી. નામ ન આપવાની શરતે અધિકારીઓએ કહ્યું હતું કે કતાર અને પાકિસ્તાનના નેતૃત્વ હેઠળના મધ્યસ્થીઓ અમેરિકા અને ઇરાન વચ્ચેના અંતરને દૂર કરવા માટે કામ કરી રહ્યા છે. ■

### ધ્રાંગધ્રા પાસે

કારમાંથી તમામ વસ્તુઓ પણ સલામત રીતે બહાર કાઢી હકાભાને સોંપી હતી. અકસ્માત બાદ હકામા ગઢવીએ જણાવ્યું કે હું સંપૂર્ણ સ્વસ્થ છું. કોઈ ગંભીર ઈજા નથી. માત્ર મુંઢમાર જેવી ઈજાઓ છે. સ્થાનિક લોકોએ લોકોએ સમયસર બચાવી લીધો તેના માટે તેમનો આભાર માનું છું. ■

### સૌરાષ્ટ્રના માત્ર

નથી નોંધાયો. આંકડા પર નજર કરવામાં આવે તો જૂનાગઢમાં ૫૧.૭૪ ટકા, ગીર સોમનાથમાં ૪૩.૯૨ ટકા, ભાવનગરમાં ૫૨.૭૩ ટકા, બોટાદમાં ૫૧.૪૩ ટકા, સુરેન્દ્રનગરમાં ૫૪.૧૯ ટકા, રાજકોટમાં ૩૬.૯૨ ટકા, મોરબીમાં ૪૫.૬ ટકા, જામનગરમાં ૨૧.૧૯ ટકા, પોરબંદરમાં ૧૫.૮૮ ટકા, કચ્છમાં ૧૯.૦૫ ટકા અને દેવભૂમિ દ્વારકામાં માત્ર ૪.૧૯ ટકા જ સિઝનનો વરસાદ નોંધાયો છે.સરદાર સરોવર નર્મદા ડેમ તેની સંગ્રહ ક્ષમતાના ૬૯.૨૭ ટકા ભરાયેલો છે. જ્યારે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૪૫.૫૬ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૨૧ ડેમ હાઈ એલર્ટ, ૫ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં કુલ ૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, જ્યારે ૨૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૯ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, અને ૫૪ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. રાજ્યના ૮૫ ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે. ■

# દક્ષિણ ગુજરાતમાં આફત બાદ રાહતઃ નવસારી-વલસાડમાં કરોડોની સહાય ચૂકવાઈ, હેરિટેજ ટ્રેનનો ટ્રેક ધોવાયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં ગયા અઠવાડિયે ખાબકેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ જનજીવનને ખૂબ જ પ્રભાવિત કર્યું છે. હવે વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે રાહત કામગીરી આદરી દેવામાં આવી છે. નવસારી જિલ્લામાં અંદાજિત ૩૬,૦૦૦ અસરગ્રસ્ત કુટુંબોને રૂ. ૬.૫૦ કરોડથી વધુની રોકડ સહાય ચૂકવવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું હતું, તથા ઘરવખરી, મકાન નુકશાની અને પશુ મૃત્યુ સહાય અંગેનો સર્વે વહીવટી તંત્ર દ્વારા ઝડપથી પૂર્ણ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ, વલસાડમાં પણ વરસાદથી વ્યાપક નુકસાન થયું છે, જ્યાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી નુકસાન પેટે રૂ. ૧ કરોડથી વધુની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, વલસાડમાં પૂરના કારણે જીવ ગુમાવનાર ૪ મૃતકોના પરિવારજનોને રૂ. ૧૬ લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે.

ભારે વરસાદના કારણે ખોરવાયેલા વાહનવ્યવહારને પૂર્વવત્? કરવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્વરિત કામગીરી કરવામાં આવી રહી છે. ડાંગ જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદથી અનેક ગ્રામ્ય માર્ગો, કોઝવે, પુલ અને સાઇડ ડ્રેનોને નુકસાન થયું હતું. ભૂસ્ખલનના કારણે રસ્તાઓ પર પડેલા મોટા પથ્થરો, માટી અને વૃક્ષોની ડાળીઓને કારણે ખોરવાયેલા વાહનવ્યવહારને ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગે યુદ્ધના ધોરણે હટાવી માર્ગો પુનસ્થાપિત કર્યા છે. તેવી જ રીતે, નર્મદા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક દુરસ્તીકરણ હાથ ધરાયું હતું. જેમાં સાગબારા-મહુપાડા નર્મિાણાધીન પુલના ડાયવર્ઝન કોઝવેનું સમારકામ કરી વાહનવ્યવહાર ફરીથી શરૂ કરવામાં આવ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં આવેલા પૂરના કારણે માર્ગોની સાથે સાથે રેલવે વ્યવહારને પણ મોટું નુકસાન પહોંચ્યું હતું. પૂરના કારણે હેરિટેજ ટ્રેનના ટ્રેક ધોવાઈ ગયા હતા. આ વ્યાપક નુકસાનને પગલે સુરક્ષાના કારણોસર આ હેરિટેજ ટ્રેનને અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવી હતી. આદિવાસી વિસ્તારો માટે અત્યંત મહત્વપૂર્ણ એવા આ રેલવે ટ્રેકનું ધોવાણ થતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા હતા, ત્યારે હાલમાં રેલવે તંત્ર સમક્ષ આ ક્ષતિગ્રસ્ત ટ્રેકનું વહેલીતકે પુનર્નિમાણ કરવું એ એક મોટો પડકાર બની ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમદાવાદ ગ્રામ્યમાં મેઘતાંડવ

## પ્રધાનોએ લીધી મુલાકાત, વણિતળાવ બન્યું બેટ!



ટાપુમાં ફેરવાયેલા વણિતળાવ -ધીંગડા ગામમાં પોલીસ-એનડીઆરએફનું મેગા રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે પૂર જેવી ગંભીર પરિસ્થિતિનું નર્મિાણ થયું હતું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ શિક્ષણ પ્રધાન ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્ય પ્રધાન સંજયસિંહ મહીડા સહિતના અધિકારીઓએ સાણંદ અને બાવળા તાલુકાના વિવિધ પાણીગ્રસ્ત વિસ્તારોની સ્થળ-મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી. બીજી તરફ, બાવળા તાલુકાના ધીંગડા ગામે જળબંબાકારની સ્થિતિ સર્જાતા બગોદરા પોલીસ, સ્થાનિક વહીવટી તંત્ર અને એનડીઆરએફની ટીમ દ્વારા ૬૨ જેટલા નાગરિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને તેઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ભોગાવો નદીમાં પૂરની સ્થિતિ સર્જાતા ધોલેરા તાલુકાના વણિતળાવ ગામમાં ઉપરવાસમાંથી પાણીની ભારે આવક થઈ હતી. નદી બે કાંઠે વહેવા લાગતા વણિતળાવ ગામ આસપાસના વિસ્તારોથી સંપર્કવિહોણું બનીને સંપૂર્ણપણે ટાપુમાં ફેરવાયું હતું. આ વિકટ પરિસ્થિતિને પગલે નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ધોલેરા પોલીસ, જિલ્લા પ્રશાસન અને એનડીઆરએફ દ્વારા યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ગામમાં ફસાયેલા લોકોને તાત્કાલિક અસરથી સલામત સ્થળે ખસેડવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ધોલેરા તાલુકાના પીપળી ગામમાં ભારે વરસાદના કારણે ફસાયેલા કુલ ૫૮ લોકોનો એનડીઆરએફની ટીમે બચાવ કર્યો હતો. અતિભારે વરસાદ દરમિયાન ધંધુકા તાલુકાના ફેદરા ઓપી વિસ્તારમાં આવેલી ગ્રીનટેક રેસિડેન્સી કંપની ખાતે પણ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ધંધુકા પોલીસ અને ફેદરા ઓપીના સ્ટાફે તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસે સતર્કતા દાખવીને ત્યાં ફસાયેલા મહેમાનો તથા મજૂરોને સહીસલામત રીતે રેસ્ક્યુ કરી લીધા હતા. આ સમગ્ર બચાવ કામગીરીમાં કોઈ જાનહાનિ થઈ નથી અને હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાથી પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. પૂરની સ્થિતિને પગલે ભોગાવો નદીના ધસમસતા પાણી રસ્તાઓ પર ફરી વળતાં આનંદપુર અને બુરાનપુર ગામ તરફ જતો એપ્રોચ રોડ સુરક્ષાના કારણોસર વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. કોઈ નાગરિક જોખમજનક રીતે પાણીમાંથી પસાર ન થાય તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ બંધ કરાયેલા માર્ગોનો ઉપયોગ ન કરે, નદી કે પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનો પ્રયાસ ટાળે અને માત્ર સત્તાવાર માહિતી પર વિશ્વાસ રાખી વહીવટી તંત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે. ■

# અતિવૃષ્ટિ નિર્ણયથી પ્રભાવિત વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારનો મહત્ત્વનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરના કારણે ઘણા વિસ્તારોમાં ઘરો અને શાળાઓમાં પાણી ભરાઈ ગયાં હતાં.

આ કારણે ઘણા વિદ્યાર્થીઓના અભ્યાસના પુસ્તકો પલળી ગયા હતા અથવા ખરાબ થઈ ગયા છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ અટકે નહીં તે માટે રાજ્ય સરકારે એક મોટો નર્ણિય લીધો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા જે વિદ્યાર્થીઓના પુસ્તકો પૂરના પાણીમાં પલળી ગયા છે, તેમને તાત્કાલિક નવાં પુસ્તકો મફતમાં આપવામાં આવશે.

મળતી વિગત પ્રમાણે, અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારોની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને આ લાભ મળશે. શાળાઓ સુધી પુસ્તકો વહેલી તકે પહોંચાડી શકાય તે માટે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને નુકસાન પામેલા પુસ્તકોની વિગતો મેળવીને ઝડપથી યાદી મોકલવા આદેશ અપાયો હતો. જ વિદ્યાર્થીઓના પુસ્તકો પલળી ગયાં હોય કે ખરાબ થઈ ગયાં હોય તેમણે તાત્કાલિક શાળા અથવા જિલ્લા શિક્ષણ અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના અનેક જિલ્લાઓમાં પડેલા ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિનું નર્મિાણ થયું હતું. ઘણી જગ્યાએ ઘરોથી લઈને શાળાઓમાં પાણી ભરાયા હતા. રાજ્યમાં ઘણી શાળાઓમાં પાણી ભરાવાને કારણે બાળકોના પાઠ્યપુસ્તકો પલળી ગયા હતા. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નર્ણિય કર્યો હતો. અતિવૃષ્ટિના કારણે જે ઘરોમાં તથા શાળાઓમાં પાણી ભરાવાથી બાળકોના પાઠ્યપુસ્તકો પલળી ગયા હતા કે નુકસાન પામ્યા હતા તેવા તમામ બાળકોને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ત્વરિત ધોરણે નવા પાઠ્યપુસ્તકો આપવામાં આવશે.

શિક્ષણ પ્રધાન ડૉ.પ્રદ્યુમન વાજા તેમજ શિક્ષણ રાજ્ય પ્રધાન રીવાબા જાડેજાના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આ મહત્વનો નર્ણિય લેવામાં આવ્યો હતો. આ વિશિષ્ટ આયોજન પાછળનો મુખ્ય હેતુ અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારોના ગરીબ અને સામાન્ય પરિવારના બાળકોનું શિક્ષણ અટકે નહીં અને તેમનો અભ્યાસ સતત ચાલુ રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે અતિવૃષ્ટિથી પ્રભાવિત તમામ વિસ્તારોની સરકારી તેમજ ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

તમામ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને અતિવૃષ્ટિના કારણે નુકસાન પામેલા પાઠ્યપુસ્તકોની સચોટ વિગતો મેળવીને સત્વરે પાઠ્યપુસ્તક મંડળને મોકલી આપવા જણાવવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાએથી માંગણી પત્રક મળતાની સાથે જ મંડળ દ્વારા વિનામૂલ્યે પાઠયપુસ્તકોનો જથ્થો પ્રભાવિત શાળાઓ સુધી ઝડપથી પહોંચાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. ■

# ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશન સુતરાઉ વણાટ કળાની થીમ પર તૈયાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ ભરૂચના દહેજ બાયપાસ રોડ પર નર્મિાણાધીન ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશન એક આધુનિક અને સુવિધાયુક્ત સ્ટેશન તરીકે આકાર લઈ રહ્યું છે. આ સ્ટેશનની બાહ્ય રચના અને ડિઝાઇન ભરૂચની પરંપરાગત સૂતરાઉ વણાટ કળાથી પ્રેરિત છે. મુસાફરોની સગવડતા માટે અહીં વેઇટિંગ લાઉન્જ, નર્સરી, શૌચાલય અને રિટેલ આઉટલેટ્સ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત, સ્ટેશનની બહાર કાર, બસ, ઓટો અને દ્વિચક્રી વાહનો માટે પેસેન્જર પિક-અપ અને ડ્રોપ-ઓફ, વિશાળ પાર્કિંગ તેમજ પદયાત્રીઓ માટે વિશેષ પ્લાઝા વિસ્તાર પણ વિકસાવવામાં આવી રહ્યો છે. મુસાફરોને બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચવામાં સરળતા રહે તે માટે તેને સીધું રાજ્ય ધોરીમાર્ગ-૬ ભરૂચ-દહેજ હાઇવે સાથે જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત, મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે પણ અહીંથી માત્ર ૪ કિલોમીટરના અંતરે આવેલો છે, જ્યારે મુખ્ય ભરૂચ રેલવે સ્ટેશન અહીંથી અંદાજે ૭ કિલોમીટર દૂર છે. હાલમાં ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશનના નર્મિાણ કાર્યમાં આકર્ષક ફસાડનું નર્મિાણ અને પ્લેટફોર્મ ફ્લોરિંગ સહિતની ઝીણવટભરી કામગીરીઓ ઝડપભેર ચાલી રહી છે. આ કામગીરી પૂર્ણ થતાં જ ભરૂચને એક વર્લ્ડ ક્લાસ બુલેટ ટ્રેન સ્ટેશનની ભેટ મળશે તેવી આશા સરકારે વ્યક્ત કરી હતી. ■

# સાયબર ક્રાઈમ સામે ગુજરાતમાં 'ઈ-ઝીરો એફઆઈઆર' સિસ્ટમ લોન્ચ

## હવે ઘરે બેઠા જ નોંધાવી શકાશે ફરિયાદ; પ્રથમ કેસમાં જ રૂ. ૧૫.૭૬ લાખ બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડના કિસ્સાઓમાં ભોગ બનેલા નાગરિકોને ત્વરિત ન્યાય અપાવવા અને નાણાકીય નુકસાન અટકાવવાની તકો વધારવાના હેતુથી ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ પહેલ કરી છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ગાંધીનગરથી 'સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ ઇ-ઝીરો એફઆઈઆર' સેવાનો સત્તાવાર પ્રારંભ કરાવ્યો હતો. આ નવી વ્યવસ્થા હેઠળ, નાગરિકોએ હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર નોંધાતી ફરિયાદોના આધારે આપોઆપ 'ઈ-ઝીરો એફઆઈઆર' જનરેટ થશે, જે ઈલેક્ટ્રોનિક માધ્યમથી તુરંત જ સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના સહયોગથી શરૂ કરાયેલી આ વ્યવસ્થાથી તપાસની પ્રાથમિક પ્રક્રિયામાં થતો વિલંબ અટકાવી શકાશે. આ લોન્ચિંગ પ્રસંગે સંઘવીએ જણાવ્યું હતું કે, પીડિતો પોતાના ઘરે બેઠા જ ફરિયાદ નોંધાવી શકશે, જેથી સમયસર કાર્યવાહી કરીને ઠગાઈની રકમ બચાવવાની શક્યતા વધી જશે. રાજ્યના પોલીસ મહાનર્દિશક જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે તમામ પોલીસ યુનિટોને આવી ફરિયાદો પ્રત્યે સંવેદનશીલતા અને ગંભીરતા દાખવી ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપી હતી. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના વડા અને આઈજીપી બિપિન આહિરે સ્પષ્ટ કર્યું હતું કે ૧૯૩૦ પરથી જનરેટ થયેલી ઈ-ઝીરો એફઆઈઆર મળ્યા બાદ પોલીસ અધિકારીઓ સામેથી ફરિયાદીનો સંપર્ક કરશે, જરૂરી વિગતો મેળવી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તાત્કાલિક તપાસ હાથ ધરશે. આ નવી સિસ્ટમનો અમલ શરૂ થતાં જ તેનો પ્રથમ સફળ કેસ અમદાવાદમાં નોંધાયો હતો, જ્યાં 'ડિજિટલ એરેસ્ટ'ના નામે સાયબર ફ્રોડનો શિકાર બનેલા એક નાગરિકે રાજ્યની પ્રથમ ઇ-એફઆઈઆર નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ ડિપાર્ટમેન્ટે ત્વરિત કાર્યવાહી કરીને રૂ. ૧૫.૭૬ લાખથી વધુની રકમ ઠગોના હાથમાં જતાં બચાવી લીધી હતી. ■

# ગુજરાતમાં એસટીના ૧૨૭ રૂટ હજુય શરૂ ન થતા મુસાફરોને ભારે હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પડેલા ભારે વરસાદની સ્થિતિએ રાજ્યના જનજીવનની સાથે વાહન વ્યવહાર અને પરિવહન સેવા પર પણ અસર પહોંચાડી હતી. વરસાદ અને પૂરને કારણે અનેક માર્ગો પ્રભાવિત થયા હતા, જેની અસર જાહેર પરિવહન પર પણ પડી હતી. રાજ્યમાં ચોમાસાની સિઝન દરમિયાન ભારે વરસાદ અને રસ્તાઓની વિકટ પરિસ્થિતિના કારણે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ગુજરાત એસટી) ની એસ.ટી. બસ સેવાઓ વ્યાપકપણે પ્રભાવિત થઈ છે. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, રાજ્યભરમાં કુલ ૧૭૬ રૂટ પરની ૬૫૭ ટ્રીપો બંધ કરવાની ફરજ પડી હતી, જેમાં અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં સૌથી વધુ અસર જોવા મળી હતી. અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૭૬ રૂટની ૪૮૧ ટ્રીપો રદ થઈ હતી, જેમાંથી હજુ પણ ૭૪ રૂટ પરની ૪૬૦ ટ્રીપો પુનશરૂ થવાની બાકી છે. તેવી જ રીતે મહેસાણા જિલ્લામાં ૧૮ રૂટની ૨૪ ટ્રીપો પ્રભાવિત થઈ છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૨૫ રૂટ અને કચ્છમાં ૧૧ રૂટ બંધ કરવામાં આવ્યા હતા. ઉત્તર અને મધ્ય ગુજરાત ઉપરાંત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ કેટલીક જગ્યાએ એસ.ટી. વાહનવ્યવહાર ખોરવાયો છે. જેમાં ભરૂચ જિલ્લામાં ૩ રૂટની ૧૮ ટ્રીપ તથા છોટાઉદેપુરમાં ૨ રૂટ બંધ રહ્યા છે. આ ઉપરાંત આણંદ અને ખેડા જિલ્લામાં પણ ૩-૩ રૂટ પર બસ વ્યવહાર અટકાવવો પડ્યો હતો. સમગ્ર રાજ્યમાં તંત્ર દ્વારા સ્થિતિ સુધારવાના પ્રયાસો વચ્ચે ૪૯ રૂટ પર બસ સેવા પૂર્વવત કરવામાં સફળતા મળી છે, પરંતુ હજી પણ ૧૨૭ રૂટની ૫૬૬ ટ્રીપો ચાલુ થવાની બાકી છે. બસ સેવાઓ બંધ રહેવાના કારણે એસ.ટી. નિગમને રૂ. ૧૩.૧૯ લાખથી વધુની આવક ગુમાવવાનો વારો આવ્યો છે, તો બીજી તરફ મુસાફરો અને વિદ્યાર્થીઓ હેરાન થઈ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજ્યભરમાં કુલ ૨૨૨ પ્રભાવિત રસ્તાઓમાંથી અત્યારની સ્થિતિએ ૨૨ માર્ગો ચાલુ કરવામાં આવ્યા છે, પરંતુ હજુ પણ કુલ ૨૦૦ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ હાલતમાં છે. આ ૨૦૦ બંધ માર્ગોમાં સૌથી વધુ ૧૬૪ પંચાયત હસ્તકના માર્ગો, ૨૧ અન્ય માર્ગો, ૧૩ સ્ટેટ હાઇવે અને ૨ નેશનલ હાઇવેનો સમાવેશ થાય છે. રિપોર્ટ મુજબ, અગાઉના બંધ રસ્તાઓ ઉપરાંત અત્યારે નવા ૧૪ રસ્તાઓ પણ બંધ થવા પામ્યા છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો અમદાવાદ અને વલસાડ જિલ્લામાં સ્થિતિ વધુ વિકટ જોવા મળી છે. અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૪૨ રસ્તાઓ બંધ છે, જેમાં ૨૯ પંચાયત માર્ગો, ૭ સ્ટેટ હાઇવે, ૫ અન્ય માર્ગો અને ૧ નેશનલ હાઇવે સામેલ છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાં ૩૭ પંચાયત માર્ગો સહિત કુલ ૪૦ રસ્તાઓ અને નવસારીમાં ૧૯ પંચાયત માર્ગો બંધ છે. આ સિવાય સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં ૨૩ રસ્તાઓ બંધ છે, જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતના પાટણમાં ૧૬ અને ખેડા જિલ્લામાં ૧૨ રસ્તાઓ બંધ હોવાથી ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક ખોરવાયો હોવાનો અંદાજ છે. ■

# ગુજરાત સરકારે શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પૉલિસી-૨૦૨૬ લોન્ચ કરી, દેશના શિપ બિલ્ડિંગ સેક્ટરને મળશે નવી દિશા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશના શિપ બિલ્ડિંગ સેક્ટરને નવી દિશા આપનારી મહત્વાકાંક્ષી ''ગુજરાત બિલ્ડીંગ એન્ડ રિપેર પોલિસી-૨૦૨૬''નું ગાંધીનગરમાં સોમવારે વિધિવત લોન્ચિંગ કર્યું હતું.

દેશમાં સૌથી વધુ ૨૩૪૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાતમાં વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ, અદ્યતન ટેકનોલોજી, સસ્ટેબલ ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડલી પોલિસીઝના આધારે ગુજરાતને દેશના અગ્રણી શિપ બિલ્ડીંગ અને રિપેર સેન્ટર તરીકે આ પોલીસી પ્રસ્થાપિત કરશે.

વડા પ્રધાન નરેન્દ્રમોદીએ આત્મનર્ભિર ભારતનું જે વિઝન આપ્યું છે તેને ગુજરાત આ મહત્વાકાંક્ષી પોલિસીથી સાકાર કરશે. એટલું જ નહીં, આ પોલીસી ભારત સરકારની શિપ બિલ્ડિંગ ફાઇનાન્સિયલ એસસીસ્ટન્ટ સ્કીમ-૨૦૨૫ અને મેરીટાઇમ વિઝન ૨૦૪૭ તેમજ આત્મનર્ભિર ભારતના વ્યાપક લક્ષ્ય સાથે સુસંગત છે.

રાજ્યનું વિકસિત બંદર માળખું, મજબૂત ઔદ્યોગિક પરિસ્થિતિ અને સમૃદ્ધ દરિયાઈ વારસો એ આ નીતિના મુખ્ય આધારસ્તંભો છે. આ નીતિ અન્વયે મુખ્ય સ્તંભો પર આધારિત બહુઆયામી વિકાસ વ્યૂહરચના અપનાવવામાં આવશે જેમા શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનો વિકાસ, કૌશલ્ય વિકાસ અને ક્ષમતાવર્ધન, ટકાઉ અને ગ્રીન શિપયાર્ડ્સને પ્રોત્સાહન, શિપયાર્ડ્સને સ્માર્ટ શિપયાર્ડ્સમાં રૂપાંતરિત કરવું તથા શિપબિલ્ડિંગ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ અને આર એન્ડ ડીને પ્રોત્સાહન નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોન્ચ કરેલી આ નીતિનું એક મહત્વપૂર્ણ આકર્ષણ ઇન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્કનો વિકાસ છે. આ પાર્કને વિશ્વસ્તરીય દરિયાઈ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ તરીકે વિકસાવવામાં આવશે, તેમાં આધુનિક માળખાકીય સુવિધાઓ, મરીન ઇક્વિપમેન્ટ ક્લસ્ટર્સ, પરીક્ષણ સુવિધાઓ, લોજિસ્ટિક્સ સપોર્ટ, કેન્દ્રો અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓનો પણ સમાવેશ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે પોરબંદર જિલ્લાના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટરને મંજૂરી આપી છે. આ અંગેના ડીપીઆર પણ મેરિટાઈમ બોર્ડ દ્વારા બનાવવામાં આવી રહ્યા છે જે પૂર્ણ થતાં પ્રોજેક્ટ અમલીકરણમાં વેગ આવશે. આ ક્લસ્ટરમાં બે થી ત્રણ વિશ્વસ્તરીય શિપયાર્ડ્સ અને સહાયક ઉદ્યોગોનું મજબૂત નેટવર્ક વિકસાવવામાં આવશે. આ શિપયાર્ડ્સના વિકાસથી પણ અંદાજે રૂ. ૨૩,૭૦૦ કરોડનું ખાનગી રોકાણ આકર્ષિત થવાની સંભાવના છે.

આ વિશાળ ઔદ્યોગિક ઇકોસિસ્ટમને બળ આપવા માટે આશરે રૂ.૩,૩૦૦ કરોડની સામાન્ય મરીન અને જમીન આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવાશે. આ હેતુસર ભારત સરકારની એસબીડીએસ યોજના તથા ગુજરાત સરકાર દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ સુવિધાઓમાં બ્રેકવોટર્સ, ફ્લોટિંગ ક્રેન્સ, હેવી લિફ્ટ શિપસ, ડ્રેજિંગ, હાર્બર બેસિન વિકાસ, નેવિગેશન ચેનલો, રસ્તાઓ, વીજળી, પાણી પુરવઠો અને અન્ય સંયુક્ત ઉપયોગની સુવિધાઓનો સમાવેશ કરાશે.

આ સમગ્ર સંકલિત અભિગમને પરિણામે રોકાણકારો માટે માળખાકીય ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે તથા પ્રોજેક્ટ અમલીકરણ ઝડપી બનશે અને વૈશ્વિક શિપબિલ્ડિંગ તથા મેરિટાઇમ મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર તરીકે ગુજરાતની સ્પર્ધાત્મકતા વધશે. ■

# અમદાવાદના થાંભલા સાથે મોપેડ અથડાતા સગીરનું મોત, બહેન ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના રિવરફ્રન્ટ પર એક અકસ્માત સર્જાયો હતો, જેમાં પૂરપાટ ઝડપે જતું મોપેડ સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે અથડાતા સગીરનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. પાલડીના રહીશ કાવ્ય મહેતા (ઉ.વ. ૧૭) અને તેની બહેન જૈના (ઉ.વ. ૧૪) તેમની માતાની ઓફિસેથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન, રિવરફ્રન્ટ નજીક તેમનું મોપેડ થાંભલા સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને ભાઈ-બહેન જમીન પર પટકાયા હતા અને મોપેડ ૫૦ ફૂટ દૂર જઈને પડ્યું હતું. માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી કાવ્યનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે ઈજાગ્રસ્ત જૈનાને સારવાર અર્થે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ સમગ્ર ગોઝારી ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. અકસ્માત બાદ એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતક સગીરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે પરિવારજનોને આ દુખદ બનાવની જાણ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું. આ મામલે પોલીસ દ્વારા હવે કાયદાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું, ૧૨ કલાકમાં ૧૪૧ તાલુકામાં વરસાદ, લીમખેડામાં સૌથી વધુ બે ઇંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. સોમવારે સાંજે ૬ વાગે પૂરા થયેલા ૧૨ કલાકમાં રાજ્યના ૧૪૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. દાહોદના લીમખેડામાં સૌથી વધુ ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો. માત્ર એક જ તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૧૪ તાલુકામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ૧૨૬ તાલુકામાં એક ઇંચ સુધીનો વરસાદ પડ્યો હતો.

લીમખેડામાં ૨.૦૧ ઇંચ, મહેમદાવાદમાં ૧.૬૫ ઇંચ, અમીરગઢમાં ૧.૬૫ ઇંચ, દસક્રોઈમાં ૧.૫૪ ઇંચ, પાલનપુરમાં ૧.૫ ઇંચ, કઠલાલમાં ૧.૪૨ ઇંચ, ઠાસરામાં ૧.૪૨ ઇંચ, ધોલેરામાં ૧.૩૮ ઇંચ, ધોળકામાં ૧.૩ ઇંચ, ધંધુકામાં ૧.૨૬ ઇંચ, ચુડામાં ૧.૨૬ ઇંચ, ખંભાતમાં ૧.૧૮ ઇંચ, સાઠંબામાં ૧.૦૬ ઇંચ, બાયડમાં ૧.૦૬ ઇંચ, ડાંગમાં ૦.૯૪ ઇંચ, ડીસામાં ૦.૯૪ ઇંચ, કપરાડામાં ૦.૯૪ ઇંચ, ફાગવેલમાં ૦.૮૩ ઇંચ, અમદાવાદમાં ૦.૭૯ ઇંચ, બરવાળામાં ૦.૭૫ ઇંચ વરસાદ વરસ્યો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર મુજબ રાજ્યમાં સિઝનનો સરેરાશ ૫૪.૨૮ ટકા વરસાદ થયો છે.

કચ્છમાં ૧૯.૦૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૧.૨૫ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૫૨૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૭૫ અને દક્ષિણ ગુજરાતમાં ૭૭.૯૨ ટકા વરસાદ વરરસ્યો છે.

સરદાર સરોવર નર્મદા ડેમ તેની સંગ્રહ ક્ષમતાના ૬૯.૨૭ ટકા ભરાયેલો છે. જ્યારે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૪૫.૫૬ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૨૧ ડેમ હાઈ એલર્ટ, ૫ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં કુલ ૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, જ્યારે ૨૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૯ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, અને ૫૪ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. રાજ્યના ૮૫ ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે. ■

## સંસ્થા સમાચાર

### શ્રી ગુરુપૂર્ણિમા ઉત્સવ

આચાર્ય મુંબઈ ભગવાન શ્રી વેંકટેશજીની હાજરીમાં ભગવાન શ્રી પૂજન બુધવાર, ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ શ્રી વેંકટેશ દેવસ્થાન, ફણસવાડી, મુંબઈમાં ભ. ગાદી સ્વામી શ્રી શ્રીનિવાસચાર્યજી મહારાજ અને પ્ર. ભ. શ્રી અનંતાચાર્યજી મહારાજ (બાલક સ્વામીજી)ની પવિત્ર ઉપસ્થિતિમાં સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી ઊજવવામાં આવશે.

### બોરીવલીમાં ભવ્ય ચાતુર્માસ કાર્યક્રમ યોજાયો

બોરીવલી સ્થિત શ્રી સંભવનાથ જૈન દેરાસર પેઢી, જામલીગલી ખાતે પૂજ્ય મોહનપ્રતાપ ધર્મ પૂર્ણાનંદ કલાપૂર્ણ સૂરિ મ.સા.ના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી કેવલપૂર્ણ વિજયજી મ. સા., પૂ.સા. શ્રી વિરતિયશાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રી હેમજ્યોતિશ્રીજી મ. સા. સહિત થાણા-૮નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ યોજાયો હતો. એમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજસાહેબે પોતાની પાવન નિશ્રા પ્રદાન કરી હતી. આ પ્રસંગે ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુ ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

### અષાઢી એકાદશીની ભવ્ય ઉજવણી

શ્રી નાગરદાસ ધારસી ભુતા ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી નાગરદાસ ડી. ભુતા હાઈસ્કૂલ અંધેરીમાં ૨૪ જુલાઈ ૨૦૨૬ના રોજ અષાઢી એકાદશીના પાવન અવસરે ભગવાન વિઠ્ઠલ-રુકિમણી પૂજન તેમ જ ભવ્ય દિંડી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ પરંપરાગત નવવારી સાડી પહેરી માથે તુલસીના છોડ ધારણ કર્યા હતા, જ્યારે વિદ્યાર્થીઓ વારકરી વેશભૂજામાં સજ્જ થયા હતા. આ કાર્યક્રમ સૌના હૃદયમાં વિઠ્ઠલ ભક્તિના અવિસ્મરણીય સંસ્કારો અંકિત કરીને આનંદ અને ઉમંગના માહોલમાં સંપન્ન થયો હતો.

### કારગિલ વિજય દિવસ

લાયન્સ ક્લબ ઑફ મુલુંડ દ્વારા કારગિલ વિજય દિવસના ઉપલક્ષમાં એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને આ યુદ્ધમાં શહીદ થયેલાઓની વીર નારીઓને સન્માન પ્રતીક આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના જગાડવા અને એમના બૌદ્ધિક વિકાસ માટે 'શું યુદ્ધ વિવાદનો ઉકેલ છે?' વિષય પર એક વાદ-વિવાદ પ્રતિયોગીતાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. એમાં ગુજરાતી, મરાઠી, હિન્દી અને અંગ્રેજી શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને ટ્રોફી તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### વિદ્યાર્થીઓનું સન્માન

બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્રની જ્ઞાન વિહાર લાઇબ્રેરી દ્વારા મેડિકલ, સીએ, એન્જિનિયરિંગ વગેરે પરીક્ષામાં અનોખી સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બોરીવલી વેસ્ટમાં પ્રબોધન ઠાકરે સભાગૃહના સંકુલમાં આવેલી આ લાઇબ્રેરી વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને શાંત વાતાવરણમાં અભ્યાસ કરવાની અને વાંચનની સુવિધા પૂરી પાડે છે.

### કાંદિવલીમાં વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમ

રોટરી ક્લબ ઑફ મુંબઈ, કાંદિવલી વેસ્ટ દ્વારા રાઇઝ માઇન્ડ ફાઉન્ડેશન અને ઉદ્યમ ફાઉન્ડેશનના સહકારમાં કાંદિવલીની મધર ટેરેસા સ્કૂલના ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે એન્ટ્રપ્રેન્યોરશિપ માઇન્ડસેટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. પાંચ શાળામાં આઠ બેચમાં ડિસેમ્બર સુધી આવી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

# સાયબર ઠગોને મ્યુલ સિમ કાર્ડ્સ વેચનારા પીઓએસ ઑપરેટર વિરુદ્ધ ગુનો

મુંબઈઃ સિમ કાર્ડ ખરીદનારા ગ્રાહકોના દસ્તાવેજોનો દુરુપયોગ કરી પ્રાપ્ત કરાયેલાં મ્યુલ સિમ કાર્ડ્સ સાયબર ફ્રોડ સાથે સંકળાયેલી ટોળકીને વેચનારા પૉઈન્ટ ઑફ સેલ (પીઓએસ) ઑપરેટર વિરુદ્ધ સાયબર પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઘોસ્ટ સિમ તરીકે ઓળખાતાં આ મ્યુલ સિમ કાર્ડ્સનો ઉપયોગ સાયબર ફ્રોડમાં કરવામાં આવે છે. સાયબર ઠગોને આવાં સિમ કાર્ડ વેચનારા પ્રથમેશ ચોરટ વિશે વેસ્ટ રિજન સાયબર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૨(૨), ૩(૫), ૩૧૮(૪) અને ૩૧૯(૨) તેમ જ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. અધિકારીઓ પ્રથમેશની વધુ માહિતી મેળવી રહ્યા છે.

સાયબર ઠગો દ્વારા શૅર માર્કેટ ઈન્વેસ્ટમેન્ટ, ડિજિટલ અરેસ્ટ, ટાસ્ક ફ્રોડ સહિત વિવિધ માર્ગે લાલચ આપી અથવા ધમકાવીને નાગરિકો પાસેથી નાણાં પડાવતાં હોય છે. આ માટે મ્યુલ બૅન્ક ખાતાં અને મ્યુલ સિમ કાર્ડ્સનો ઉપયોગ કરવામાં આવે છે. આવાં ખાતાં અથવા સિમ કાર્ડ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ વ્યક્તિની જાણબહાર તેના દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાયેલાં બૅન્ક ખાતાં અને સિમ કાર્ડની માહિતી નૅશનલ સાયબર રિપોર્ટિંગ પ્લૅટફૉર્મ (એનસીઆરપી) પર મૂકવામાં આવે છે. તેની તપાસ દરમિયાન અધિકારીઓને જાણ થઈ હતી કે સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાયેલાં સિમ કાર્ડ પીઓએસ ઑપરેટર પ્રથમેશ ચોરટે પ્રાપ્ત કરીને ઠગ ટોળકીને વેચ્યાં હતાં.

કહેવાય છે કે પ્રથમેશે જાન્યુઆરી, ૨૦૨૫થી મે, ૨૦૨૬ દરમિયાન આ રીતે મ્યુલ સિમ કાર્ડ્સ મેળવીને વેચ્યાં હતાં. સાયબર પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# પાલઘરમાં પૂરની આફતથી ૧૭૦ કરોડ રૂપિયાનું નુકસાન

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે અંદાજે રૂ.૧૭૦ કરોડનું નુકસાન થયું હોવાની માહિતી જિલ્લા પ્રશાસને આપી હતી. આ નુકસાનમાં માત્ર જાહેર બાંધકામ વિભાગ હેઠળના રસ્તા, પુલ અને અન્ય માળખાકીય સુવિધાઓને ૧૪૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

જુલાઈના પ્રથમ સપ્તાહમાં જિલ્લામાં પૂરના કારણે ૨૦ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૨૨થી ૨૪ જુલાઈ દરમિયાન પડેલા ભારે વરસાદમાં વધુ ત્રણ લોકોનાં મોત નોંધાયાં હતાં.

ભારે વરસાદને કારણે ખાસ કરીને વસઈ-વિરાર વિસ્તાર, પાલઘર, કેલવે અને સફાળેમાં વ્યાપક પૂર આવ્યું હતું. હજારો મકાનો, ઘરવખરી, અનાજ અને પશુધનને નુકસાન થયું છે. જિલ્લા કલેક્ટર તથા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટીના અધ્યક્ષ ઈન્દુરાણી જાખડના માર્ગદર્શન હેઠળ નુકસાનના પંચનામા અને અસરગ્રસ્તોને આર્થિક સહાય આપવાની કામગીરી ઝડપી બનાવવામાં આવી છે. પ્રથમ તબક્કાના વરસાદમાં મૃત્યુ પામેલા લોકોના ૧૨ પાત્ર કાનૂની વારસદારોને અત્યાર સુધીમાં ૪૮ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

ઓથોરિટીના જણાવ્યા અનુસાર, પૂરથી અસરગ્રસ્ત ૧૫,૪૭૨ પાત્ર પરિવારોમાંથી ૭,૪૬૯ પરિવારોને અત્યાર સુધીમાં ૩,૬૬,૩૧,૫૭૫ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. મકાનોને થયેલા નુકસાન માટે ૨૪,૯૫,૦૫૦ રૂપિયાની અને સંપૂર્ણપણે નાશ પામેલા ૨૩ મકાનો માટે ૨.૨૩ લાખ રૂપિયાની મદદ આપવામાં આવી છે. આ ઉપરાંત અંશતઃ તૂટી પડેલા પાકા મકાનો માટે ૧૯,૨૭,૩૭૦ રૂપિયાની અને કાચા મકાનો માટે ૨.૭૦ લાખ રૂપિયાનું વિતરણ કરાયું છે. ૨૨થી ૨૪ જુલાઈ દરમિયાન પાલઘર, તલાસરી અને ડહાણુ તાલુકામાં ૭,૫૦૩ મકાનોમાં પાણી ઘૂસી ગયું હતું, જ્યારે ૬૯૦ મકાનોને નુકસાન થયાના કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૩,૪૫૦ પૂર સંબંધિત અને ૨૬ માળખાકીય નુકસાનના પંચનામા પૂર્ણ કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન પશુધનના ૫૦૪ નુકસાનના કેસ નોંધાયા છે. પ્રથમ તબક્કાના વરસાદમાં પશુધનના નુકસાન બદલ ૩.૨૨ લાખ રૂપિયાની મદદ ચૂકવવામાં આવી છે. પૂરથી વિસ્થાપિત થયેલા હજારો પરિવારોને મદદરૂપ થવા માટે જિલ્લા વહીવટીતંત્ર ઉપરાંત વિવિધ કોર્પોરેટ જૂથો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ખાદ્યસામગ્રી, કપડાં, ચાદર અને અન્ય જીવનજરૂરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# મહિલાએ ફેરવી તોળતાં કોર્ટે બળાત્કારના કેસમાં યુવકને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ મહિલાએ ફેરવી તોળતાં અને કોર્ટની બહાર સમાધાનની તૈયારી દર્શાવ્યા બાદ થાણે કોર્ટે બળાત્કાર અને બ્લૅકમેઇલિંગના આરોપનો સામનો કરી રહેલા ૨૨ વર્ષના યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો. વિશેષ કોર્ટનાં જજ ડૉ. અનિતા એસ. નેવસેએ ૨૧ જુલાઇએ આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ આરોપીનો દોષ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો છે.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે મીરા રોડમાં રહેતા આરોપીએ ઑગસ્ટ, ૨૦૧૫થી જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન તેના નિવાસસ્થાને પીડિતાને ઘેનયુક્ત પીણું આપ્યું હતું, જેને કારણે તે બેભાન થઇ ગયા બાદ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. તેણે મોબાઇલમાં આ કૃત્યનો વીડિયો ઉતાર્યો હતો અને તેને બ્લૅકમેઇલ કરવા લાગ્યો હતો. ઉપરાંત આ મામલાની કોઇને જાણ કરતાં વીડિયો વાયરલ કરવાની તે ધમકી આપતો હતો.

દરમિયાન ૨૬ માર્ચે આ પ્રકરણે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ટ્રાયલ દરમિયાન તપાસકર્તા પક્ષે બે સાક્ષીદારને તપાસ્યા હતા, જેમાં પીડિતા અને તપાસ અધિકારીનો સમાવેશ હતો.

જોકે પીડિતાએ પોતાના નિવેદનથી ફેરવી તોળ્યું હતું અને જુબાની આપી હતી કે ઘટનાને ૧૧ વર્ષ વીતી ગયા છે અને તેને વિગતો યાદ નથી.

કોર્ટે નોંધ્યું હતું કે કાયદો માત્ર પીડિતાની જુબાનીને આધારે દોષિત ઠેરવવાની મંજૂરી આપે છે, જો તે વિશ્વસનીય હોય તો. આ કેસમાં ટેકો આપતા પુરાવાના અભાવે દોષિત ઠેરવવા માટે કોઇ આધાર છોડ્યો નથી.

કોર્ટે નોંધ્યું હતું કે પીડિતાએ એ હકીકતનો ઇનકાર કર્યો હતો કે આરોપીએ તેને નશીલો પદાર્થ આપ્યો હતો અને તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આનાથી વિપરીત તેણે સ્વીકાર્યું છે કે તેની અને આરોપી વચ્ચે કોર્ટની બહાર સમાધાન થયું છે અને તેની આરોપી વિરુદ્ધ કોઇ ફરિયાદ નથી. (પીટીઆઇ)■

# દારૂના નશામાં ચૂર યુવાને કોન્સ્ટેબલને લાકડીથી ફટકાર્યા પછી છરીથી હુમલો કર્યો

થાણેઃ મહિલાના મદદ માટેના કૉલ પછી પહોંચેલા પોલીસ કોન્સ્ટેબલને દારૂના નશામાં ચૂર યુવાને લાકડીથી ફટકાર્યો હોવાની ઘટના કલ્યાણમાં બની હતી. યુવાને કોન્સ્ટેબલ પર છરીથી પણ હુમલો કર્યો હતો, પરંતુ સમયસર નીચે બેસી જતાં કોન્સ્ટેબલ બચી ગયો હતો.

કોન્સ્ટેબલની મારપીટની ઘટના શનિવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ કલ્યાણ પશ્ચિમમાં ગવરાઈ પાડા વિસ્તારમાં બની હતી. ઘટનાસ્થળે લાગેલા સીસીટીવી કૅમેરાના ફૂટેજમાં કોન્સ્ટેબલ ગણેશ ચવાણની મારપીટની ઘટના કેદ થઈ હતી. પછીથી એ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

એક મહિલાએ ખડકપાડા પોલીસ સ્ટેશનમાં કૉલ કરીને મદદ માગી હતી. શ્રી લક્ષ્મી બિલ્ડિંગમાં રહેતો સંબંધી રાહુલ રવીન્દ્ર તાયડે (૩૭) મહિલાના ઘરના દરવાજા પર લાકડી ફટકારી ધમકી આપતો હતો.

માહિતી મળતાં જ કોન્સ્ટેબલ ચવાણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તાયડેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. નશામાં ચૂર તાયડેએ લાકડીથી કોન્સ્ટેબલને ફટકાર્યો હતો.

# મુંબઈમાં ઈસ્ટર્ન ફ્રીવે અને અટલ સેતુ પર વધુ બેસ્ટ બસ રૂટની માગ

## ૧૫૦ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસની ડિલિવરી લંબાઈ

મુંબઈઃ મુંબઈના જાહેર પરિવહનને વધુ મજબૂત બનાવવા અને મુસાફરોને ઝડપી તથા સુવિધાજનક મુસાફરી પૂરી પાડવા માટે ઈસ્ટર્ન ફ્રીવે અને અટલ સેતુ પર બેસ્ટ બસ સેવાઓના વિસ્તરણની માગ કરવામાં આવી છે. બેસ્ટ સમિતિ અને મુસાફર પ્રતિનિધિ સંગઠન 'આપલી બેસ્ટ આપલ્યાસાઠી' (એએબીએ) વચ્ચે યોજાયેલી સંયુક્ત બેઠકમાં બસ કનેક્ટિવિટી વધારવા, મુસાફરોની સંખ્યા વધારવા અને શહેરના જાહેર પરિવહન નેટવર્કને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. બેસ્ટ સમિતિના અધ્યક્ષ તૃષ્ણા વિશ્વાસરાવની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પ્રવાસી પ્રતિનિધિઓએ ઈસ્ટર્ન ફ્રીવેનો વધુ ઉપયોગ કરીને પૂર્વ ઉપનગરો, દક્ષિણ મુંબઈ અને નવી મુંબઈ વચ્ચે ઝડપી બસ સેવા શરૂ કરવાની માગ કરી હતી. એએબીએએ અ-૫૦૨ અને અ-૫૦૪ બસ રૂટને વડાલા ડેપો સુધી લંબાવવા તેમજ ઘાટકોપર સહિત પૂર્વ ઉપનગરોને ફ્રીવે કોરિડોર મારફતે જોડતી વધુ હાઈ-સ્પીડ બસ સેવાઓ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.એએબીએના સભ્ય રૂપેશ શેલટકરે અટલ સેતુ મારફતે મુંબઈ અને નવી મુંબઈ વચ્ચે વધુ સીધી અને ઝડપી બેસ્ટ બસ સેવા શરૂ કરવાની માગ કરી હતી. તેમનું કહેવું હતું કે મુસાફરોને ઝડપી કનેક્ટિવિટી મળવાથી ખાનગી વાહનોનો ઉપયોગ કરતા લોકો પણ જાહેર પરિવહન તરફ આકર્ષાઈ શકે છે અને મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

# કોર્ટના આદેશ બાદ દિંડોશીમાં અતિક્રમણ કરી બંધાયેલી દરગાહનું ડિમોલિશન

## સંવેદનશીલ બાબતને ધ્યાનમાં રાખીને ગોઠવવામાં આવ્યો ભારે પોલીસ બંદોબસ્ત

મુંબઈઃ ગોરેગાંવના દિંડોશી વિસ્તારમાં વન વિભાગની જમીન પર અતિક્રમણ કરીને બાંધવામાં આવેલી શહેનશાહ-એ-પીર બાબા દરગાહના કેટલાક ભાગને કોર્ટના આદેશ બાદ સોમવારે તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સ્થળ પર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિવાદિત સ્થળ તરફ જતો માર્ગ પણ બેરિકેડ લગાવીને બંધ કરવામાં આવ્યો છે અને લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ સ્થળ પર તૈનાત જોવા મળ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ડિમોલિશનની કામગીરી કરાઈ હતી. આ અગાઉ ગયા મહિને બીજી જૂને પણ મુંબઈની આરે કોલોનીમાં ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે એક સૂફી દરગાહને તોડી પાડવામાં આવી હતી. ગોરેગાંવ ઈસ્ટની આરે કોલોનીના યુનિટ ૩૨માં આવેલી હઝરત સૈયદ પીર બાબા દરગાહ સ્થાનિકો માટે દાયકાઓથી પ્રસિદ્ધ સ્થળ હતું. આ માળખાને બુલડોઝર અને જેસીબી મશીનની મદદથી તોડી પાડવામાં આવ્યું હતું. આ કાર્યવાહી અંગે એઆઈએમઆઈએમના નેતા વારિસ પઠાણે વિરોધ વ્યક્ત કરતાં એવો દાવો કર્યો હતો કે દરગાહના ટ્રસ્ટીઓએ ડિમોલિશન રોકવા માટે કોર્ટમાં તાત્કાલિક અરજી કરી હતી અને કેસની સુનાવણી દિંડોશી કોર્ટમાં બપોરે બે વાગ્યે થવાની હતી. તેમનો આરોપ હતો કે સુનાવણી પહેલાં જ સવારે નવ વાગ્યે અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા અને ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરી દીધી. ■

# હજારો શિવસેના (યુબીટી) કાર્યકરો શિંદે જૂથમાં જોડાયા

ઠાણે : અહિલ્યાનગર, પુણે અને નાંદેડ જિલ્લાના શિવસેના (યુબીટી)ના હજારો હોદ્દેદારો ઠાણેમાં એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં જોડાયા હતા.

રવિવારે રાત્રે અહીં યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં શિંદેની ઉપસ્થિતિમાં તેઓ પક્ષમાં જોડાયા હતા. શિંદેએ જણાવ્યું હતું કે વધતું સમર્થન વિકાસલક્ષી શાસન પ્રત્યે જનતાના વિશ્વાસને દર્શાવે છે.

શિવસેનાની એક યાદીમાં જણાવ્યા અનુસાર, સાંસદ ભાઉસાહેબ વાકચૌરેની પહેલ હેઠળ અહિલ્યાનગરના પ્રમુખ નેતા શ્રીરામપુરના નાયબ જિલ્લા પ્રમુખ સચિન બડ્ઢે, નેવાસાના નાયબ પ્રમુખ હરિરામ શેળકે તેમજ રાહૂરી અને અકોલાના હોદ્દેદારો પક્ષમાં જોડાયા હતા. પુણે જિલ્લામાંથી ઇંદાપુર તાલુકા પ્રમુખ નિતિન શિંદે, જિલ્લા પ્રમુખ સુરેન્દ્ર જેવારે અને દૌંડ વિધાનસભા મતવિસ્તારના અનેક સ્થાનિક પ્રતિનિધિઓએ પક્ષ બદલ્યો હતો.

# નીટની પરીક્ષામાં ઓછા માર્ક્સથી હતાશ વિદ્યાર્થિનીનો આપઘાત

અહિલ્યાનગરઃ અહિલ્યાનગર જિલ્લામાં ૧૯ વર્ષની યુવતીએ ગળાફાંસો ખાઈ કથિત આત્મહત્યા કરી હતી. ૨૧ જૂને થયેલી નીટની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવવાને કારણે હતાશામાં વિદ્યાર્થિનીએ અંતિમ પગલું ભર્યું હોવાનું તેના ઘરમાંથી મળેલી સુસાઈડ નોટ પરથી જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કર્જત તહેસીલના જલાલપુર ગામમાં રહેતી અંકિતા સાંગળેએ તેના નિવાસસ્થાને શનિવારે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. અંકિતાએ તાજેતરમાં બારમું પાસ કરીને ૨૧ જૂને નૅશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) આપી હતી.

યુવતીના ઘરમાંથી સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં તેણે નોંધ્યું હતું કે નીટની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતાં તે હતાશ થઈ હતી. આ જ કારણસર તે જીવન ટૂંકાવી રહી છે. આ પ્રકરણે કર્જત પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પેપર લીકને કારણે ત્રીજી મેના નીટ-યુજીની પરીક્ષા રદ કરવામાં આવી હતી.

## હિન્દુ મરણ

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઇ નિવાસી સ્વ. કપિલાબેન અરુણકુમાર ભવાનીદાસ વોરાના પુત્ર સમીર (ઉં. વ. ૬૦) તા. ૨૫-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નિપાબેનના પતિ. વ્યોમના પિતા. દીપા હિમાંશુ બુદ્ધિરાજાના ભાઇ. ક્રિશના મામા. સ્વ. સરલાબેન શામળદાસ મહેતાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

રતનસિંહ (રમેશભાઇ) ગાંધી (ઉં. વ. ૮૯) હાલ લોનાવાલા. તે જયસિંહ ચત્રભુજ અને વિરમતી ગાંધીના પુત્ર. હંસાબેન, રાધાબેન, શાંતિકુમારભાઇ અને સુધાબેનના ભાઇ. સોનલ રવિન્દ્ર ગાંધીના પિતાશ્રી. રવિન્દ્ર જયંતિલાલ ગાંધીના સસરાજી. અક્ષર અને આરવના નાના. શનિવાર, તા. ૨૫-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

સ્વ. લલિતાબેન, રમનલાલ ગાંધીના પુત્ર રજનીકાંત ગાંધી (ઉં. વ. ૮૧) ગામ ચુડેલ હાલ બોરીવલી તા. ૨૬-૭-૨૬ રવિવારના શ્રીજીચરણ થયા છે. તે દક્ષાબેનના પતિ. બાબુલાલ, હંસાબેન, પ્રેમિલાબેનના ભાઇ. નિપા, સંદીપ, હર્ષદના પિતા. જીજ્ઞેશ, વિદ્યા, વિજેતાના સસરા, વર્નિકા, પ્રાંજલ, ટ્વિશાના દાદા. મધુબેન નટવરલાલના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૮-૭-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લોહાર સુતાર મહાજનવાડી, દત્તપાડા રોડ, બોરીવલી (પૂર્વ).

**સિંબર સંવય ઔદિચ્ય બ્રાહ્મણ**

હાલ પુણે મુકામે ગં. સ્વ. શારદાબેન ચંદ્રકાંત પંડયા. સ્વ. ત્રિવેણીબેન તથા સ્વ. અમૃતલાલ પુરોહિતની સુપુત્રી. ઊર્મિલાબેન દવે તથા દેવેન્દ્રભાઇ પુરોહિતના બહેન. સ્વ. પ્રમોદભાઇ તથા નીતાબેન પંડયાના માતુશ્રી. સાસુશ્રી. હિમાંશુ, મયંક, પંડયાના દાદીમા અને સોનલ પંડયાના દાદી સાસુ. તા. ૨૫-૭-૨૬ શનિવારના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

ગામ વરાડીયા કચ્છ હાલ વિઠ્ઠલવાડી મુંબઇ ગં. સ્વ. કસ્તુરબેન માધવજી રાજગોર તા. ૨૪-૭-૨૬ના મુંબઇ મધ્યે રામશરણ પામેલ છે. તે સ્વ. રાજગોર માધવજી ગૌરીશંકરના પત્ની. સ્વ. મમીબાઇ ગૌરીશંકરના પુત્રવધુ. ગામ વિઢ-માંડવીના મીઠીબાઇ પરષોતમ નાકરના પુત્રી. તે સ્વ. ઇશ્વરલાલ, સ્વ. રસિકલાલ, ગં. સ્વ. તારાબેન, સ્વ. ચંપાબેન, સ્વ. રૂક્ષ્મણીબેન લાલજી ઉગાણી, સ્વ. વિમળાબેનના બહેન. જયશ્રી અશ્વિન પંડ્યા, રાજેશભાઇ, દિપકભાઇના માતાજી. સ્વ. પ્રભાશંકર, સ્વ. રમેશચંદ્ર, નરેન્દ્ર, મહેન્દ્ર, સ્વ. મંજુલા ભાઇલાલ માકાણી, સ્વ. ઉષા પ્રભાશંકર ઉગાણી, ગં. સ્વ. ભગવતીબેન રમેશચંદ્ર મોતા, ગં. સ્વ. સાધના ભાઇલાલ મોતા, અનિલા કાંતિલાલ મોડાના ફુઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

સ્વ. સુરેશભાઈ વ્રજલાલ ગોટેચા (ઉં.વ.૭૮) મૂળ ગામ રાજકોટ, હાલ મીરારોડ. તેઓ સ્વ.વિજયાબેન વ્રજલાલ ગોટેચાના પુત્ર. પ્રફુલાબેનના પતિ, ચંદ્રેશ, રિદ્ધિ સમીર મજીઠીયા, પ્રજ્ઞા નરેશ વિઠલાણીના પિતા. સોનલબેનના સસરા. સ્વ. મનસુખલાલ વ્રજલાલ ગોટેચા, સ્વ. શારદાબેન મોહનલાલ આડતીયા, સ્વ. રંજનબેન ઘનશ્યામભાઈ સોમૈયા, હંસાબેન પ્રવીણભાઈ ઠક્કર, સુમતીબેન અરવિંદભાઈ કારિયાના ભાઈ. સ્વ. રતિલાલ રામજી સચદેના જમાઈ. તા. ૨૬/૭/૨૬, રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મોઢ વણિક પોરેચા**

મૂળ ગામ જૂનાગઢ હાલ સાંતાક્રુઝ, દેવાંગનાબેન (ઉં. વ. ૮૦) તે મગનલાલ મોતીચંદ મોદીના પુત્રવધૂ. ગુણવંતભાઈના ધર્મપત્ની, યતીન તથા ભાવનાના માતુશ્રી. વૈશાલીના સાસુ. ચંદુભાઈ, કીર્તિભાઇ, હસુબેન, જ્યોતિબેનના ભાભી. કનકપ્રભાબેન હીરાચંદભાઈના દીકરી. ૨૬/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

અ.સૌ. મધુરીકા રજનીકાંત ગગલાણી (ઉં. વ. ૭૮) તે રજનીકાંત ભાઈચંદ ગગલાણીના ધર્મપત્ની, સેજલ રાજેન સાંગાણી, અલ્પેશ તથા દેવાંગના માતુશ્રી. અર્ચના, પીનાલી તથા રાજેનના સાસુ. પાર્થ, સ્મિત, તનિષ, સંજના, શિયા, આશીના બા. સ્વ. અરવિંદ, હસમુખ, રમેશ, સ્વ. પંકજના બહેન. તા. ૨૬/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મેવાસાવાળા હાલ ભરૂચ, સ્વ. રમેશભાઇ જીવરાજ મેહતાના પત્ની ગં.સ્વ. રમાબેન (ઉં. વ. ૭૨) તા. ૨૬-૭-૨૬ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે કંદર્પ (ગોપાલ), અમીના માતા. ઇલા, પ્રિતેશ ઉમેશભાઈ શેઠના સાસુ. સ્વ. શાન્તાબેન ગોરધનદાસ છનીયારાની પુત્રી. સ્વ. અરુણાબેન અનંતરાય મેહતા, સ્વ. નિર્મલાબેન અનંતરાય ગાંધી, ગ.સ્વ. સરોજબેન ગંગાદાસ મોદી, સ્વ. તરલાબેન અનંતરાય ગાંધી, સ્વ. ભાવનાબેન જવાહરભાઇ દેસાઈનાં ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦-૭-૨૬ને ગુરુવાર સાંજના ૪.૦૦ થી ૬.૦૦. બી-૩૯, મંગલજ્યોત સોસાયટી, શ્રવણ ચોકડી, દહેજ બાયપાસ રોડ, ભરૂચ વેસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

ચોટીલા નિવાસી હાલ દહિસર, હરેશભાઈ (હરિભાઈ) ટપુભાઈ વઢવાણા (ઉં. વ. ૭૯) તા. ૨૫-૭-૨૬ને શનિવારે શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. કૈશિક, દિપક, વિશાલના પિતા. બિનલના સસરા. જિયા, ઇશિતા તથા ધનુષના દાદા. મનસુખભાઈ, રસિકભાઈ, જયંતિભાઈના ભાઈ. જયંતિભાઇ છગનભાઇ મકાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૦૨૬ને શુક્રવારે સાંજે ૪ થી ૬. સરનામુંઃ રાધા કૃષ્ણ મંદિર, આંબાવાડી, દહિસર પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સરલાબેન શાંતિલાલ દ્યવડા (ઉં. વ. ૮૦) ગામ મોટા ભાડિયાના હાલે ભાંડુપ, સ્વ. શાંતિલાલ વીરજી દ્યવડાના ધર્મપત્ની. સ્વ. લાલજીભાઈ તથા સ્વ. નાનબેન ચંદનના સુપુત્રી, ભાવેશભાઈ દાવડા, માધવીબેન તથા ભક્તિબેનનાં માતુશ્રી. અંજના ભાવેશભાઈ દાવડા, રાજકુમાર સેજપાલ, મયુરભાઈ સેજપાલના સાસુમા, કાર્તિક્ના દાદી. પ્રિશા, નિધિ અને રિશીના નાની. તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ રામશરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬ના મંગળવારના સાંજે ૫ થી ૭. ગોપુરમ હોલ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

હાથબ નિવાસી હાલ ભાયંદર, જીતેન્દ્રભાઈ શાંતિલાલ પારેખ (ઉં. વ. ૯૩) ૨૫/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિનબાળાબેનના પતિ. રાજીવ, દીપ્તિ, હર્ષા, હેમાના પિતાશ્રી. હિના, વિજય, સૌરભ, અમિતના સસરા. ચાર્મીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. હેમલતા જયંતીલાલ કામાણી દુઆ ખોંભડીયા (ઉં.વ. ૭૫) તે સ્વ. લક્ષ્મીબેન દામજી કામાણીના પુત્રવધૂ. સ્વ. વિઠ્ઠલદાસ જાદવજી તન્નાના પુત્રી. સ્વ. ડુંગરશી, સ્વ, કરસનદાસ, સ્વ. શંકરલાલ, સ્વ. કમળાબેન, ગં. સ્વ. મંજુલાબેન, સ્વ. ચંદ્રાબેન, સ્વ. મધુબેનના ભાભી. તે ગં. સ્વ. ભાનુમતી હરેશ ઠક્કરના બહેન. તે વિભા નિતીન પોપટ, છાયા નિલેશ કોઠારી, માયા વિરેન કારીઆ, ચી. ગીતા, હર્ષિતા આશીષ કારીઆ, સ્વ. પંકજ અને વિજયના માતુશ્રી. તે સૌ. શ્રદ્ધાના સાસુ. તા. ૨૬-૭-૨૬ના નાગપુર મધ્યે સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

મરઝબાન નસરવાનજી ખારીવાલા તે મરહુમ લીલાના ધની. તે મરહુમો દેબના નસરવાનજી ખારીવાલાના દીકરા. તે કેશમીરા ને કૈઝરીનાના પપા. તે ફીરોઝ ને મરહુમ રાજીવના સસરા. તે મરહુમ મનેજેના ભાઇ. તે ફરાહ, સાનાદ, જીબ્રાન, શ્વેતા, સ્નેહા, સનજના, સૂરજ, અરશ, અલાઇઝા, અમનારા ને ઇફઝાના મમાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૪૦૧-એફ , કાકડ એપાર્ટમેન્ટ, પ્લોટ નં-૪, પાલી રોડ, એચ. એસ. બી. સી. બેન્કની સામે, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

પેરીન ફરામરોઝ કુપર તે મરહુમ ફરામરોઝના ધનીયાની. તે મરહુમો પીરોજા દોરબ દીશાના દીકરી. તે લઇલા ને નયાના ના માતાજી. તે મીનુ જીનના સાસુજી. તે મરહુમો મીનુ દોરાબ એદનવાલાના બહેન. (ઉં. વ. ૯૧) રે. ઠે. પેલાસીમો એ-૧, સિલ્વર ઓક એસ્ટેટ, ભૂલાભાઇ દેસાઇ રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાની ક્રિયાઃ તા. ૨૮-૦૭-૨૦૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં છેજી.

સાયરસ રુસ્તમ ઇરાની (ઉં.વ. ૭૮)નું તા. ૨૭-૭-૨૦૨૬ના ગુજરી ગયા છે. તે મરહુમ રુસ્તમ અને દૌલત ઇરાનીના દીકરા. તે કાયોમાર્સ, નરગિસ, પેરવિનના ભાઇ. તે ડેલનાઝ, જોવેદના અંકલ. ઉઠમણું : તા. ૨૯-૭-૨૬ના. ઠે. ૭૮/૭, ટાટા કોલોની, તાડદેવ, મુંબઇ-૩૪.

## જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

દુધાળા નિવાસી હાલ ઘાટકોપર મંજુલાબેન મનસુખલાલ કાબાણી (ઉં. વ. ૯૫) તા. ૨૬-૭-૨૬ રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હરેશભાઇ, પ્રકાશભાઇ, સ્વ. પ્રવિણાબેન, સ્વ. પ્રતીમાબેન, માલતીબેન, કલ્પનાબેનના માતુશ્રી. છાયાબેન, રેખાબેન, સ્વ. જયસુખલાલ, દિનેશભાઇ, મહેશભાઇ, સ્વ. કિશોરભાઇના સાસુ. તે કિરીટભાઇ દોશી, પ્રભાબેન શાહના બેન. નીરવ, વિનીત, વિશાલ, તુલસી, અમિના દાદીમા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નવાગામ (બડેલી) નિવાસી હાલ કાંદિવલી, સ્વ. શાંતિલાલ ગીરધરલાલ શાહના પુત્રવધૂ તથા દલીચંદ શાહના ધર્મપત્ની અ.સૌ. નયનાબેન (ઉં. વ. ૭૯) તા. ૨૬-૭-૨૬ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે જિજ્ઞા મનીષ ગાંધી, જાગૃતિ હાર્દિક વોરા, પંક્તિ વિપુલ શાહના માતૃશ્રી. હંસા સુરેશભાઈ, અંજના ધીરજભાઈ, રેખા અશ્વિનભાઈ, ગીતા ચંદ્રવદનભાઈના મોટાભાભી. સ્વ. લાલચંદ નેમચંદ શાહ હાલ (મુલુંડ)ના દિકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

શિહોર (આમોદ) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કેસરીચંદ હીરાચંદ શાહના પત્ની પારુલ કેસરીચંદ શાહ (ઉં. વ. ૭૨) તે પારસ, તેજસ, ભાવિકના માતા. વૈશાલી, કિંજલ, મમતા સાસુ. હીર, આરુષ, રિઆના, અર્હમના દાદી. સ્વ. પ્રભાબેન દુર્લભજી શાહ, સ્વ. વસુમતી પ્રતાપરાય શાહ, સ્વ. મધુમતી અનંતરાય પારેખ અને સ્વ. અંજનાબેન સુમતિચંદ્ર સંઘવીના ભાભી પિયર પક્ષે સ્વ. કોકીલાબેન અને હર્ષદરાય વર્ધમાન શાહ-ગાધકડા (ભાવનગર)ની દીકરી. શુક્રવાર તા. ૨૪-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિસા ઓસવાલ જૈન**

ગુંદાલાના જયંતીલાલ મીઠુભાઇ સાવલા (ઉં. વ. ૭૨) તા ૨૫-૭-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ભાગઇમા હીરજીના પૌત્ર. સ્વ. મોંઘીબેન મીઠુભાઇના પુત્ર. સ્વ. નાગજી, સ્વ. ધીરજ, સ્વ. ધનસુખ, ભાનુના ભાઇ. ભુજપુરના સ્વ. ભાણબાઇ મેઘજી હીરજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અમૃતલાલ હઠીચંદ શાહના સુપુત્ર જયસુખભાઇના ધર્મપત્ની અ. સૌ. પદમાબેન (ઉં. વ. ૮૫) તા. ૨૫-૭-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશભાઇ, રૂપા હિતેશકુમાર દોશી અને હિના રાજેશકુમાર શાહના માતુશ્રી. પ્રતિક્ષાના સાસુ.સાત્વિકના દાદી. અનંતરાય ચીમનભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. શાંતાબેન હેમચંદભાઇ શાહ ત્રાપજવાળા હાલ મુંબઇના દીકરી. પ્રાર્થનાસભા તા. ૩૦-૭-૨૬ ગુરુવારના સવારે ૧૦થી ૧૨. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, ૧લે માળે, જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન મન ધનથી રહો
# તરોતાજા





## રોકાણનું જમા-ઉધાર

અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

# રોકાણનો સાચો હેતુઃ બજાર નહીં... તમારું જીવન છે

મોટાભાગના લોકો માટે રોકાણ કરવું એ ખૂબ જ તણાવભરી પ્રવૃત્તિ છે. વિરોધાભાસ તો જુઓ, જે રોકાણનો અસલી હેતુ જીવનને તણાવમુક્ત બનાવવાનો છે, એ જ રોકાણ આજે લોકો માટે સૌથી મોટાં ટેન્શનનું કારણ બની ગયું છે. ઘણા રોકાણકારો પાસે રોકાણના ખરાબ અનુભવોની લાંબી યાદી હોય છે. અહીં સવાલ એ થાય કે જ્યારે રોકાણનાં વિવિધ માધ્યમો સારું વળતર આપી રહ્યા હોય, ત્યારે પણ લોકોના અનુભવો આટલા ખરાબ કેમ હોય છે?

‘ફિડેલિટી ઇન્વેસ્ટમેન્ટ્સ’ના પ્રખ્યાત ‘મેગેલન ફંડ’ના મેનેજર પીટર લિંચનો ટ્રેક રેકોર્ડ અદ્‌ભુત હતો. તેમ છતાં, તેમણે એક ઇન્ટરવ્યૂમાં સ્વીકાર્યું હતું કે તેમની સ્કીમે ખૂબ સારું પ્રદર્શન કર્યું હોવા છતાં, તેમાં રોકાણ કરનારા મોટાભાગના લોકોએ પૈસા ગુમાવ્યા હતા! આ વાત સાંભળવામાં ભલે પરસ્પર વિરોધાભાસી લાગે, પરંતુ આ એક વિશ્વવિખ્યાત ફંડ મેનેજરનો જાતઅનુભવ છે.

આ તબક્કે, લિંચના ટ્રેક રેકોર્ડને સમજવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જ્યારે પીટર લિંચે ફિડેલિટીના ‘મેગેલન ફંડ’નું સંચાલન કર્યું (મે ૧૯૭૭થી મે ૧૯૯૦ સુધીના ૧૩ વર્ષના ગાળા દરમિયાન), ત્યારે આ ફંડે વાર્ષિક સરેરાશ ૨૯.૨% જેટલું વળતર મેળવ્યું હતું. એ જ દરમિયાન, એસ એન્ડ પી ૫૦૦ (S&P 500) એ વાર્ષિક ૧૫.૮% વળતર આપ્યું હતું. જો કોઈ રોકાણકારે લિંચે કાર્યભાર સંભાળ્યો તે જ દિવસે આ ફંડમાં ૧૦,૦૦૦ ડૉલર મૂક્યા હોત અને તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી તેને પકડી રાખ્યા હોત તો તે રકમ વધીને અંદાજે ૨,૮૦,૦૦૦ ડૉલર થઈ ગઈ હોત...! ફંડે આટલી જોરદાર કમાણી કરાવી આપી હોવા છતાં, રોકાણકારો બજારની તેજી જોઈને મોડા પ્રવેશતા અને મંદી આવતા જ ગભરાઈને બહાર નીકળી જતા. પરિણામે, આ ફંડના સરેરાશ રોકાણકારે અંતે તો પોતાના પૈસા ગુમાવ્યા!.

વર્ષોથી અસંખ્ય રોકાણકારો સાથેની વાતચીત અને દુનિયાભરના નાણાકીય સાહિત્યના અભ્યાસ પરથી આ વિરોધાભાસ પાછળનું કારણ સમજી શકાય છે. તો અસલમાં શું થઈ રહ્યું છે? લોકો તે સ્કીમમાં લાંબો સમય ટકી રહેવાને બદલે, અલગ-અલગ પરિબળોને આધારે વારંવાર સ્કીમમાં પ્રવેશતા અને બહાર નીકળતા રહ્યા. આ પૈકીનું એક મુખ્ય પરિબળ હતું તે સ્કીમનું તાજેતરનું ભૂતકાળનું પ્રદર્શન.

### સમસ્યાની ખોટી વ્યાખ્યા

આવું કેમ થાય છે? તે સમજવા માટે આપણે મેનેજમેન્ટ શાળાઓમાં શીખવવામાં આવતો એક મહત્ત્વનો પાઠ યાદ કરવો પડશેઃ ‘જો તમારે સાચો ઉકેલ જોઈતો હોય તો પહેલાં સમસ્યાની વ્યાખ્યા સાચી રીતે નક્કી કરવી પડે.’

કોઈ પણ વ્યક્તિ માટે અસલી સમસ્યા એ છે કે જ્યારે પણ ભવિષ્યમાં તમારા વિવિધ ખર્ચાઓ અને લક્ષ્યો સામે આવે ત્યારે તેને પૂરા કરવા માટે તમારી પાસે પૂરતા પૈસા હોવા જોઈએ, પરંતુ લોકો તેની સામે એવો ઉકેલ શોધે છે કે ‘મને કેટલું વળતર મળશે?’ અથવા ‘અત્યારે શેરબજાર સારું છે કે ખરાબ?’

સમસ્યા વ્યક્તિની પોતાની આંતરિક સ્થિતિ અને જરૂરિયાત સાથે જોડાયેલી છે, જ્યારે તે તેનો ઉકેલ બહાર (બજારના ઉતાર-ચઢાવમાં) શોધી રહ્યો છે.

### પૈસા નહીં, જીવન મહત્ત્વનું છે

તમારા નાણાંનો ઉપયોગ ક્યાં થવાનો છે તેના આધારે સમસ્યાને વ્યાખ્યાયિત કરવી ખૂબ જરૂરી છે. તમારી વ્યક્તિગત નાણાકીય સ્થિતિના સંચાલનમાં અસલી પડકાર પૈસાનો નથી, તમારા જીવનનો છે. તેથી, સમસ્યાને સાચી રીતે સમજો. તમારી નાણાકીય જરૂરિયાતો, ભવિષ્યનાં લક્ષ્યો અને સપનાંઓને ઓળખો અને તેનું ચોક્કસ મૂલ્યાંકન કરો. ત્યાર બાદ જ તેને પ્રાપ્ત કરવા માટેનું આયોજન શરૂ કરો. બહારનું વાતાવરણ કે બજાર ક્યારેય તમારા નિયંત્રણમાં હોતું નથી. તમે માત્ર તમારી પરિસ્થિતિ અને તમારાં લક્ષ્યો પર જ નિયંત્રણ રાખી શકો છો. જો આ અભિગમ અપનાવવામાં આવે તો રોકાણ તણાવમુક્ત અને ફાયદાકારક બની શકે છે.

---

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# રોબોટિક સર્જરી આરોગ્ય વીમા હેઠળ આવરી લેવાય છે ખરી ?



ધારો કે ડૉક્ટર તમને એક જટિલ ઓપરેશન માટે રોબોટિક સર્જરીની સલાહ આપે છે નાના ચીરા, ઓછું લોહી વહેવું, ચેપનું ઓછું જોખમ અને બે-ત્રણ દિવસમાં ઘરે પરત... આવા બધા વિકલ્પ આકર્ષક લાગે છે, પરંતુ અંદાજિત બિલ જોઈને પ્રશ્ન થાયઃ શું મારી આરોગ્ય વીમા કંપની આ ખર્ચ ચૂકવશે? ભારતમાં રોબોટિક સર્જરીનો ખર્ચ સામાન્ય રીતે ₹૧.૭ લાખથી ₹૪.૭૫ લાખ જેટલો હોય છે, જે પરંપરાગત લેપ્રોસ્કોપિક સર્જરી કરતાં નોંધનીય રીતે વધારે છે... તો ચાલો, સમજીએ કે આ પ્રકારની વીમા કવરેજની વાસ્તવિકતા શું છે.

### રોબોટિક સર્જરી એટલે શું?

રોબોટિક સર્જરીમાં સર્જન કન્સોલ પર બેસીને રોબોટિક હાથ (આર્મ્સ) દ્વારા ઓપરેશન કરે છે. નાના છિદ્રો દ્વારા કેમેરા અને સૂક્ષ્મ સાધનો શરીરમાં દાખલ થાય છે, જેથી વધુ ચોકસાઈ અને નિયંત્રણ મળે છે. યુરોલોજી, ગાયનેકોલોજી, કેન્સર સર્જરી, હૃદયની સર્જરી અને ઘૂંટણ-થાપાના રિપ્લેસમેન્ટમાં આ ટેક્નિકનો ઉપયોગ વધી રહ્યો છે. ઓછું લોહી વહેવું, ચેપનું ઘટેલું જોખમ, હૉસ્પિટલમાં ઓછું રોકાણ અને ઝડપી રિકવરી... આ બધા તેના મુખ્ય ફાયદા છે.

### આના માટે શું વીમો કવર આપે છે?

હા. વર્ષ ૨૦૧૯માં IRDAIએ તમામ વીમા કંપનીઓને ‘મોડર્ન ટ્રીટમેન્ટ બેનિફિટ’ હેઠળ રોબોટિક સર્જરી ફરજિયાત આવરી લેવાનો નિર્દેશ આપ્યો હતો, જેને મે ૨૦૨૪ના માસ્ટર સર્ક્યુલરમાં વધુ મજબૂત બનાવાયો. હવે કોઈ વીમા કંપની માત્ર ‘સર્જરી રોબોટિક’ હતી એ કારણસર ક્લેમ નકારી શકતી નથી. કવરેજમાં હૉસ્પિટલાઇઝેશન, સર્જરી ફી, ડૉક્ટર અને નર્સિંગ ચાર્જ, ICU ખર્ચ તથા પ્રી અને પોસ્ટ-હૉસ્પિટલાઇઝેશન ખર્ચનો સમાવેશ થાય છે. કેટલીક કંપનીઓ એમ્બ્યુલન્સ ખર્ચ પણ આવરે છે. સર્જરી ૨૪ કલાકના દાખલા સાથે થાય કે ડે-કેર પ્રક્રિયા તરીકે બંને સ્થિતિમાં કવરેજ મળે છે. જોકે કવર એટલે કે હંમેશાં સંપૂર્ણ ચૂકવણી નહીં. અહીં જ મોટાભાગના પોલિસીધારકો અટવાય છે. ધ્યાનમાં રાખવા જેવી બાબત જેમકે...

### સબ-લિમિટઃ

ઘણી પોલિસી રોબોટિક સર્જરી માટે વીમા રકમના ચોક્કસ ટકા કે નિશ્ચિત રકમની મર્યાદા રાખે છે. ઉદાહરણ તરીકે, ₹૧૦ લાખની વીમા રકમ હોવા છતાં કેટલીક જૂની પોલિસી રોબોટિક સર્જરી માટે માત્ર ₹૩ લાખ સુધી જ ચૂકવે છે. કેટલીક કંપનીઓ બિલના માત્ર ‘રોબોટિક’ હિસ્સા માટે મર્યાદિત ચૂકવણી કરી બાકીનું બિલ પરંપરાગત સર્જરીના દરે ગણે છે.

### તબીબી જરૂરિયાતઃ

રોબોટિક સર્જરીની ભલામણ તાલીમ પામેલા સર્જને લેખિતમાં કરેલી હોવી જોઈએ. સર્જન પાસેથી ‘મેડિકલ નેસેસિટી લેટર’ લેવો જેમાં તમારા કેસ માટે રોબોટિક ટેક્નિક કેમ જરૂરી છે તે સ્પષ્ટ હોય ક્લેમ સમયે સૌથી મજબૂત આધાર બને છે.

### વેઈટિંગ પિરિયડઃ

પ્રારંભિક ૩૦ દિવસ ઉપરાંત, જે બીમારી માટે સર્જરી થાય છે તેનો રોગ-વિશિષ્ટ વેઇટિંગ પિરિયડ લાગુ પડે છે, જેમ કે, ઘૂંટણ રિપ્લેસમેન્ટ માટે સામાન્ય રીતે બે થી ચાર વર્ષની રાહ જોવી પડે છે. વળી, પોલિસી ખરીદતી વખતે પહેલેથી હાજર બીમારી જાહેર કરવી અનિવાર્ય છે છુપાવેલી બીમારી બહાર આવે તો વીમા કંપની આખો ક્લેમ નકારી શકે છે.

### રૂમ રેન્ટ અને કન્ઝ્યુમેબલ્સઃ

પોલિસીમાં રૂમ રેન્ટની મર્યાદા હોય અને તમે મોંઘો રૂમ પસંદ કરો, તો પ્રપોર્શનેટ ડિડક્શનના નિયમથી આખા ક્લેમમાં કાપ આવે છે. વળી, રોબોટિક સાધનો બિલમાં ‘કન્ઝ્યુમેબલ્સ’ તરીકે દર્શાવાય છે, જે ઘણી જૂની પોલિસીમાં કવર થતાં નથી.

### પ્રી-ઓથોરાઇઝેશનઃ

આયોજિત સર્જરી હોય તો ઓછામાં ઓછા ૪૮થી ૭૨ કલાક પહેલાં વીમા કંપની પાસે પ્રી-ઓથોરાઇઝેશન કરાવો અને શક્ય હોય ત્યાં સુધી નેટવર્ક હૉસ્પિટલ પસંદ કરો, જેથી કેશલેસ સુવિધા મળે.

### નિષ્કર્ષ

રોબોટિક સર્જરી આરોગ્ય વીમા હેઠળ ચોક્કસ આવરી લેવાય છે, પરંતુ કેટલી હદે તે તમારી પૉલિસીની શરતો પર આધારિત છે. નવી પૉલિસી ખરીદતી વખતે એવો પ્લાન પસંદ કરો જેમાં આધુનિક સારવાર માટે સબ-લિમિટ ન હોય અથવા ઓછામાં ઓછી હોય. હાલની પૉલિસી હોય તો દસ્તાવેજમાં ‘મોડર્ન ટ્રીટમેન્ટ’ ક્લેમ, રૂમ રેન્ટ મર્યાદા અને કન્ઝ્યુમેબલ્સ કવરેજ ચકાસી લો.

ટેક્નોલોજી જેમ આગળ વધે છે તેમ સારવારના વિકલ્પો સુધરે છે યોગ્ય વીમા આયોજન સાથે તમે એ વિકલ્પોનો લાભ આર્થિક ચિંતા વિના લઈ શકો છો. ■

---

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# વિટામિન B-12ની કમીઃ લોકોને કનડતી એક સામાન્ય સમસ્યા




ભારતમાં આજકાલ વિટામિન B-12ની ઊણપ એ ખૂબ જ સામાન્ય અને વધતી જતી સમસ્યા છે. અસ્થિમજ્જામાં (બોન મેરો) પૂરતી માત્રામાં સ્વસ્થ રક્તકણોના ઉત્પાદન માટે વિટામિન B-12 જરૂરી છે. વિટામિન B-12 એક મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વ છે જે આપણા શરીરના નર્વ સેલ અને લાલ રક્ત કોષોને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તે આપણા શરીરને ડીએનએ બનાવવામાં પણ મદદ કરે છે.

જોકે આપણું શરીર જાતે વિટામિન B-12 બનાવતું નથી. તે મેળવવા માટે આપણે વિટામિન B-12 ધરાવતા ખોરાક અને પીણાંનું સેવન કરવું પડે છે. પુખ્ત વયના લોકોને દરરોજ લગભગ ૨.૪ માઇક્રોગ્રામ (mcg) વિટામિન B-12ની જરૂર હોય છે અને સગર્ભા અથવા સ્તનપાન કરાવતી મહિલાઓને તેની વધુ જરૂર હોય છે. શિશુઓ અને બાળકો માટે B-12ની જરૂરી માત્રા તેમની ઉંમરના આધારે અલગ-અલગ હોય છે. વિટામિન B-12 લાલ રક્તકણો બનાવવામાં મદદ કરતું હોવાથી તેની ઊણપને કારણે એનિમિયા (લોહીની ઊણપ) થઈ શકે છે, પણ એવું જરૂરી નથી કે એનિમિયા હોય ત્યારે જ B-12ની ઊણપ હોય, એનિમિયા થયા વિના પણ વિટામિન B-12ની ઊણપ હોઈ શકે છે.

### શરીર વિટામિન B-12 કેવી રીતે શોષે છે?

આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી શરીર વિટામિન B-12 શોષી શકે તે માટે બે બાબતો થવી જરૂરી છે; આપણા પેટમાં રહેલું હાઇડ્રોક્લોરિક એસિડ ખોરાકમાંથી વિટામિન B-12ને અલગ કરે છે. વિટામિન B-12 ‘ઇન્ટ્રિન્સિક ફેક્ટર’ (intrinsic factor) નામના તત્ત્વ સાથે જોડાય છે; આ એક એવું પ્રોટીન છે જેનું નિર્માણ આપણા પેટમાં થાય છે. ઇન્ટ્રિન્સિક ફેક્ટરનો અભાવ એ એનિમિયાનું સૌથી સામાન્ય કારણ છે. અને ઇન્ટ્રિન્સિક ફેક્ટરની ગેરહાજરી ઘણીવાર એટ્રોફિક ગેસ્ટ્રાઇટિસ નામની સ્થિતિ સાથે સંકળાયેલી છે, જે પેટના અસ્તરનું પાતળું થવું છે. વધતી ઉંમર સાથે આ સમસ્યા ઊભી થવાની શક્યતા વધુ હોય છે.

### B-12ની ઊણપનાં લક્ષણ

આનાં લક્ષણ ધીમે ધીમે વિકસે છે અને કદાચ તરત જ ધ્યાનમાં ન પણ આવે. જેમ જેમ સ્થિતિ ગંભીર બને છે, તેમ દેખાતાં સામાન્ય લક્ષણોમાં નબળાઈ અને થાક, ચક્કર આવવાં, ધબકારા વધવા અથવા અનિયમિત થવા, શ્વાસ લેવામાં તકલીફ પડવી, જીભમાં દુખાવો અને તેનો રંગ ઘાટો લાલ દેખાવો, ઉબકા આવવા અથવા ભૂખ ઓછી લાગવી, વજન ઘટવું, ઝાડા થવા, ત્વચા અને આંખોમાં પીળાશ પડતો રંગ દેખાવો વગેરે દેખાઈ શકે છે. સામાન્ય રીતે આવાં લક્ષણ અન્ય સમસ્યાઓમાં પણ દેખાતાં હોવાથી વિટામિનની કમી હશે તેવું આપણા ધ્યાનમાં તરત આવતું નથી.

જોકે, એક વાત નોંધવી જોઈએ કે વિટામિન B-12ને બહુ મહત્ત્વપૂર્ણ માનવામાં આવતું હોવા છતાં શરીરમાં વિટામિન Bના અન્ય પ્રકારોની જરૂરિયાત પણ હોય છે.

### શાકાહારીઓમાં વિટામિન B-12 કમી સામાન્ય છે?

એવું કહેવામાં આવે છે કે મોટાભાગે વિટામિન B-12 માત્ર પ્રાણીજન્ય ખોરાક (માંસ અને ડેરી ઉત્પાદનો) અથવા યીસ્ટના અર્કમાંથી જ મળે છે. તેથી શાકાહારીઓ અથવા વીગન ડાયટ ફૉલો કરનારા લોકોને વિટામિન B-12ની કમી વધુ જોવા મળી શકે છે.

વીગન (સંપૂર્ણ વનસ્પતિ-આધારિત) આહાર લેતા લોકોમાં B-12ની ઊણપ કદાચ ધ્યાનમાં ન આવે તેવું બની શકે છે. તેનું કારણ એ છે કે વીગન આહારમાં ‘ફોલેટ’ નામનું વિટામિન ભરપૂર માત્રામાં હોય છે જે વિટામિન B-12ની ઊણપને છુપાવી શકે છે, તેવું નિષ્ણાતો કહે છે.

આમ છતાં વિટામીન B-12ની કમીને દૂર કરવા માંસાહાર શરુ કરવો પડે તેવું જરૂરી નથી. શાકાહારમાં એવા ઘણા પદાર્થો છે જે વિટામિન Bનો સારો સ્રોત છે.

### દહીં

શાકાહારીઓ માટે દહીં વિટામિન B-12નો એક મૂલ્યવાન સ્રોત બની શકે છે. એક કપ સાદું દહીં આ પોષક તત્ત્વની દૈનિક જરૂરિયાતના લગભગ ૨૮% આપી શકે છે. કેટલાક અભ્યાસો સૂચવે છે કે શરીર દહીંમાંથી વિટામિન B-12નું અસરકારક રીતે શોષણ કરી શકે છે.

### દૂધ તથા અન્ય ઉત્પાદન

દૂધમાં પ્રોટીન, કેલ્શિયમ અને અન્ય ખનિજોની સાથે વિટામિન B-12 પણ હોય છે. ચીઝ અને પનીર જેવાં ડેરી ઉત્પાદનો પણ વિટામિન B-12 મેળવવામાં મદદરૂપ થઈ શકે છે.

### ફોર્ટિફાઇડ અનાજ


વીગન (સંપૂર્ણ વનસ્પતિ-આધારિત) આહાર લેતી વ્યક્તિઓ માટે વિટામિન B-12ની જરૂરિયાત પૂરી કરવામાં ‘ફોર્ટિફાઇડ’ (પોષક તત્ત્વોથી સમૃદ્ધ બનાવેલા) સિરિયલ્સ એક યોગ્ય વિકલ્પ બની શકે છે. બ્રાન અને આખા ઘઉંના ઓટ્સ જેવી વિવિધતાઓમાં ઘણીવાર વિટામિન B-12 ઉપરાંત ફોલેટ, આયર્ન અને વિટામિન એ ઉમેરવામાં આવે છે. સંતુલિત આહારના ભાગરૂપે આવા ફોર્ટિફાઇડ સિરિયલ્સનો સમાવેશ કરવાથી શરીરમાં વિટામિન B-12નું પૂરતું સ્તર જાળવી રાખવામાં મદદ મળી શકે છે.

### ન્યુટ્રિશનલ યીસ્ટ

શાકાહાર સાથે વિટામિન B-12 વધારવા માગતા લોકો માટે ન્યૂટ્રિશનલ યીસ્ટ એક ઉત્તમ વિકલ્પ છે. તેનો સ્વાદ હળવો અને ચીઝ જેવો હોય છે તેથી તેને પાસ્તા, સૂપ, સલાડ, પોપકોર્ન વગેરે પર સરળતાથી ભભરાવી શકાય છે. આશરે બે મોટા ચમચા જેટલું ફોર્ટિફાઇડ ન્યૂટ્રિશનલ યીસ્ટ વિટામિન B-12ની દૈનિક જરૂરિયાતનો નોંધપાત્ર હિસ્સો પૂરો કરી શકે છે. તેમાં પ્રોટીન અને ફાઇબરનું પ્રમાણ પણ સારું હોય છે. તેને ખરીદતી વખતે પૅકેજિંગ તપાસીને ખાતરી કરો કે તેમાં વિટામિન B-12 ઉમેરવામાં આવ્યું છે કે નહીં.

### B-12 સપ્લિમેન્ટ્સ

આજકાલ સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે જે પણ ખોરાક આરોગીએ છીએ તેની શુદ્ધતા કેટલી? તે જાણવું ખરેખર મુશ્કેલ છે. તેના પરિણામે આપણે માત્ર ખોરાક પર આધાર રાખીને ઘણીવાર વિટામિનની કમી દૂર કરી શકતા નથી. ડૉક્ટરની સલાહ લઈને વિટામિન B-12 સપ્લિમેન્ટ્સ પણ લઈ શકાય છે. શુદ્ધ શાકાહારનો આગ્રહ રાખનાર વ્યક્તિઓ માટે પણ એવા સપ્લિમેન્ટ્સ ઉપલબ્ધ હોય છે. તે ઉપરાંત આયુર્વેદમાં પણ તેના માટે વિકલ્પો ઉપલબ્ધ છે. ■




> કદાચ કુદરતે મારી અંદર છોકરીમાં હોય એવા કોઈ પાર્ટસ જ મૂક્યા નથી... લગ્ન કરીશ. તે ઈમોશનલ માણસ હશે તો રોજ માથું કૂટશે, કેમકે મને શરમાતા જ નથી આવડતું!

'શું જોઈ રહ્યા છો?' સોનલે પોતાની સામે એકીટશે જોઈ રહેલા સનતને પૂછ્યું.

'હું જોઉં છું કે કુદરતે તમારી કેવી કસોટીઓ કરી છે. તમે ખરેખર નિખાલસ છો. તમારામાં જરાય દંભ નથી.'

'થેન્કસ, ક્યારેક કુદરત ઘણું બધું છીનવીને કેટલુંક આપતી હોય છે. મને જે મળ્યું તે ગુમાવ્યાના બદલામાં મળેલું છે સનત. મેં ખૂબ ગુમાવ્યું છે. ખાસ કરીને મારું બાળપણ, જે ઉંમરમાં છોકરીઓ પતંગિયાંની માફક ઉડાઉડ કરતી હોય છે તે ઉંમરે હું ચોપડીઓમાં માથું ઘાલીને સમય પસાર કરતી. જાણે મારી અંદરની તમામ સંવેદનાઓ બુઠ્ઠી થઈ ગઈ હતી. હું એકાંકી થતી ગઈ. હા, મમ્મી ગઈ તે પછી દાદા એકદમ બદલાઈ ગયા હતા. જાણે મમ્મીને તિરસ્કારવાનો પસ્તાવો કરતા હોય તેમ એ મારા થઈ ગયા હતા. તે વખતે મને પણ એવા કોઈ વ્યક્તિના સહારાની જરૂર હતી. દાદા મારા દોસ્ત બની ગયા હતા.'

'તમારા પપ્પા એ વખતે તમારાથી નજીક નહોતા?'

'પપ્પાની હાલત વિચિત્ર હતી. માણસને જે ગમતું હોય તે મળે, તેમ છતાં એનો આનંદ ન લઈ શકે કે ન તો એનો રાજીપો બતાવી શકે. આમ તો મમ્મીએ પપ્પાથી મોં ફેરવી લીધું હતું. કદાચ પપ્પાની એટલી હિંમત પણ નહોતી કે મમ્મીને સમજાવી શકે. વળી એમની પાસે એ માટે એક ઓપ્શન હતું જ. જોકે એ પણ હકીકત છે કે પપ્પાને મમ્મીના મૃત્યુનો મોટો આઘાત લાગ્યો હતો. હું પપ્પાનો વિચાર કરું છું તો થાય છે કે કુદરતે એમને કેવા કેવા વળાંકો પર ઊભા રાખી દીધા છે. મારી મમ્મી સાથે લગ્ન તો કરી લીધા પણ મુંબઈ લઈ જઈ શકે તેમ નહોતા. તો કુદરતે કમલામાને ઉપાડી લીધાં. મારી મમ્મી સાથે એ બરાબર ગોઠવાયા ત્યાં એમના જીવનમાં ત્રીજી સ્ત્રીએ પ્રવેશ કર્યો. પપ્પા એની સાથે લગ્ન કરવા માગતા નહીં હોય. પણ કુદરતે ફરી એકવાર એમનો રસ્તો ખુલ્લો કર્યો. મારી મમ્મી ચાલી ગઈ. મીનાક્ષી સાથે લગ્ન કરવા માટે એમને કાયદેસર એક કારણ મળી ગયું.'

'તમારા પપ્પાને એવી શંકા ગઈ નહોતી કે મીનાક્ષીએ તમારી મમ્મીને મરાવી નાખ્યાં હોય.'

'ના, એમણે એ દિશામાં વિચાર્યું જ નહોતું. જોકે એકલતાના સમયમાં પડખે રહેનાર સ્ત્રી પુરુષની નજરમાં શંકારહિત હોય છે. કદાચ પપ્પાને એટલે પણ વિચાર ન આવ્યો હોય એવું બની શકે.'

'કેટલા સમય પછી પપ્પાએ તમારી ત્રીજી મમ્મી સાથે લગ્ન કર્યાં? તેમણે તમારા દાદા સાથે કોઈ ચર્ચા કરી હતી?'

'મીનાક્ષી સાથે લગ્ન કરતી વખતે તો પપ્પાએ ફૂંકી ફૂંકીને પીધું હતું. કદાચ પપ્પાએ એને કેટલુંક સમજાવ્યું હશે. મારી મમ્મીના મૃત્યુ પછી એ અવારનવાર ઘેર આવવા લાગી હતી. દાદા સાથે તેણે ઈન્ટીમસી કેળવી લીધી હતી. ખબર નહીં મારો મોટોભાઈ એ સ્ત્રીના ઈરાદા કળી ગયો હોય તેમ તે એનાથી બોલતો નહીં. એ સ્ત્રી અતિ ચાલાક અને ધીરજવાન છે. એ કશું કાચું કાપવા માગતી નહોતી. તમને નવાઈ લાગશે કે લગ્ન પહેલા એ ઘણીવાર મને ફરવા બહાર તેડી ગઈ હતી. એ આવતી ત્યારે હંમેશાં મારા માટે મને ગમતી ચોકલેટ લઈ આવતી. જોકે એનું મધરહૂડ બહુ સારું છે. તે કદી મને વઢી નથી. એટલું જ નહીં રજાના દિવસે બપોરે તે મારા રૂમમાં આવતી અને મને વળગીને સૂઈ જતી. મને એ સ્ત્રી તરફ કોઈ અભાવ નથી જાગ્યો. જોકે એ ખૂબ રૂપાળી છે. કોઈ પણ બાળકને વહાલ કરે તો ગમી જાય એવી. પપ્પાથી પંદર વર્ષ નાની છે. આજેય બહાર જવાનું હોય અને તૈયાર થાય ત્યારે મારા ભાઈઓની પત્નીઓને એની ઈર્ષા આવે છે.'

'એક વિચિત્ર પ્રશ્ન કરું?'

'યાર આટલી રામાયણ કર્યા પછી પણ આવું પૂછો છો? તમ તમારે બેધડક પૂછો.'

'તમારી ત્રીજી મમ્મીમાંથી છોકરું કેમ ન થયું?'

સોનલ થોડીવાર હસતી જ રહી. સનતે જોયું કે સોનલ આવું પહેલીવાર હસી છે. કદાચ આજ તેનું અસલી હાસ્ય હશે. તેણે હસતા હસતા જ જવાબ આપ્યો. વાહ ઈન્ટ્રેસ્ટીંગ સવાલ પૂછ્યો. હું મારા પપ્પા મમ્મીના બેડરૂમની ચોકીદાર હોત તો મને જરૂર ખબર હોત. યાર આ સવાલ ખરેખર તમારે મારી મમ્મીને પૂછવો જોઈએ. કારણ કે પપ્પાએ તો સાબિતિ આપી દીધી હતી કે તેઓ ઈચ્છે કે ન ઈચ્છે તેઓ છોકરા પેદા કરવા સક્ષમ છે જ. જેમ કે હું. મને નવાઈ લાગે છે કે પપ્પા જેવો પુરુષ આવી ભૂલ કેમ કરી બેઠો? જ્યારે આટલા બધા સાધનો પડ્યા છે.' સોનલ ફરી એકવાર હસી.

'મારા પ્રશ્નનો કચરો જ કરી નાખ્યો. બાય ધ વે સ્વાભાવિક છે કે કોઈ પણ સ્ત્રીને એવી ઈચ્છા થાય કે એને પોતાનું બાળક હોય.'

'પપ્પાની ત્રણ પ્રોડક્ટ તો ઓલરેડી ઘરમાં પડી જ હતી. પપ્પાને વધુ ઉત્પાદનમાં રસ નહીં હોય. રહી મમ્મીની વાત. તો પપ્પાએ બાળક ન પેદા કરવાની શરતે જ એની સાથે લગ્ન કર્યા હતા.'

'મતલબ પપ્પાએ તમારું સૌનું હિત જોયું એમ જ ને.'

'જે હોય તે, પપ્પાના કેટલાક નિર્ણયો હંમેશાં મને ગમ્યા છે.'

'તમારા પપ્પાના સાળાઓએ ત્રીજા લગ્ન વખતે વિરોધ ન કર્યો?'

'ના, જરાય નહીં. એમને જે વાંધો હતો તે મારી મમ્મી સામે હતો. જોકે એમને પપ્પા સાથે બોલવાના વહેવાર નથી. એ લોકો મારા ભાઈઓ સાથે ફોન પર વાત કરી લે છે.'

'તમારી ભાભીઓ તમારી સ્ટોરી જાણે છે?'

'હા, જાણે છે ને. એ મને નણંદ તરીકે માન આપે. તેમ છતાં ભાઈઓ મને બહેન નથી માનતા કે મારી પાસે રાખડી પણ બંધાવતા નથી એ કારણે મારાથી થોડું અંતર રાખે છે. બેય જણી શોખીન છે. એ આખાય જમેલામાં હું ન્યુટ્રલ છું. હું કોલેજમાં આવી ત્યાં સુધીમાં મને મારું ભવિષ્ય સમજાઈ ગયું હતું. મને ખબર હતી કે હું જે લોકો વચ્ચે રહું છું તેમની બધાને પોતાની દુનિયા છે.'

'તમારા અભ્યાસ વગેરેના નિર્ણયો તમે જાતે લીધા હતા કે ઘરમાંથી કોઈએ મદદ કરી હતી?'

'મને એ લોકોની ઉપેક્ષાનો સૌથી મોટો ફાયદો એ મળ્યો કે કદી કોઈએ મારા ભણવામાં ઈન્ટરફીયર જ ન કર્યું. મેં અત્યાર સુધીના મારા નિર્ણયો જાતે લીધા છે. મારા દાદા હતા ત્યાં સુધી મને પૂછતા. મારી ચિંતા પણ કરતા. એમના સિવાય કોઈએ એ જાણવામાં પણ રસ નથી લીધો કે હું શું ભણું છું. મારું પરિણામ શું આવ્યું. જાણે હું એ ઘરમાં પેઈંગ ગેસ્ટ હોઉં. જોકે કોલેજમાં આવ્યા પછી મારી જીભ ખૂલી ગઈ હતી. ભાઈઓ જ્યારે કોઈ વાત પર મારી સાથે માથાકૂટ કરતા ત્યારે હું પણ એમને સંભળાવી દેતી...'

'એક સાવ અંગત સવાલ કરું? સાચો જવાબ દેજો. તમને કોઈ છોકરો ગમી ગયો હોય. આઈ મીન......'

'સમજી ગઈ બાબા સમજી ગઈ. હું ખોટું નથી જ બોલી. મને અત્યાર સુધી કોઈ છોકરો ગમ્યો નથી કદાચ હવે પણ ગમશે કે કેમ તે હું જાણતી નથી. મને તો બોયફ્રેન્ડ શબ્દ જ સમજાતો નથી. કદાચ કુદરતે મારી અંદર છોકરીમાં હોય એવા કોઈ પાર્ટસ જ મૂક્યા નથી. જો લગ્ન કરીશ અને તે ઈમોશનલ માણસ હશે તો રોજ માથું કૂટશે. કેમકે મને શરમાતા જ નથી આવડતું !'

'છોકરીએ શરમાવું જરૂરી છે?'

'પણ આપણે જે દેશમાં રહીએ છીએ તે દેશમાં પરણીને આવનાર છોકરી પાસે પુરુષને કેટલીક અપેક્ષાઓ હોય છે. તમે માઠું ન લગાડશો પણ ભારતીય પુરુષ ઘરવાળી પાસે ઈચ્છે કે તે શરમાય અને બહારવાળી પાસે એવી અપેક્ષા રાખે છે કે તે બેશરમ બને.'

'એક વાતની નવાઈ લાગે છે કે તમે કોઈના પ્રેમમાં નથી પડ્યા, એવું કરતા તમને આવડતું નથી. તેમ છતાં તમે સ્ત્રી પુરુષ વિશે ખાસ્સું જાણો છો.'

'અતિજ્ઞાન માણસના જીવનરસને સૂકવી મૂકે છે. હું અતિજ્ઞાની છું. મેં મારી લાઈફનો અડધો અડધ સમય વાંચવામાં પસાર કર્યો છે. તમે અંગ્રેજી માધ્યમમાં ભણ્યા છો કે ગુજરાતીમાં ?'

'ગુજરાતી માધ્યમમાં' સનતે જરા ઢીલો જવાબ આપ્યો.

'ગુજરાતી માધ્યમમાં ભણવું એ કોઈ શરમની વાત નથી. જો તમે અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હો અને તમને વાંચવાનો શોખ હોય તો એવાં પુસ્તકો તમને મળી રહે જે નર્યા સત્ય પર લખાયેલાં હોય. આપણી પ્રાદેશિક ભાષાઓમાં રચાયેલું સાહિત્ય ભારતીય પરંપરાઓને પડકારતું નથી. આપણા લેખકો પાસે એ પ્રકારની હિંમત જ નથી. આજની તારીખે પણ ભારતીય લેખકો માટે દંભમાં વિંટળાયેલાં મૂલ્યો અગત્યનાં રહ્યાં છે. જોકે આપણે મૂળે અધ્યાત્મને અગત્યતા આપનારી પ્રજા છીએ, જ્યારે પશ્ચિમની પ્રજા ફંકશનલ છે.'

'વાહ, તમે ખરેખર પ્રોફેસર થઈ જાઓ.'

'મેં એક વર્ષ એ કામ કર્યું છે. એમ.એ.ના રિઝલ્ટ પછી હું એક કોલેજમાં પાર્ટ ટાઈમ લેક્ચરર હતી. મને ભણાવવાનું ગમે છે સનત.'

'તમારા પપ્પાએ કદી તમને લગ્ન કરવાનું કહ્યું છે?'

'સાચું કહું તો મારા અને પપ્પા વચ્ચે એક ચોક્કસ અંતર પડી ગયું છે. હું નાની હતી ત્યારે અમને બેયને એકબીજાનું જે ખેંચાણ હતું એમાંનું હવે કશું નથી રહ્યું. એ એકલા પડી ગયા છે. પહેલી પત્નીથી થયેલા છોકરા એમની દુનિયા અને કાવાદાવામાં પડ્યા છે. મારી સાથે એમનો તંતુ તૂટી ગયો છે. મને એવો કોઈ ભાવ નથી આવતો જે એક યુવાન દીકરીને એના બાપ તરફ આવતો હોય છે. પપ્પાને જે સ્ત્રીની કાયામાં રસ પડ્યો હતો તે સ્ત્રી હવે આખેઆખી એમની પાસે છે ત્યારે એમનો જીવનરસ સૂકાવા માંડ્યો છે. પપ્પા એમના જીવનમાં ઘટેલી ઘટનાઓના ભારથી પીડાય છે. જીવનમાં સ્થિર ન થઈ શકવાનો એક અફસોસ એમને ખાઈ રહ્યો છે. તમે માનશો મારા દાદા ગુજરી ગયા તે વખતે પપ્પા નાના બાળકની જેમ રોયા હતા. પપ્પાને મૂળ સંબંધ જે વ્યક્તિ સાથે હતો તે છેલ્લી વ્યક્તિ દાદા હતા. મારા પપ્પામાં હવે એ નૈતિક હિંમત જ નથી રહી કે મારી સાથે મારા લગ્ન વિશે વાત કરી શકે.'

સનતે ઘળિયાળ જોતાં કહ્યું 'ઓહ, અઢી વાગી ગયા?'

આપણે ત્યાં ફિલ્મો અઢી કલાકની જ હોય છે ને ?

'હા પણ હું માનું છું કે તમારી ફિલ્મનો ક્લાઈમેક્સ હવે આવવાનો છે. જેના થકી આજે આપણે અહીં એક જ રૂમમાં ભેગા થઈ ગયા છીએ. મને એ કહો કે તમારે ઘર છોડવાની શી જરૂર પડી? અને તમને એવું શા માટે લાગે છે કે કોઈ તમારું ખૂન કરાવી નાખશે.'

'સનત માફ કરશો પણ તમે એટલે નસીબદાર છો કે તમે એવા પરિવારમાં જન્મ્યા નથી જ્યાં અપાર દોલત હોય. પૈસાદારોનાં ઘરોમાં એક છત નીચે જીવતા લોકો વચ્ચે ખેલાતા જંગ આમ તો જાહેરમાં નથી આવતા, પણ એ જંગ ક્યારેક લોહિયાળ પણ બનતા હોય છે. મારા ઘર છોડવાના કારણમાં મારા દાદા છે.'

'દાદા? એ તો તમારા ફ્રેન્ડ થઈ ગયા હતા ને? વળી એકાદ વર્ષ પહેલા ગુજરી ગયા એવું તમે કહ્યું.'

'હા, એ અત્યારે આ દુનિયામાં નથી. મારા દાદા જે કંઈ કરી ગયા છે તેનું મહાભારત ખેલાય છે. હું એ ઘરમાં અસ્વિકાર્ય તો હતી જ, હવે દુશ્મન થઈ ગઈ છું. હું અત્યાર સુધી કોઈ માટે અગત્યની નહોતી હવે એટલી બધી અગત્યની બની ગઈ છું કે મારું જીવવું હરામ થઈ ગયું અને મારે ભાગવું પડ્યું.'

'ઓહ ! ફરી એક સસ્પેન્સ? મને વિગતે સમજાવો મારી ગુડ લેક્ચરર !'

'મારા દાદા જે વસિયત કરી ગયા છે તે વસિયત મારી જાનની દુશ્મન બની ગઈ છે. કંઈ સમજાય છે મીસ્ટર?'

સનત સોનલની આંખોમાં ચમકતી વીજળી જોઈ રહ્યો! (ક્રમશઃ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગુંગું | LAND MEASURE |
| ગુંજન | CAPACITY |
| ગુંજાશ | HUMMING |
| ગુંઠો | RUFFIAN |
| ગુંડો | DUMB |

### માતૃભાષાની મહેક

ચિંતા, મુસીબત, તકલીફ આવે તો માણસ મૂંઝાઈ જાય છે. એમાંથી બહાર કેમ નીકળવું એના જ વિચારો એને સતત ઘેરી વળે છે. જોકે, વિપત્તીને સુખની ઉપમા આપવામાં આવી છે. એક જાણીતું સુભાષિત છે કે વિપત્તિ સમાન સુખ નહીં, જો થોડે દિન હોય, ઈષ્ટ, મિત્ર, ભાઈબંધુ, જાણ પડત સબ કોય. ટૂંકમાં કૌન અપના કૌન પરાયાનો ખ્યાલ આવી જાય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HODOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ઘર બ) હુક્કો
ક) અવાજ ડ) મુસાફરી

### ઈર્શાદ

વરસાદડો તો પહેલુકથી છે સાવ વાયડો, છાંટેછાંટે એ મુંને દબડાવે જાણે હું બૈરું ને ઈ મારો ભાયડો!

--- રમેશ પારેખ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ■ | |
| | ■ | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | ■ |
| ■ | ૧૫ | | | | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | | | ■ |
| ■ | | ■ | ■ | ૨૦ | | | ■ | ■ | ૨૧ |
| ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | | ■ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | | ૩૦ | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | ■ | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. તણખો (૪)
૪. સુગંધ, સુવાસ (૪)
૭. બગીચો, ઉપવન (૨)
૮. વિના --- નહીં ઉદ્ધાર (૪)
૧૦. માલમિલકત, દોલત (૨)
૧૧. સૌથી મોટું (૩)
૧૨. છ (૨)
૧૩. કૃપાળુ (૩)
૧૫. કુટુંબકબીલો (૪)
૧૭. ગર્વિષ્ઠ, માન માગતું (૨)
૧૮. પાયમાલ, બરબાદ (૨)
૧૯. ચર્ચા, વાતનો ઊહાપોહ (૪)
૨૦. ચાકર (૩)
૨૩. ઉપદેશ, શિખામણ (૨)
૨૫. ફૂલ (૩)
૨૭. વાચા, વાણી (૨)
૨૯. સાર, સત્ત્વ (૪)
૩૧. જ્યારે (૨)
૩૨. અર્પણ કરવું તે (૪)
૩૩. હોળી (૪)

**ઊભી ચાવી**

૧. ચાંપલું (૪)
૨. શહેર (૩)
૩. રોષ, ગુસ્સો (૨)
૪. પરીક્ષા, પારખુ (૩)
૫. મારું (૨)
૬. થાક, શ્રમ (૩)
૯. હાજર સો --- (૪)
૧૩. ધર્મશાળા (૩)
૧૪. બેવકૂફ, મૂર્ખ (૩)
૧૫. આશ્રય, રક્ષણ (૩)
૧૬. નર્મદાને તીરે --- એટલા શંકર (૩)
૧૯. તકરાર, કજિયો (૪)
૨૧. --- અઠ્ઠની, ખર્ચા રૂપૈયા (૪)
૨૨. રહેઠાણ (૩)
૨૪. પાણીનો બાંધ (ડેમ) (૩)
૨૬. સારી કીર્તિ (૩)
૨૮. દુઃખ, આપત્તિ (૨)
૩૦. સર્વ, તમામ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| ૨૩ અ | મા | ૨૪ સ | ■ | ■ | ૨૫ ર | ૨૬ મ | ત | ■ | સૂ |
| વ | ■ | ૨૭ ર | ૨૮ મ | ણ | ■ | રા | ■ | ૨૯ ખે | લ |
| ૩૦ નિ | ષ્ફ | ળ | તા | ■ | ૩૧ છ | ળ | ક | પ | ટ |

### ઓળખાણ પડી?

મજબૂત ઈમારતી લાકડું આપતા વૃક્ષ ઉપર ઔષધીય ગુણ ધરાવતા સ્વાદિષ્ટ ફળની ઓળખાણ પડી? તેના પાકા ફળમાં દૂધ જેવું પ્રવાહી હોય છે.



અ) બેડાં બ) આમળા ક) નાસપતિ ડ) રાયણ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આ નભ ઝૂક્યું તે કાનજી' પંક્તિમાં નભ શબ્દનો અર્થ જણાવો.

અ) વાદળા બ) આકાશ ક) વેલો ડ) મેઘધનુષ

### માઈન્ડ ગેમ

૨૦૧૭ સુધી લશ્કર હસ્તક રહેલો ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો ચૂનો અને ઈંટથી બનેલો ગોવિંદગઢ કિલ્લો કયા શહેરમાં છે એ જણાવો.

અ) ગુરુદાસપુર બ) ચંદીગઢ ક) અમૃતસર ડ) પટના

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૭ | | | | | | |
| ૨ | | | | | ૫ | | | |
| ૩ | ૯ | | ૪ | | | | | |
| ૯ | | | | ૧ | | ૭ | | ૪ |
| | | | ૮ | ૪ | ૨ | | | |
| ૧ | | ૨ | | ૫ | | | | ૩ |
| | | | | | ૯ | | ૩ | ૭ |
| | | | ૧ | | | | | ૫ |
| | | | | | | ૮ | ૬ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૮ | ૧ | ૯ | ૬ | ૩ | ૪ | ૫ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૯ |
| ૩ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ | ૭ | ૧ | ૬ |
| ૬ | ૩ | ૪ | ૫ | ૧ | ૯ | ૨ | ૭ | ૮ |
| ૮ | ૧ | ૨ | ૪ | ૬ | ૭ | ૯ | ૫ | ૩ |
| ૯ | ૫ | ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૬ | ૧ |
| ૭ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૨ | ૯ | ૭ | ૩ | ૧ | ૬ | ૮ | ૪ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૭ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગિરમીટ | DRILL |
| ગિરવી | MORTGAGED |
| ગિરિ | MOUNTAIN |
| ગિરિધર | SHRIKRISHNA |
| ગિરીશ | HIMALAYA |

**ગુજરાત મોરી મોરી રે:** લખાણ

**ઓળખાણ પડી?** કૌંચા

**માઈન્ડ ગેમ :** પુણે

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** અદૃશ્ય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# ફણગાવેલાં અનાજના સેવનમાં સમાયેલી છે નીરોગી સ્વાસ્થ્યની કૂંચી


ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. મેઘરાજાની મહેરથી સંપૂર્ણ સૃષ્ટિ આનંદિત બની ગયેલી જોવા મળે છે. ધરતી માએ સુંદર લીલુડી ઓઢણી ઓઢી લીધી છે. આવા સમયે કુદરતના સાનિધ્યમાં રહીને મંદ-મંદ પવન સાથે તેનો આનંદ અચૂક માણવો.


જોઈએ. પ્રકૃતિની સુંદરતાના દીવાના હોય તેવાં અનેક શોખીનો પ્રથમ વરસાદમાં ભીજાયા બાદ નજીકના પર્યટન સ્થળે અથવા તો જંગલોની આસપાસના વિસ્તારમાં અચૂક ફરવા નીકળી જતાં હોય છે. વરસાદ... વાતાવરણમાં ઠંડકની સાથે અન્ય પાણીજન્ય રોગને લઈને આવે છે. ચોમાસાના દિવસોમાં ભોજન આરોગ્યપ્રદ હોવું અત્યંત આવશ્યક બની જાય છે. ઘરનું સાત્ત્વિક ભોજન અતિ-આવશ્યક બની જાય છે. ભોજનમાં વિવિધતા માટે આપ અંકુરિત અનાજનો ઉપયોગ આ મોસમમાં અવશ્ય કરી શકો છો. વિવિધ પ્રકારના અંકુરિત અનાજમાં અલગ-અલગ પ્રમાણમાં પોષણ મૂલ્ય સમાયેલાં હોય છે. જેમાં મગ-મટકી-મેથી-ચણા-ઘઉં-મસૂર-અડદ-રાજમાનો સમાવેશ થઈ શકે. એવું કહેવાય છે કે જે તે અનાજ કે કઠોળને પલાળ્યા બાદ તેને ફણગાવવા માટે રાખવામાં આવે છે. તેમાં પ્રારંભિક સમયમાં નાના ફણગા (અંકુર) દેખાવા લાગે છે. તેમાં ભરપૂર માત્રામાં સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. તેથી ફણગાવેલાં અનાજને 'સુપરફૂડ' કહેવામાં આવે છે.

ફણગાવેલાં અનાજમાં વિટામિન એ, વિટામિન સી, વિટામિન ઈ, તથા પોટેશિયમ, મેગ્નેશિયમ, ફાઇબર, પ્રોટીન તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ વધી જતું હોય છે. તેથી જ તો તેને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ લોકો દ્વારા મૂલ્યવાન આહાર ગણવામાં છે. કેમ કે તે માનવશરીરમાં થતી રાસાયણિક પ્રક્રિયાને મજબૂત બનાવવામાં મુખ્ય ભાગ ભજવે છે.

જો આપ પ્રતિદિન ફક્ત ૧ કપ એક જ પ્રકારનું ફણગાવેલું વિવિધ અનાજ ખાવાનું શરૂ કરો તો તેમાં કેલરીની માત્રા ૨૫૭, પ્રોટીન ૭.૭ ગ્રામ, કાર્બોહાઈડ્રેટ ૬.૨ ગ્રામ, ફાઈબર ૨ ગ્રામ, વિટામિન સી ૧૩.૭ મિલિગ્રામ, ૦.૩૮ ગ્રામ ફેટ હોય છે. જુદા-જુદા ફણગાવેલાં અનાજમાં નિયાસિન, થિયામિન, ફૉલેટ, રાઈબોફ્લેવીન, પૅંટોથેનિક જેવાં એસિડ સમાયેલાં હોય છે. આયર્ન તેમજ કેલ્શિયમની માત્રા પણ સમાયેલી હોય છે.

ફણગાવેલાં અનાજમાંથી વિવિધ વાનગી બનાવી શકાય છે. જેમ કે મગ-મઠનું સલાડ, મગ-મઠનું ઉસળ, મગના ચિલા, મગનું શાક જે કઢી સાથે ગુજરાતી રસોડામાં આજે પણ બનતું હોય છે. ફણગાવેલાં મગનો હલવો બનાવી શકાય છે.









## ફણગાવેલાં અનાજના લાભઃ

**માનવ શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્યને ટકાવવા ગુણકારી :** ફણગાવેલાં કઠોળમાં પ્રોટીનનું પ્રમાણ ભરપૂર સમાયેલું હોય છે. જે શરીરમાં રાસાયણિક પ્રક્રિર્યાને સુચારૂ રીતે કરવામાં સહાય કરે છે. શરીરના વિભિન્ન કોષનું સમારકામ કરે છે. ત્વચાની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. માંસપેશીના વિકાસમાં તેમજ હાડકાંની મજબૂતાઈ જાળવી રાખવામાં ગુણકારી ગણાય છે. શાકાહારી માટે ફણગાવેલું અનાજ વરદાન સમાન છે.

**પાચન શક્તિ વધારવામાં લાભદાયક :** ફણગાવેલાં કઠોળમાં સૌથી વધુ માત્રામાં ઍન્ઝાઈમ હોય છે. ઍન્ઝાઈમ પાચન-પ્રક્રિયા સહિત શરીરમાં થતી રાસાયણિક ક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જેમના શરીરમાં પાચનક્રિયા નબળી હોય તેમના શરીરમાં ઍન્ઝાઈમ બનવામાં મુશ્કેલી ઊભી થાય છે. તેમને માટે ફણગાવેલાં કઠોળનું સેવન લાભકારક ગણાય છે. ફણગાવેલાં કઠોળમાં સારી માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે. જે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યામાં ફણગાવેલું કઠોળ લાભદાયક ગણાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** ફણગાવેલાં અનાજને પોષક તત્ત્વોનો ખજાનો ગણવામાં આવે છે. તેમાં કેલરી તેમજ ચરબીની માત્રા ઘટાડવાના ગુણ સમાયેલાં હોય છે. વજનને નિયંત્રણમાં રાખવા માટે ફણગાવેલું અનાજ ફાયદાકારક ગણાય છે. ફણગાવેલાં અનાજમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોવાથી તેનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. અનેક વખત એવું બનતું હોય છે કે વ્યક્તિને સખત ભૂખ લાગી જતી હોય છે. તેવા સમયે કાંઈ પણ ખાઈને ભૂખને સંતોષવાને બદલે ફણગાવેલાં કઠોળને ભેળ સ્વરૂપે ખાવાથી ભૂખ સંતોષાઈ જાય છે. જેને કારણે વધુ પડતો ખોરાક પેટમાં પધરાવવાથી બચી શકાય છે. સખત ભૂખ લાગી હોય ત્યારે જો થોડું પણ વધુ ખવાઈ જાય તો અકળામણ થવા લાગે છે. જે સ્વાસ્થ્યને માટે નુકસાનકારક ગણાય છે. વળી ચરબીયુક્ત ખોરાક લીધો હોય તો ધીમે પગલે વજન વધવાની સમસ્યા દેખા દે છે. ફણગાવેલું અનાજ ભૂખને નિયંત્રણમાં રાખવા માટેનો સરળ ઉપાય છે.

**હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારી :** ફણગાવેલાં અનાજમાં ઑમેગા -૩ ફેટી એસિડ સારી માત્રામાં હોય છે. જે ખાદ્યપદાર્થમાં ઑમેગા- ૩ ફેટી એસિડની માત્રા હોય તેમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોય છે. જે હૃદયની ઉપર વધતાં તણાવની માત્રાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ફણગાવેલાં કઠોળમાં રહેલું પોટેશિયમ વૈસોડિલેટરના રૂપમાં કામ કરે છે. જે રક્તવાહિની તેમજ ધમનીઓમાં વધતા તણાવને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. લોહીમાં ઑક્સિજનનું સ્તર વધારી દે છે. જેને કારણે લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે. હૃદયની ધમનીઓમાં લોહી ગંઠાઈ જવાની સમસ્યાથી કે હૃદયરોગનો હુમલો થવાની શક્યતાથી બચાવમાં મદદરૂપ બને છે.

**ઍનિમિયાથી બચાવે છે :** શરીરમાં આયર્નની ઊણપ વધતી જાય તેમ વ્યક્તિના શરીરમાં નબળાઈ આવવા લાગે. આયર્નની ઉણપને કારણે લાલ રક્તકોશિકાની સંખ્યા પ્રભાવીત થઈ શકે છે. જેની અસર શરીર ઉપર હાનિકારક ગણાય છે. શરીરમાં નબળાઈને કારણે થાક લાગવો, ચક્કર આવવા, એકાગ્રતાથી કામ કરવાની શક્તિ ઘટી જવી, સાથે પેટમાં વિકાર પેદા થવાની શક્યતા વધતી જાય છે. ઉપરોક્ત સમસ્યાથી બચવું હોય તો શરીરમાં લાલ રક્તકોશિકાની સંખ્યા વધતી રહે તે આવશ્યક છે. જેને કારણે શરીરમાં ઑક્સિજનની માત્રા જળવાઈ રહે છે. શરીરના પ્રત્યેક અંગ તેનું શ્રેષ્ઠ કામ આપવા લાગે છે. તે માટે આહારમાં ફણગાવેલાં કઠોળનો ઉપયોગ આવશ્યક છે.

**વાળ તેમજ ત્વચા માટે ફાયદાકારક :** ફણગાવેલાં અનાજમાં વિટામિન એ, વિટામિન સી તેમજ ઍન્ટિ-ઑક્સિડન્ટ સમાયેલાં હોય છે. જે ત્વચા તેમજ વાળ માટે ફાયદાકારક ગણાય છે, વાળનો જથ્થો વધારવાની સાથે ત્વચાની ચમક વધારવામાં ફણગાવેલાં અનાજનું સેવન લાભદાયક ગણાય છે.

**આંખોની તંદુરસ્તી માટે લાભદાયક :** ફણગાવેલાં કઠોળનું સેવન કરવાથી શરીરમાં વિટામિન એની માત્રા વધે છે. જે આંખોની સાથે સંબંધિત સમસ્યાથી રાહત અપાવવામાં મદદ કરે છે. જેમ કે ઝાંખું દેખાવું, આંખની અંદરના ભાગમાં ઝીણું કળતર થવું કે આંખમાંથી સતત પાણી પડતું હોય તેમાં રાહત આપે છે. તેમાં રહેલાં ઍન્ટિ-ઓક્સિડન્ટ આંખોની રોશની વધારવામાં મદદ કરે છે.

### વિવિધ અંકુરિત કઠોળની ચટપટી ભેળ



**સામગ્રી :** ૧ વાટકી ફણગાવેલાં મગ,૧ વાટકી ફણગાવેલાં મઠ, ૧ વાટકી ફણગાવેલાં ચણા, ૧ વાટકી ફણગાવેલાં ચોળા

૧ નાની વાટકી ઝીણાં સમારેલાં ટામેટાં, ૧ નાની વાટકી ઝીણી સમારેલી કાકડી, ૧ નાની વાટકી ઝીણું સમારેલું બાફેલું બીટ, ૧ નાની વાટકી બાફેલી મકાઈ, ૧ નાની વાટકી બાફેલાં શીંગદાણા, ૧ લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ, ૧ નાની ચમચી ખાંડ, ૧ નાની ચમચી આમલીની ચટણી, ૧ નાની ચમચી કોથમીર-ફુદીનાની ચટણી, ૧ નાની વાટકી મસાલા શીંગ, ૧ ચમચી દળેલી ખાંડ, ૨ નંગ ઝીણાં સમારેલાં મરચાં, સજાવટ માટે સેવ-કોથમીર-દાડમના દાણા.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ મગ-મઠ-ચણા-ચોળાને સ્વચ્છ પાણીથી સાફ કરીને ૭-૮ કલાક પલાળી રાખવા. ત્યારબાદ તેનું પાણી બહાર કાઢી લેવું. તેને એક સ્વચ્છ કપડાંમાં બાંધી દેવાં. ત્યારબાદ તેને ૧૦ મિનિટ માટે બાફી લેવાં. હવે એક મોટી કડાઈમાં બાફેલાં કઠોળ લેવાં. તેમાં સમારેલો તાજો સલાડ ભેળવવો. લીંબુ નીચોવવું. સ્વાદાનુસાર સંચળ ભેળવવું. ખાંડ ઉમેરીને બરાબર ભેળવી લેવું. તેમાં ૧ નાની ચમચી આમલીની ચટણી ભેળવવી. લીલી ચટણી લેવી. કઠોળને બરાબર ભેળવી લેવું ઉપરથી મસાલા સિંગ, દાડમના દાણા, કોથમીર ભેળવવી. બરાબર મિક્સ કરી લેવું. ઉપરથી ઝીણી સેવ તથા દાડમના દાણા-કોથમીર-લીલી ચટણીથી સજાવીને તેનો ચટાકો માણવો.

**શરીરમાં જમા થયેલો કચરો દૂર કરવામાં ઉપયોગી :** ફણગાવેલું અનાજ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે શરીરમાં જમા થયેલાં કચરાને દૂર કરવામાં મદદ કરે છે. ફણગાવેલાં અનાજમાં ક્લોરોફિલ સેલ્સ ડાયજેસ્ટિવ સિસ્ટમમાંથી ટોક્સિક પદાર્થ બહાર કાઢવામાં મદદ કરે છે. વળી તેમાં સમાયેલાં ઍન્ઝાઈમ પાચનપ્રક્રિયાને સરળ બનાવે છે. જેને કારણે શરીરમાં લાંબા સમયથી રહેલાં ઝેરી પદાર્થોથી છુટકારો મળે છે.

**અંકુરિત ધાન્ય ખાવાનો સમય :** ફણગાવેલાં કઠોળ ખાવાનો સમય સવારનો ફાયદાકારક ગણાય છે. રાત્રિના સમયે તે ગેસ કે અપચો કરે છે. અડધી કે એક વાટકી ફણગાવેલું અનાજ ખાવું યોગ્ય છે. અનાજને ફણગાવતાં પહેલાં તેને સ્વચ્છ પાણીથી ધોવા જરૂરી છે. તેમ કરવાથી તેમાં રહેલી માટી-કાંકરા-કીટક નીકળી જશે. ફણગાવવા માટે જે કપડાંમાં મૂકવામાં આવે તે કપડું કે વાસણ સ્વચ્છ હોવું જરૂરી છે. હાલમાં તો ફણગાવવા માટે ખાસ ડબ્બા બજારમાં ઉપલબ્ધ છે. તેનો ઉપયોગ કરવો ઉત્તમ છે. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# મન માગવાનું માંડી વાળે તો મોક્ષ અહીં જ છે...




'તમારા સમ, આ તો સમાજનું મારા પર ઋણ છે એટલે બોલતો નથી, બાકી હૈયામાં વાગતા કેટલાક ઘા મારાથી સહન નથી થતા. તમે આજકાલમાં મળો તો મારા ચહેરા પર આઘાત-આશ્ચર્ય ને ગુસ્સો એવા થ્રી-ઇન-વન મિશ્ર હાવભાવ જોવા મળશે. આંખોમાં પૃથ્વીના ગોળામાં દેખાતી લાઈન જેવી લાલ ટસરો મારી આંખોમાં ફૂટેલી જોવા મળશે. હું જાણું છું કે સત્ય સરળ છે પણ એ બોલવું પડે ત્યારે બહુ કઠણ હોય છે. પણ ક્ષમા કરો કેટલાક સત્ય કઠણ બનીને પણ જણાવ્યા વગર છુટકો નથી.

એકદમ બોલ્ડ બોલું તો ઈશ્વરે આપણને માગ્યા વગર જ જન્મ આપવાની ભૂલ કરી. પછી એ શરીરમાં જન્મેલું મન દુધિયા દાંતથી માંડીને મોઢામાં ચોકઠુ આવ્યું ત્યાં સુધી અને મોતી જેવી આંખોમાં મોતિયો આવ્યો ત્યાં સુધી જુદી જુદી માગણીઓ કરી એનું લોહી પી જાય છે. ને એ માટે આપણે કેવો દાવ રમ્યા? મંદિરની મૂર્તિની પૂજા કરી. પછી આરતી તો એવી રીતે ફેરવી કે જાણે એમને ચીમકી આપતા હો : 'પ્રભુ, મારું કામ કરે છે કે સળગાવી દઉં? આવી લુખ્ખી દાદાગીરી? તો એ બિચારો ગભરાઈ ન જાય? પછી તે જે અગરબત્તી પેટાવી એ બળીને સુવાસ આપવા લાગી પણ તું તો બીજાની સુવાસ જોઈ અંદરથી બળી ગયો. પૂજા પૂરી થતા જ માગણીઓનો વરસાદ શરૂ કર્યો. જેની પાસે ઓછું હતું એ મંદિરની બહાર ભીખ માગવા બેઠા ને જેને ઓછું પડ્યું એ મંદિરની અંદર માગવા લાગ્યા.

આપણે બધા એ ભૂલી જ ગયા કે મંદિર એ તો પ્રભુનો આભાર માનવાનું સ્થળ છે ને આપણે એને માગવાની ઓફિસ બનાવી દીધી. માગવાની ના નથી એક તો સાચો સાથી છે જેની પાસે દિલ ખોલીને મગાય. પણ આશ્ચર્યની વાત એ છે કે આપણે બનાવેલી મૂર્તિ સામે આપણે જ માગવાનું? વોટ અ કોમિક ટ્રેજેડી. અલ્યા ભગત, મૂર્તિ જો માગેલું બધું આપતી હોત તો દુકાનદાર મૂર્તિ વેચે ખરો? અને આપણી માગણીઓ ક્યાં ઓછી છે.

પદ, પૈસો, નામના, સંપત્તિ, વૈભવ, બંગલા, ગાડી, ફલાણું ઢીકણું... આખી યાદી જો પ્રભુ વાંચવા બેસે તો તેને પણ આંખમાં મોતિયો આવી જાય ને એ બધા વિશે વિચારવા બેસે તો બ્રેન હેમરેજ થઇ જાય. એ અંદરથી મુંઝાતો જાય, અકળાતો જાય, થાકી જાય, પાકી જાય, ત્રાસી જાય મૂર્તિમાંથી નીકળી મંદિરની બહાર ભાગી જાય, ભડકી જાય, એની ખોપરી ફાટી જાય...'

'અરે ચુ...ઉ...ઉ...ઉ...પ, હવે વધુ બોલ્યો તો અમારી ખોપરી ફાટી જશે.' તમે ભડક્યા.

'ન ફાટે વહાલા જરાય ન ફાટે, ખોપરી તો આપણું સૌથી મોટુ ભિક્ષાપાત્ર છે જે ક્યારેય ભરાતું નથી. બધુ ઓછું જ પડે છે. મોટુ લીસ્ટ વાંચી ઈશ્વરને પણ આપઘાત કરવાનું મન થાય ને કરે તો એનો આઘાત આપણાથી સહન ન થાય. આગળ પાછળની ખબર નથી પણ આપણે જીવીએ ત્યાં સુધી તો એ જીવવાનો જ. એટલે જો ન આપે તો ભડકીને કહી દેવાનું 'જો ભાઈ ઈશ્વર, તારે આ બધું નહોતું આપવું તો જનમ પણ શું કામ આપ્યો? છે જવાબ?'

આજે પેટ છૂટી જ નઈ પણ આખી બોડી છૂટી વાત કરું તો મેં શંકરના મંદિરે જઈ આંખ બંધ કરી ગાયુ 'મંગલ મંદિર ખોલો, દયામય મંગલ મંદિર ખોલો.'

ત્યાં તો અંદરની મૂર્તિને વાચા ફૂટી : 'બકા, તે કોઈ દિવસ કોઈના માટે તારા ઘરના કે હૃદયના દ્વાર ખોલ્યા? ના. ને ? હું મારું મંગલ મંદિર ખોલું એના કરતા તું તારી આંખ ખોલ તો તને ખ્યાલ આવશે કે મારા મંદિરને દ્વાર જ નથી. બધાને વેલકમ'

ત્યાં તો હું મંદિરથી યુ ટર્ન લઇ ભાગવા લાગ્યો ત્યાં પાછળથી મારા કાને અવાજ અથડાયો : 'હે વત્સ, કેમ ભાગ્યો? આજે કઈ માગવું નથી?'

'ના ભાઈ ના. ખરું કઉં તો હું જે માગું ને એ તું આપી ન શકે તો કારણ વગરના આપણા સંબંધો ખરાબ થઇ જાય.

એના કરતા...'

'હે અજ્ઞાની સુભાષ નામના જીવ, તું માગવા આવે છે એના કરતા કોઈવાર મળવા આવ, તો તને માગવાની જરૂર

જ નઈ પડવા દઉ.'

'અરે વાહ, મને અજ્ઞાની કહેનાર હે શંકર નામના ઈશ્વર, એવી કઈ વસ્તુ આપશો કે મને માગવાની જરૂર ન પડે. યુ નો? છેલ્લા ત્રણ મહિનાથી 'લોટરી લગાડ... લોટરી લગાડ' બોલી મારી જીભના છોતરા નીકળી ગયા પણ...'

'અરે પણ તું પહેલા ટિકિટ તો લે. તારે ટિકિટ પણ લેવી નથી ને બધું મેળવી લેવું છે? ડોન્ટ ફિલ બેડ, પણ તે કોઈ દિવસ એ વિચાર્યું કે વરસાદની સીઝન છે તો ચાલો, પ્રભુ શંકર માટે છત્રી લઇ જઉં કે આખી જિંદગી હિમાલયમાં કાઢવાની છે તો સ્વેટર કે ઓઢવાનું લઈ જઉ. ને જેટલું ધ્યાન મંદિર કે નસીબ પર રાખે છે એટલું ધ્યાન પુરુષાર્થ પર રાખ્યું હોત તો મારા પાસે પણ ન માગવું પડે. સમજ્યો?'

'એકદમ સાચું કઉં પ્રભુ? હું પોતે પણ આ જાળજંજાળથી થાકી ગયો છું તો પ્રભુ મને તો આવતા ભવે મોક્ષ જોઈએ

છે.'

'આવતા ભવે? અરે ઉપરની યાદીને હૃદયમાંથી ફાડીને ફેકી દે તો મોક્ષ આ ભવે જ મળે. યાદ રાખ મન માગવાનું

માંડી વાળે તો મોક્ષ અહીં ને અત્યારે જ છે.' **શું કહો છો?** ■

આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

## નાક, કાન અને ગળાની બીમારીની શ્રેણી

# અવાજ બેસી જવો...

### કાકડા સૂજી જવા

કાકડા સૂજી જવાનાં લક્ષણ :

- ગળામાં સોજો આવે અને ચાંદા પડી શકે.
- ભોજન અન્નનળીમાં ઉતારવામાં તકલીફ પડવી.
- બોલવામાં તકલીફ પડવી.
- કાનમાં રસી આવી શકે વગેરે...

### કાકડા થવાનાં કારણ

- જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે કારણોથી કાકડા પણ થઈ શકે છે.
- અપચો કે અજીર્ણ થવાથી.
- વધુ ઠંડું જમવાથી.
- જે વ્યક્તિને કાકડા થાય હોય તેનો ચેપ લાગવાથી.

### કાકડાના ઉપચાર

૧. હૂંફાળા પાણીમાં મીઠું નાખીને દિવસમાં ૨-૩ વાર કોગળા કરવા.

૨. તુલસીનો રસ, આદુંનો રસ અને મધ ત્રણેય ૧-૧ ચમચી મિશ્ર કરી સવાર-સાંજ લેવો.


૩. હળદર અને ખાંડવાળું ગરમ દૂધ પીવું.

૪. અડધી ચમચી હળદર સાથે ૧-૧ ચમચી ઘી અને સાકર ચાટવું.

૫. કાળા મરી અને ફુદીનાનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું.

૬. હળદરને મધમાં મેળવી કાકડા ઉપર લગાડવી.

- અવાજ બેસી જવો એટલે સ્વરપેટીને સોજો આવી જવો.




### અવાજ બેસી જવાનાં કારણ

- જે કારણોથી ગળાનું ઈન્ફેક્શન થાય તે કારણોથી અવાજ પણ બેસી શકે છે.
- એક સાથે વધું પડતું બોલવું.
- ધૂમ્રપાનનું વ્યસન હોવું.

### અવાજ બેસી જવાનાં ઉપચાર

નોંધઃ- વધુ ઠંડાં, ખાટાં-ખારાં અને તીખા પદાર્થો ન લેવાં.

૧. ગરમ કરેલા દૂધમાં થોડી હળદર નાખી પીવું.

૨. સાકરની ગાંગડી, એલચી, તજ અથવા લવિંગ મોંમાં રાખીને ચૂસવા.

૩. પાકું દાડમ ખાવું અથવા દાડમની છાલ ચગળવી.

૪. બોરડીની છાલ ચૂસવી.

૫. ભોજન કર્યા પછી મરીનું ચૂર્ણ ઘી સાથે ચાટવું.

૬. રાત્રે શેકેલા ચણા ખાઈ ઉપર ગરમ પાણી પીવું.

૭. ફૂલાવેલી ફટકડીનો ભૂકો કરી, તેનો ૧ ચમચી પાવડર પાણીમાં હલાવીને કોગળા કરવા.

૮. જેઠી મધનું લાકડું ચૂસવું.

### સાવધાની

ગળું પકડાઈ જવું, અવાજ બેસી જવો, કાકડા આવી જવા વગેરે તકલીફોમાં નીચે મુજબની સાવધાની રાખવી :

- આ બીમારીઓમાં હિંમતપૂર્વક એક ઉપવાસ તો કરવો, તેનાથી રોગપ્રતિકારકશક્તિ વધશે અને ઓછા સમયમાં રાહત થશે.
- ઠંડી, તળેલી અને ગણપણવાળી વાનગીઓનો ત્યાગ રાખવો.
- તરસ લાગે ત્યારે સૂંઠનું ઉકાળેલું પાણી પીવું.
- કકડીને ભૂખ લાગે ત્યારે જ જમવું.
- ઉજાગરાથી બચવું અને દિવસે સૂવાની આદત ટાળવી.
- કાકડા ૭૦% થી ૭૫% વાઈરલ ઈન્ફેક્શનના કારણે થતાં હોય છે તથા ૧૦ થી ૩૦% બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે થતા હોય છે. તેથી વાઈરલ ઈન્ફેક્શનના કારણે થયેલા કાકડામાં એન્ટિબાયોટિક દવાઓ કોઈ કામમાં આવતી નથી. ■

# વર્લ્ડ કપમાં ભારતની એક શૂટર જીતી ગોલ્ડ અને બીજી બ્રૉન્ઝ

## ગોલ્ડન ગર્લ ઈશા સિંહ અને બ્રૉન્ઝ મેડલિસ્ટ મનુ ભાકરને અમિત શાહના હાર્દિક અભિનંદન

હાન્ગઝોઉ (ચીન): એક તરફ સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ઍથ્લીટોએ દેશને દરરોજ એક કે એકથી વધુ મેડલ અપાવવાનું શરૂ કરી દીધું છે ત્યારે ચીનમાં ચાલી રહેલા શૂટિંગના વર્લ્ડ કપમાં ભારતની બે શૂટરે રાષ્ટ્રને એક જ દિવસે બે ચંદ્રક અપાવ્યા છે.

નિશાનબાજીની રમતમાં ટૂંકા સમયમાં સ્ટાર બની ગયેલી અને શાનદાર પર્ફોર્મન્સથી શૂટિંગ જગતમાં ઊભરી રહેલી ઇશા સિંહે આઇએસએસએફ વર્લ્ડ કપ (રાઇફલ/પિસ્તોલ/શૉટગન) સ્પર્ધામાં મહિલાઓની પચીસ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેણે ભારતની જ પૅરિસ ઑલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકરને પાછળ રાખીને આ સિદ્ધિ મેળવી હતી. મનુ ભાકરે એ જ ઇવેન્ટમાં બ્રૉન્ઝ મેડલ પર કબજો કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ઇશા સિંહ તેમ જ મનુ ભાકર, બન્નેને સોશ્યલ મીડિયા પર હાર્દિક અભિનંદન આપ્યા હતા.

૨૧ વર્ષની ઇશા સિંહે ફાઇનલમાં જડબેસલાક પર્ફોર્મ કર્યું હતું. તેણે ૪૦ હિટ્સ સાથે સુવર્ણચંદ્રક પર કબજો કર્યો હતો. ગયા વર્ષની પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર મનુ ભાકરે ખૂબ લડત આપી હતી, પરંતુ ૨૮ હિટ્સને લીધે તેણે કાંસ્યચંદ્રકથી સંતોષ માની લેવો પડ્યો હતો. આ જ સ્પર્ધામાં ચીનની ઝાન્ગ યેઉઇ ૩૭ હિટ્સ સાથે બીજું સ્થાન મેળવીને સિલ્વર મેડલ જીતી હતી.

### ક્વૉલિફાઇંગમાં મનુ આગળ હતી

ફાઇનલ માટેના ક્વૉલિફાઇંગ રાઉન્ડને અંતે મનુ ભાકર ૫૮૬-૨૦એક્સના સ્કોર સાથે મોખરે હતી. ઇશા સિંહ તેના પછી ૫૮૫-૧૮એક્સ સાથે તેની નજીકના બીજા સ્થાને હતી. તેઓ ક્વૉલિફાઇંગ રાઉન્ડની અનુક્રમે પાંચમા


ઈશા સિંહ મનુ ભાકર

અને સાતમા નંબર પર રહીને ફાઇનલમાં પ્રવેશી હતી. આ સ્કોર સાથે તેમણે આઠ શૂટરવાળા ફાઇનલ રાઉન્ડમાં આસાનીથી પ્રવેશ કર્યો હતો. ઇશાએ આ સીઝનની શરૂઆતમાં મ્યૂનિકમાં પણ વર્લ્ડ કપનો ગોલ્ડ જીતી લીધો હતો એટલે એ સફળતા જાળવી રાખવા તેના પર માનસિક દબાણ હતું. જોકે ઇશાને ચીનના હાન્ગઝોઉ શહેરની શૂટિંગની સ્પર્ધામાં ભાગ લેવો ખૂબ ગમે છે એટલે તેનામાં ભરપૂર આત્મવિશ્વાસ હતો અને તેણે ગોલ્ડ મેડલ જીતીને બતાવ્યો છે. હવે ૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં પણ તે મેડલ જીતી શકે એવી આશા વધી ગઈ છે.

### ભારત મેડલ-ટેબલમાં બીજા નંબરે

વર્લ્ડ કપના મેડલ-ટેબલમાં ભારત હવે ત્રીજા નંબરે છે. ચીન છ ગોલ્ડ, ચાર સિલ્વર અને પાંચ બ્રૉન્ઝ સહિત કુલ ૧૫ ચંદ્રક સાથે પ્રથમ સ્થાને છે. બીજા સ્થાને અમેરિકા (બે ગોલ્ડ, બે સિલ્વર સહિત કુલ ચાર મેડલ) છે અને ત્રીજા નંબરના ભારત પાસે એક ગોલ્ડ, એક સિલ્વર, એક બ્રૉન્ઝ સહિત કુલ ત્રણ મેડલ છે. ■

# મીરાંબાઈ ચાનુની ગોલ્ડ મેડલની સિદ્ધિ પછી પિત્ઝાની મોજ

## ત્રણ દિવસથી કંઈ ખાધું-પીધું નહોતું એટલે ફેવરિટ વાનગી મળતાં જ તૂટી પડી!

**અમિત શાહ**

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): રવિવારે અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર તેમ જ ઑલિમ્પિક્સ પછીના આ બીજા નંબરના રમતોત્સવમાં સુવર્ણચંદ્રકની હૅટ-ટ્રિક કરનાર મણિપુરની ૩૧ વર્ષની મીરાંબાઈ ચાનુએ એ દિવસે મેડલ જીત્યા બાદ પોતાને સૌથી ભાવતી વાનગીની મજા માણી હતી. તેણે પેટ ભરીને પિત્ઝા ખાધા હતા.



મીરાંબાઈ ચાનુએ સામાન્ય રીતે ખાવા-પીવા પર અંકુશ રાખવો જ પડતો જ હોય છે અને ખાસ કરીને વેઇટલિફ્ટિંગની ઇવેન્ટના ત્રણ દિવસ પહેલાં તેણે ૪૮ કિલો વજનની કૅટેગરી જાળવવા માટે વધુ કાળજી રાખવી પડે છે એટલે જ તેણે રવિવારની કૉમનવેલ્થની ઇવેન્ટ અગાઉ ત્રણ દિવસ કંઈ ખાધું-પીધું નહોતું. તેણે રવિવારે કુલ ૧૯૦ કિલો (સ્નૅચમાં ૮૫ કિલો અને ક્લીન ઍન્ડ જર્કમાં ૧૦૫ કિલો) વજન ઊંચકીને વિક્રમજનક પર્ફોર્મ કર્યું હતું.

ચાનુ આ રમતોત્સવ પહેલાં ટ્રેઇનિંગ સેશન માટે ઇંગ્લૅન્ડના બર્મિંગમમાં હતી ત્યારે તેની સાથે થોડી વાતચીત થઈ ત્યારે તેને પૂછ્યું કે કૉમનવેલ્થમાં મેડલ જીતીશ ત્યાર પછી સૌથી પહેલાં તું શેની ઇચ્છા રાખીશ? ત્યારે તેણે કહ્યું, 'તમે મારા માટે પિત્ઝા લેતા આવજો.'

રવિવારે ચાનુ ગોલ્ડ મેડલ જીતી ત્યાર બાદ પત્રકારો તેના માટે પિત્ઝા લઈને ગયા હતા. ત્યારે તે ખૂબ ખુશ થઈ ગઈ હતી અને કહ્યું. 'મેં ઘણા દિવસથી પૂરતું ખાધું નહોતું અને હવે તમે મારા ફેવરિટ પિત્ઝા લઈને આવ્યા એ બદલ તમારો ખૂબ ખૂબ આભાર. હું હવે જ્યારે પણ ચંદ્રક જીતું ત્યારે તમે મારા માટે પિત્ઝા જરૂરથી લાવજો.'

થોડા સમય પહેલાં ચાનુએ એક મુલાકાતમાં કહેલું, 'મને જન્ક ફૂડ ખૂબ ભાવે અને એમાં પણ પિત્ઝા તો મારા મોસ્ટ ફેવરિટ છે. જોકે મારે ૪૮ કિલો વજનની કૅટેગરી જાળવવા ઇવેન્ટ પહેલાં તેમ જ ટ્રેઇનિંગ અગાઉ પિત્ઝા ખાવાનું ટાળવું પડે છે.'

### માથા પર તિરંગાના કલરવાળી હેર-પિન અને આંખોમાં હર્ષનાં આંસુ

મીરાંબાઈ ચાનુ જ્યારે પણ વિશ્વ સ્તરની હરીફાઈમાં ભાગ લે છે ત્યારે દેશભક્તિને ધ્યાનમાં રાખીને એવું કંઈક પહેરે કે જેનાથી તે ભારતની ઓળખ આપી શકે તેમ જ પોતાના માટે પ્રેરણારૂપ બની રહે. ટોક્યો ઑલિમ્પિક્સ વખતે તેણે કાનમાં ઑલિમ્પિક ગેમ્સની ઇયરિંગ પહેરી હતી. ગયા વખતે એક ઇવેન્ટમાં તેણે ભારતના તિરંગાના રંગવાળા નેઇલ પેઇન્ટ કરાવ્યા હતા. આ વખતે પણ તેને વેઇટલિફ્ટિંગના મુકાબલામાં આગલી રાત્રે તેને થયું કે ભારતની પહેચાન આપી શકાય એવું કંઈક તો કરવું જ છે.



ચાનુને વિચાર આવ્યો કે નખ તો બધા જ રંગતા હોય છે એટલે કંઈક જૂદું કરવું. સમય નહોતો એટલે તેણે શનિવારે રાત્રે જાતે પતંગિયાના આકારવાળી હેર-પિન બનાવી હતી. તેણે એ હેર-પિન તિરંગાના રંગ જેવી રિબનથી બનાવી હતી. રવિવારે તે એ હેર-પિન પહેરીને ખૂબ ગૌરવ અનુભવતી હતી અને ગોલ્ડ મેડલ જીતી હતી. કૉમનવેલ્થ ગેમ્સની વેઇટલિફ્ટિંગમાં આ તેનો હૅટ-ટ્રિક ગોલ્ડ મેડલ હતો. આ પહેલાં તે ૨૦૧૮ અને ૨૦૨૨ની કૉમનવેલ્થમાં પણ સુવર્ણચંદ્રક જીતી હતી. ઑલિમ્પિક્સની સિલ્વર મેડલિસ્ટ ચાનુએ રવિવારે સુવર્ણચંદ્રક જીત્યા પછી કહ્યું, 'મંચ પર ઊભા રહીને તિરંગો જોતી વખતે અને રાષ્ટ્ર ગીત સાંભળતી વખતે સ્વાભાવિક રીતે મારી આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં. આ વખતની કૉમનવેલ્થમાં દેશનો પહેલો ગોલ્ડ મેડલ હું જીતી એનો મને બેહદ આનંદ હતો. મારી આંખોમાં એ હર્ષનાં આંસુ હતાં. મારા વિજય માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવા બદલ હું ભારતીય જનતાની આભારી છું.'

ચાનુએ ઇન્ટરવ્યૂમાં કહ્યું, 'હું ઘણા નાના-મોટા ચંદ્રકો જીતી છું, પણ એમાં એશિયન ગેમ્સનો એક પણ મેડલ નથી જે હવે મારે સપ્ટેમ્બરમાં જાપાનની એશિયન ગેમ્સમાં જીતવો જ છે. મારે મારા દેશ માટે, મારાં મમ્મી માટે, મારા કોચ માટે ગોલ્ડ મેડલ જીતવો જ છે.'■

# વેઇટલિફ્ટર જ્ઞાનેશ્વરીએ રેકૉર્ડ-બ્રેક રસાકસી બાદ સિલ્વરથી સંતોષ માન્યો

## રાજા મુથુપન્ડીએ રજતચંદ્રક બદલ સરકારનો આભાર માન્યો

ગ્લાસગો: કૉમનવેલ્થ ગેમ્સમાં સોમવારના પાંચમા દિવસે ભારતીય ઍથ્લીટોએ વેઇટલિફ્ટિંગ, મુક્કાબાજી, ઊંચો કૂદકો, સ્વિમિંગ અને જિમ્નૅસ્ટિક્સ જેવી રમતોમાં મેડલ માટેના દાવા વધુ મજબૂત કર્યા એવામાં સાંજે સમાચાર મળ્યા હતા કે ભારતની જ્ઞાનેશ્વરી યાદવે ગોલ્ડ માટે ખૂબ કોશિશ કર્યા પછી સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. એ સાથે ત્યારે ભારતના મેડલની કુલ સંખ્યા ચાર (એક ગોલ્ડ, બે સિલ્વર, એક બ્રૉન્ઝ) ઉપર પહોંચી હતી.

છત્તીસગઢ રાજ્યની ૨૩ વર્ષીય જ્ઞાનેશ્વરીએ મહિલાઓ માટેની ૫૩ કિલો વજનની કૅટેગરીમાં કુલ ૧૯૯



કિલો વજન ઊંચક્યું હતું. એમાંથી તેણે ૮૮ કિલો વજન સ્નૅચમાં અને ૧૧૧ કિલો વજન ક્લીન ઍન્ડ જર્કમાં ઊંચક્યું હતું.

નાઇજિરિયાની ઑનોમ ઑમોલોલા ડિડીએ તેનાથી સાત કિલો વધુ એટલે કે ૨૦૬ કિલો (અનુક્રમે ૯૩ કિલો તથા ૧૧૩ કિલો) વજન ઊંચકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

ખાસ કરીને ક્લીન ઍન્ડ જર્કમાં તીવ્ર હરીફાઈ થઈ હતી. જ્ઞાનેશ્વરીએ ૧૦૭ કિલો વજન ઊંચકીને કૉમનવેલ્થ ગેમ્સનો નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો. જોકે નાઇજિરિયાની ડિડીએ ૧૧૦ કિલો વજન ઊંચકીને એ રેકૉર્ડ તોડી નાખ્યો હતો. જ્ઞાનેશ્વરીએ ૧૧૧ વજન સાથે તેનો રેકૉર્ડ તોડ્યો ત્યાર બાદ ડિડીએ ૧૧૩ કિલો વજનના નવા વિક્રમ સાથે ગોલ્ડ મેડલ પર કબજો કરી લીધો હતો.

દરમ્યાન રવિવારે પુરુષોની ૬૫ કિલો વર્ગની વેઇટલિફ્ટિંગમાં ભારતનો રાજા મુથુપન્ડી કુલ ૨૮૬ કિલો વજન ઊંચકીને સિલ્વર મેડલ જીત્યો હતો. ■

# ભારતીય બૉક્સર જાદુમણીનો જાદુ છવાઈ ગયો, પાકિસ્તાનીને ઉપરાઉપરી પંચ લગાવીને ૫-૦થી હરાવ્યો

## કૉમનવેલ્થ ગેમ્સમાં મણિપુરી મુક્કાબાજે જીત્યા પછી સૂર્યકુમાર યાદવ જેવું કર્યું!

ગ્લાસગો: અમુક વાતો વારંવાર નથી બનતી હોતી અને એટલે જ ભારતીય મુક્કાબાજ જાદુમણી સિંહની રવિવારની જીત સ્પેશ્યલ કહેવાય છે. કારણ એ છે કે તેણે કૉમનવેલ્થ ગેમ્સમાં પાકિસ્તાની હરીફને પરાજિત કરીને એ વિજય ૧૯૯૯ના કારગિલ યુદ્ધના શહીદોને અર્પણ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૫માં ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને સાત વિકેટે પરાજિત કર્યું ત્યાર બાદ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે એ જીત સશસ્ત્ર દળોને તેમ જ પહલગામના આતંકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને અર્પણ કરી હતી. સૂર્યકુમારે એવું કર્યું ત્યારે પાકિસ્તાનમાંથી તો તેની ટીકા થઈ જ હતી, ભારતમાં વસતા પાકિસ્તાનીઓના દલાલોએ પણ સૂર્યાની ટીકા



કરી હતી. સૂર્યા તેમ જ ભારતીય ખેલાડીઓએ ત્યારે પાકિસ્તાનના કૅપ્ટન અને એના ખેલાડીઓ સાથે હાથ નહોતા મિલાવ્યા એ કિસ્સો પણ ખૂબ વાઇરલ થયો હતો. મણિપુરના ભારતીય બૉક્સર જાદુમણી સિંહે રવિવારે કૉમનવેલ્થમાં પંચાવન કિલો વર્ગમાં ૧૬ બૉક્સરના રાઉન્ડમાં પોતાનાથી ઊંચા કદના પાકિસ્તાનના સુમામા રહમાનને ૫-૦થી હરાવી દીધો હતો. રહમાન સામેના મૂવમેન્ટ અને વળતા આક્રમણ જાદુમણી માટે આસાન વિજય મેળવવા પૂરતા હતા. ખાસ કરીને બીજા રાઉન્ડમાં રહમાનના મોં પર મુક્કો મારીને જાદુમણીએ તેને પોતાનો પરચો બતાવી દીધો હતો. એ ઉપરાંત જાદુમણીએ તેને અનેક જોરદાર પંચ લગાવ્યા હતા.

જાદુમણી હવે ક્વૉર્ટર ફાઇનલમાં ઝામ્બિયાના ઍમ્વેન્ગો ઍમ્વાલે સામે ટકરાશે. જાદુમણીની પહેલાં ભારતની પ્રીતિ પવારે ૫૪ કિલો વર્ગમાં માલવીની દેબોરા ઍમ્ટેન્ચેને હરાવી દીધી હતી. બીજા રાઉન્ડમાં જ રેફરીએ આ બાઉટ અટકાવી દીધો હતો અને પછીથી પ્રીતિને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ■

## મુંબઈ ન્યૂઝ

# હવે નિશાન પર અશ્વિની વૈષ્ણવ પણ

## લોકલ ટ્રેનમાં ભીડ મુદ્દે રેલવે પ્રધાનનું માગ્યું રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધર્મેન્દ્ર પ્રધાન બાદ હવે ઝેન ઝીના નિશાન પર રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ આવ્યા છે. મુંબઈની લોકલ ટ્રેનોમાં વધતી ભીડ અને મુસાફરોની હાલાકીનો મુદ્દો ફરી એકવાર સોશ્યલ મીડિયા પર ચર્ચામાં આવ્યો છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની ટીકા કરતો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો, જેમાં વીડિયો બનાવનાર પ્રવાસીએ મુંબઈ લોકલમાં પ્રવાસીઓની સ્થિતિ દર્શાવીને રેલવે પ્રધાનના રાજીનામાની માગણી કરી હતી.

વાઈરલ પોસ્ટ અંગે રેલવે મંત્રાલય અથવા અશ્વિની વૈષ્ણવ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શિવાન સનાતન નામના યુઝરે શૅર કર્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. પોસ્ટના કેપ્શનમાં 'રીલ મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે રાજીનામું આપવું જોઈએ' એવી ટિપ્પણી કરવામાં આવી છે. ■

# મુંબઈનો પાણીપુરવઠો બે દિવસ ખોરવાશે

**પાંજરાપોર પમ્પિંગ સ્ટેશનમાં કન્ટ્રોલ પૅનલ્સ બદલવાનું કામ ૨૦ કલાક ચાલશે: અમુક વિસ્તારોમાં ૧૫ ટકા પાણીકાપ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પાંજરાપોર પમ્પિંગ સ્ટેશનમાં એચટી કન્ટ્રોલ પૅનલ્સ બદલવાનું કામ હાથ ધરાવાનું હોવાથી બે દિવસ સુધી મુંબઈનો પાણીપુરવઠો ખોરવાશે. આ કામ મંગળવારની સવારથી બુધવારના મળસકે સુધી ચાલવાનું હોવાથી શહેર, પશ્ચિમી ઉપનગરો અને પૂર્વ ઉપનગરોમાં પાણીનાં ધાંધિયાં થઈ શકે છે અને અમુક વિસ્તારોમાં તો ૧૫ ટકા પાણીકાપ રહેશે, એવું મહાપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

બીએમસીના હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટ દ્વારા મંગળવારની સવારે નવ વાગ્યાથી પાંજરાપોર પમ્પિંગ સ્ટેશનમાં હાઈ ટેન્શન કન્ટ્રોલ પૅનલ્સ બદલવાનું કામ હાથ ધરાશે. અત્યારની જૂની ૧૦ કન્ટ્રોલ પૅનલ્સને સ્થાને અત્યાધુનિક અને કાર્યક્ષમ એવી ૧૦ કન્ટ્રોલ પૅનલ્સ બેસાડવામાં આવશે.

અધિકારીએ જણાવ્યું હતું કે પહેલા તબક્કામાં ૧૦માંથી ચાર કન્ટ્રોલ પૅનલ્સ બદલવામાં આવશે. આ કામ મંગળવારની સવારથી બુધવારના મળસકે પાંચ વાગ્યા સુધી ચાલે એવી શક્યતા છે. સુરક્ષિત અને નિયોજનબદ્ધ પદ્ધતિથી કામગીરી પૂર્ણ કરવા માટે આ પમ્પિંગ સ્ટેશન ૨૦ કલાક બંધ રાખવું જરૂરી છે.

કન્ટ્રોલ પૅનલ્સ બદલવાની કામગીરી ચાલે ત્યાં સુધી લગભગ ૨૦ કલાક પાંજરાપોર પમ્પિંગ સ્ટેશનથી ભાંડુપના વૉટર પ્લાન્ટને કરવામાં આવનારો પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે. પરિણામે બે દિવસ સુધી મુંબઈના શહેરી ભાગોમાં, પશ્ચિમી ઉનગર અને પૂર્વ ઉપનગરોમાં પાણીપુરવઠો ખોરવાશે. અમુક વિસ્તારોમાં તો ૧૫ ટકા પાણીકાપ રહેવાની શક્યતાએ પાલિકા દ્વારા વ્યક્ત કરાઈ હતી. ■

# દૂધ વિક્રેતાઓ અને સપ્લાયરોના લાઇસન્સ રદ કરવાના એફડીએનાં પગલાં પર હાઈ કોર્ટની રોક

મુંબઈ : બોમ્બે હાઈકોર્ટે છત્રપતિ સંભાજીનગરમાં કેટલાક દૂધના સપ્લાયરો અને વિક્રેતાઓના લાઇસન્સ સ્થગિત કરવાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના નિર્ણય પર વચગાળાનો સ્ટે (સ્થગિતતા આદેશ) આપ્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે આ કાર્યવાહીમાં કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી. ઔરંગાબાદ બેન્ચે જણાવ્યું હતું કે, આવી કઠોર કાર્યવાહી કરતા પહેલાં નિયત પ્રક્રિયા મુજબ સુધારણા માટેની નોટિસ આપવી અને સુનાવણીની તક પૂરી પાડવી જરૂરી છે.

ન્યાયમૂર્તિ એસ. જી. ચાપલગાંવકરની સિંગલ બેન્ચે અસરગ્રસ્ત દૂધ વિક્રેતાઓ અને સપ્લાયરો દ્વારા દાખલ કરવામાં આવેલી અલગ-અલગ અરજીઓ પર ગયા અઠવાડિયે આ આદેશો આપ્યા હતા. ખાદ્ય સુરક્ષા માર્ગદર્શિકાઓના કથિત ઉલ્લંઘન બદલ એફડીએએ આ મહિનાની શરૂઆતમાં અરજદારોના લાઇસન્સ રદ કર્યા હતા. અરજદારોના વકીલ રાહુલ કાર્પેએ દલીલ કરી હતી કે સૌપ્રથમ કારણદર્શક નોટિસ અથવા સુનાવણીની તક આપવી જોઈતી હતી. ■

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં સાથે 'નીટ' પેપર લીકના વિવાદ પર પડદો નહીં પડે: ઉદ્ધવ-સેના

મુંબઈ: કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી 'નીટ' પેપર લીકનો મુદ્દો સમાપ્ત નહીં થાય એવો દાવો સોમવારે કરી શિવસેના (યુબીટી)એ આરોપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું શાસન રાષ્ટ્રને નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખશે. મુખપત્ર 'સામના' માં એક આકરા તંત્રીલેખમાં પક્ષે સરકારના પ્રસ્તાવિત પેપર લીક વિરોધી કાયદાને કેવળ છેતરપિંડી ગણાવીને ફગાવી કહ્યું હતું કે કાયદો પહેલા જેવો જ છે, ફક્ત સજાનું પ્રમાણ બદલાયું છે.

તંત્રીલેખમાં વધુમાં જણાવાયું હતું કે 'સરકારનું વલણ વંદા (કોક્રોચ જનતા પાર્ટી) સામે ઝૂકવાનું નથી. અહંકારી સરકારે વંદા પર લાઠીચાર્જ કર્યો અને બંદૂકો ચલાવી, પરંતુ દેશના યુવાનોએ જંતર-મંતર છોડ્યું નહીં. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી આ મુદ્દો સમાપ્ત થશે નહીં. 'મોટા પ્રધાન' (પીએમ મોદી)નું શાસન અને તેમનો વહીવટ દેશ માટે હાનિકારક રહ્યો છે. ગૃહ પ્રધાન અમિત શાહના હાથ લોહીથી રંગાયેલા છે, અને જનતાનો ગુસ્સો પણ તેમના પર રહેશે.'

તંત્રીલેખમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) બિલ, ૨૦૨૬માં પેપર લીકના કિસ્સાઓમાં ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની દરખાસ્ત કરવામાં આવી છે, તે મૂળભૂત રીતે જૂના કાયદા જેવું જ છે, કેવળ સજાની માત્રા વધુ છે. આ ખરડો વિદ્યાર્થીઓ અને વાલીઓને છેતરવાનો એક માર્ગ છે એવો આરોપ પક્ષે કર્યો છે.

પક્ષએ એવો પણ દાવો કર્યો હતો કે પીએમ મોદી અને શાહ મજાકનો વિષય બની ગયા છે, કારણ કે યુવાનોએ સરકારની ટીકા કરવા માટે સર્જનાત્મક સૂત્રો અને મીમ્સ બનાવ્યા હતા. ■

# હેપ્પી બર્થ-ડેમાં રાજ ઠાકરેની ઉદ્ધવને રિટર્ન ગિફ્ટ

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના અધ્યક્ષ રાજ ઠાકરે સોમવારે કઝીન અને શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને ૬૬મા જન્મદિવસની શુભેચ્છા આપવા માટે તેમના ઘરે મળવા ગયા હતા. મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ઉદ્ધવના નિવાસસ્થાન 'માતોશ્રી' જઈ રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને જન્મદિવસની શુભેચ્છા આપી હતી. જૂન મહિનામાં ઉદ્ધવ ઠાકરે રાજના જન્મદિવસ પર તેમના 'શિવતીર્થ' નિવાસસ્થાને ગયા હતા. 'નીટ' પેપર લીક પર કોક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શન બાદ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં પછી રવિવારે

ઠાકરે બંધુઓએ શિવાજી પાર્કથી સિદ્ધિવિનાયક મંદિર સુધી ઉજવણી મોરચાનું આયોજન કર્યું હતું.

લાંબો સમય અલગ રહેલા આ પિતરાઈ ભાઈઓ જુલાઈ ૨૦૨૫થી જાહેરમાં સાથે દેખાવા લાગ્યા. લગભગ બે દાયકામાં પહેલી વાર રાજ્યની શાળાઓમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે રજૂ કરવાના સરકારી આદેશોને પાછા ખેંચવા માટે રાજકીય મંચ પર બંને સાથે આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૬માં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશની ચૂંટણી લડવા માટે પણ તેમણે હાથ મિલાવ્યા હતા. જોકે ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ એ ચૂંટણી જીતી લીધી હતી. ઉદ્ધવ સાથેના મતભેદોને કારણે રાજ ઠાકરેએ ૨૦૦૫માં શિવસેના છોડી એમએનએસની રચના કરી હતી. (પીટીઆઈ)■

# ગડકરીના રાજીનામાની માગણી સાથે હવે ઈ-૨૦ જનતા પાર્ટી મેદાનમાં

મુંબઈ: દેશમાં છેલ્લા કેટલાક દિવસોથી જેન ઝી સરકાર વિરુદ્ધ રસ્તા પર ઊતરેલા દેખાઈ રહ્યા છે. તેમાં ઈ-૨૦ નો મુદ્દો હવે જેન ઝીના આક્રોશનું નવું કારણ બની ગયો છે. પ્રધાનના રાજીનામાં બાદ હવે યુવાનો નીતિન ગડકરીના રાજીનામાની માગણી કરી રહ્યા છે. અને નીતિન ગડકરી જો પ્રેમથી રાજીનામું નહીં આપે તો ફરી એક વાર આંદોલનની ચીમકી અપાઈ છે. હવે નીતિન ગડકરીના રાજીનામાની માગણી સાથે ઈ-૨૦ જનતા પાર્ટી મેદાનમાં ઊતરી છે. સોશિયલ મીડિયા પર તેને સવા ત્રણ લાખથી વધુ ફોલોવર્સ પણ મળ્યા છે. જેન ઝી પ્રણિત આ પાર્ટીની રડાર પર માત્ર એક જ વ્યક્તિ નીતિન ગડકરી છે. તેમની માગણી છે કે કા તો ઈ-૨૦ ઈંધણની પૉલિસી દૂર કરો અથવા શુદ્ધ પેટ્રોલ પણ તે જ ભાવે ઉપલબ્ધ કરો અથવા નીતિન ગડકરી રાજીનામું આપો. સરકારે ૧૦ જુલાઈથી ઈ-૨૦ ફ્યુલ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ ધરાવતા ઈંધણને વાહનો માટે અમલી બનાવ્યું હતું. ■

# ઈ-૨૦ ઈંધણ

## હાઇ કોર્ટે ગડકરીને બદનક્ષી કરતી પોસ્ટ સામે કેસ કરવાની મંજૂરી આપી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે સોમવારે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને 'બદનક્ષીકારક' ડીપફેક્સ અને તેમના વિરુદ્ધ અપલોડ કરવામાં આવેલી એઆઈ-જનરેટેડ પોસ્ટ્સ બાબતે મેટા પ્લેટફોર્મ્સ, એક્સ કોર્પ, ગૂગલ એલએલસી અને અન્ય અજાણી વ્યક્તિઓ સામે દીવાની દાવો (સિવિલ સૂટ) દાખલ કરવાની મંજૂરી આપી છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન તથા ભાજપના વરિષ્ઠ નેતાએ 'લેટર્સ પેટન્ટ'ની કલમ ૪૨ઈ હેઠળ પરવાનગી માટેની અરજી દાખલ કરી હતી. હાઈ કોર્ટના પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં ન હોવા છતાં અદાલત દાવો સાંભળી શકે અને તેના પર નિર્ણય લઈ શકે તે માટે આવી પરવાનગી (લીવ) જરૂરી છે.

ગડકરીની પરવાનગી માટેની અરજી સોમવારે જસ્ટિસ અભય આહુજાની સિંગલ બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવી હતી. ન્યાયમૂર્તિ આહુજાએ દલીલો સ્વીકારી અને કેન્દ્રીય પ્રધાનને ઓનલાઇન પોર્ટલ્સ સામે દીવાની દાવો દાખલ કરવાની મંજૂરી આપી હતી.

ગડકરીએ તેમના પ્રસ્તાવિત દાવામાં દાવો કર્યો છે કે ઇથેનોલ-મિશ્રિત ઇંધણના મુદ્દા અંગે ઓનલાઇન ઘણી બધી નકલી, એઆઈ-જનરેટેડ અને બદનક્ષીકારક સામગ્રી ઉપલબ્ધ છે.


દાવો કરવામાં આવ્યો છે કે પોસ્ટ્સમાં કરવામાં આવેલા આક્ષેપો નિઃશંકપણે ખોટા, દ્વેષપૂર્ણ અને અત્યંત બદનક્ષીકારક છે અને તેનો ઉદ્દેશિય ગડકરી વિરુદ્ધ લોકોમાં ભ્રમ ફેલાવવાનો છે. (પીટીઆઈ)■

# પાંચ દિવસની પછડાટ બાદ સેન્સેક્સ ૭૭૬ પોઈન્ટ ઊછળ્યો

## નિફ્ટી ૨૪,૦૦૦ની ઉપર ટકવામાં નિષ્ફળ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઇરાન યુદ્ધ વિરામ માટે તૈયાર થયા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થવા સાથે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો થવાથી બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૭૬ પોઈન્ટનો ઉછાળો આવ્યો અને પાંચ દિવસની પીછેહઠને બ્રેક લાગી હતી. સેન્સેક્સ ૭૭૬.૦૧ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકાના ઉછાળા સાથે ૭૬,૮૩૫.૭૮ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૪૧.૭૪ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકાના ઉછાળા સાથે ૭૬,૯૦૧.૫૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૨૨૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૯૬ ટકાના ઉછાળા સાથે ૨૩,૯૯૫.૯૫ પર બંધ થયો હતો.



સેન્સેક્સના શેરોમાં ૫.૭૦ ટકાના ઉછાળા સાથે ઇટર્નલ ટોપ ગેઇનર બન્યો હતો, અન્ય વધનારા શેરોમાં ઇન્ટરગ્લોબ એવિયેશન, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. જ્યારે સૌથી વધુ ઘટનારા શેરોમાં એચડીએફસી બેન્ક, પાવર ગ્રીડ અને એક્સિસ બેન્કનો સમાવેશ હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૯.૪૦ ટકા તૂટીને બેરલદીઠ ૮૭.૬૪ ડોલર બોલાયું હતું.

પ્રાઇમરી માર્કેટમાં જુનિપર ગ્રીન એનર્જીનો રૂ. ૧,૮૦૦ કરોડનો ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ છઠ્ઠી ઓગસ્ટના રોજ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૪થી રૂ. ૨૨૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૬૬ શેરની છે.

એ જ રીતે, મેઇન બોર્ડમાં એક વધુ ઇશ્યૂ એ જ દિવસે આવી રહ્યો છે. એમવી ઇલેક્ટ્રોસિસ્ટમ્સનો રૂ. ૨૯૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે, જ્યારે એનએસઇ અને બીસઇ પર લિસ્ટિંગ છઠ્ઠી ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૪૦૦થી રૂ. ૪૨૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૩૪ શેરની છે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, એશિયામાં અંશિક યુદ્ધવિરામ થવાથી, આયાત ખર્ચમાં થનારા વધારા અને ફુગાવા અંગેની ચિંતાઓ હળવી થઈ છે, જેના કારણે ઇક્વિટી માર્કેટ્સમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. લાંબા ગાળાના બોન્ડ યીલ્ડમાં ઘટાડા સાથે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો પણ બજારને ટેકો આપે છે. ફેડરલ રિઝર્વ, બેન્ક ઓફ જાપાન અને બેન્ક ઓફ ઇંગ્લેન્ડની બેઠકો આ અઠવાડિયે મુખ્ય વ્યાજ દરોની સ્થિતિ અંગે સ્પષ્ટતા આપશે. સ્થાનિક મોરચે, વરસાદની ઘટતી ખાદ્ય ફુગાવાના દૃષ્ટિકોણમાં રાહત ઉમેરી રહી છે, આ ઉપરાંત અપેક્ષા કરતાં વધુ સારા પ્રથમ ક્વાર્ટરના પરિણામો દ્વારા સમર્થન મળી રહ્યું છે.

આ સપ્તાહે ક્રૂડ ઓઇલના ભાવ, અમેરિકાની ફેડરલ રિઝર્વના વ્યાજદરનો નિર્ણય, પશ્ચિમ એશિયા કટોકટીના ચિત્રને આધારે બજાર આગળની ચાલ નક્કી કરશે. ઉપરાંત, ત્રિમાસિક કોર્પોરેટ પરિણામને આધારે બજારમાં શેરલક્ષી કામકાજ જોવા મળશે.

શેરબજારમાં ત્રીજી ઓગસ્ટથી નવી ક્લોઝિંગ ઓક્શન સિસ્ટમ લાગુ પડશે. ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર આ નિયમ અમલી થશે. ક્લોઝિંગ ભાવને વધુ પારદર્શક બનાવવા માટે, નવી સિસ્ટમ ત્રીજી ઓગસ્ટથી લાગુ કરવામાં આવી રહી છે. ક્લોઝિંગ ઓક્શન સેશન ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સની ક્લોઝિંગ કિંમત ક્લોઝિંગ ઓક્શન સેશનના આધારે નક્કી કરવામાં આવશે. હાલમાં ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા આશરે ૨૧૦ સ્ટોક્સ ઉપલબ્ધ છે. ક્લોઝિંગ ઓક્શન સેશન બપોરે ૩:૧૫ થી ૩:૩૫ વાગ્યા સુધી ૨૦ મિનિટનું અલગ સત્ર હશે.

નાણાકીય વર્ષ ૨૦૭ના પહેલા ક્વાર્ટરના પરિણામોમાં સતત વૃદ્ધિ જોવા મળ્યા બાદ રોકાણકારો તાજેતરમાં સતત પીટાયેલા ક્ષેત્ર તરફ સાવધાનીપૂર્વક આશાવાદી બન્યા હોવાથી સોમવારે આઇટી શેરોમાં તેજીનો સળવળાટ જોવા મળ્યો હતો. વધુમાં, સકારાત્મક વૈશ્વિક સંકેતો પર બેંકિંગ શેરોમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. નાણાકીય કંપનીઓ તરફથી જૂન-ક્વાર્ટરના કમાણીના મોટા પ્રમાણમાં પ્રોત્સાહક સેટથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધુ તેજી જોવા મળી, જેમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક અને એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક જેવા લેન્ડર્સ આ લાભમાં આગળ હતા. વૈશ્વિક સ્તરે, મધ્ય પૂર્વના તણાવમાં ઘટાડો થવાને કારણે મોટાભાગના એશિયન બજારો ઊંચા સ્તરે બંધ થયા. બજારો બુધવારે નક્કી થનારા ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય અને ઘણી ટેકનોલોજી કંપનીઓના પરિણામોની રાહ જોઈ રહ્યા છે.

જાપાનનો નિક્કી ૦.૩૬ ટકા વધ્યો, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૧.૧૪ ટકા વધ્યો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૧.૦૬ ટકા વધ્યો હતો.

માર્કેટ બ્રેથ પોઝિટીવ રહ્યું હતું. સોમવારે એનએસઇ પર ૩,૪૪૬ જેટલા શેરોમાં કામકાજ થછયું હતું. આમાંથી, ૨,૨૫૯ શેરોમાં તેજી અને ૧,૦૭૨ શેરોમાં ઘટાડો થયો, જ્યારે ૧૧૫ શેરોમાં કોઈ ફેરફાર થયો નહોતો. કુલ ૧૦૩ શેરો તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા, જ્યારે ૪૬ શેરો તેમના એક વર્ષના નીચલા સ્તરને સ્પર્શ્યા. આ ઉપરાંત, સોમવારે ૯૬ શેરો તેમની ઉપલી સર્કિટ મર્યાદાને સ્પર્શ્યા, અને ૮૯ તેમના નીચલા સર્કિટ બેન્ડને સ્પર્શ્યા.

સત્રના અંતે એનએસઇ લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ રૂ. ૪૭૯.૫૩ લાખ કરોડ હતું. વોલેટિલિટી ગેજ, ઇન્ડિયા ટ્વીડ, ૯.૭૬% ઘટીને ૧૨.૬૬ સ્તર પર રહ્યું. વ્યાપક બજારમાં પણ સકારાત્મક વલણ જોવા મળ્યું હતું, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૧૧ ટકા વધીને ૬૨,૩૦૩.૬૫ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૩૧ ટકા વધીને ૧૯,૧૨૨.૬૦ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો. બધા ક્ષેત્રીય સૂચકાંકો લીલા રંગમાં બંધ થયા, જેમાં નિફ્ટી આઇટી ૨.૩૪ ટકા વધીને ટોચ પર રહ્યો હતો, ત્યારબાદ નિફ્ટી રિઅલ્ટી (૨.૨૮ ટકા), નિફ્ટી ફાર્મા (૧.૫૬ ટકા), નિફ્ટી ઓટો (૧.૬ ટકા) અને નિફ્ટી એફએમસીજી (૧.૦૪ ટકા)નો ક્રમ હતો. નિફ્ટી ઇન્ડેક્સ પર, ૪૩ શેરો વધીને બંધ થયા, જ્યારે સત્રના અંત સુધીમાં ફક્ત સાત શેરોમાં ઘટાડો થયો હતો.

# અમેરિકા-ઈરાન વચ્ચે હાલ શાંતિ થતાં ડૉલર સામે રૂપિયો ૫૪ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ અટકવાની સાથે વૈશ્વિક સ્તરે વેપાર અંગેના તણાવ હળવા થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક જોવા મળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૭ પૈસા ઊંચકાઈને ૯૬ની સપાટીની અંદર ઊતરીને ૯૫.૯૯ના મથાળે બંધ રહ્ય હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૬.૫૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૬.૧૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૨૭ અને ઉપરમાં ૯૫.૭૮ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૫૪ પૈસાના બાઉન્સબૅક સાથે ૯૫.૯૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો આવ્યો હતો, જ્યારે ગત ૨૦મી મેના રોજ ડૉલર સામે રૂપિયો ૯૬.૮૬ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકા અને ઈરાને સતત બે સપ્તાહ સુધી એકબીજા પર હુમલાઓ કર્યા બાદ હવે હુમલાઓ અટકાવ્યા હોવાના અહેવાલો સાથે રૂપિયો ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાને કારણે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયાને ટેકો મળ્યો હતો. જોકે, આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૫૦થી ૯૬.૨૦ આસપાસની રેન્જમાં રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને ૧૦૧.૦૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૮.૯૫ ટકા ઘટીને બેરલદીઠ ૮૮.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૭૭૬.૦૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨૨૮.૫૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૯૨.૭૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતાં રૂપિયામાં સુધારો અમુક અંશે મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વરસાદી વાતાવરણમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી છૂટીછવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મિશ્ર વલણ રહ્યું હતું અને નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતુ. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે માત્ર મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો અને સ્મોલ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. એકંદરે આજે વરસાદી વાતાવરણને કારણે રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૪૮૨થી ૪૫૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૭૨થી ૪૬૪૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૯૫થી ૪૪૩૫માં ટકેલા ધોરણે થયા હતા. ■

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹૬૮૫નું અને ચાંદીમાં ₹ ૧૭૨૬નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલાઓ બંધ કર્યાના નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી ખાસ કરીને ફુગાવાની ચિંતા હળવી થવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૭ ટકા જેટલો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭૨૬નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૮૩થી ૬૮૫નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૭ પૈસા મજબૂત થયો હોવાથી આયાત પડતરોમાં ઘટાડો થતાં સોનામાં વિશ્વ બજારની સરખામણીમાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૨૬ના સુધારા સાથે રૂ. ૨,૨૪,૪૪૭ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હોવાથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૮૩ વધીને રૂ. ૧,૪૩,૮૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૮૫ વધીને રૂ. ૧,૪૪,૪૬૬ના મથાળે રહ્યા હતા.

જોકે, સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૪૦૯૩.૩૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૦૯૫.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા વધીને ઔંસદીઠ ૫૯.૧૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

મધ્યપૂર્વમાં અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલાઓ બંધ કર્યાના અહેવાલો સાથે ક્રૂડતેલના ભાવ ઘટી આવતાં મુખ્યત્વે ફુગાવામાં વધારાની ચિંતા હળવી થતાં આજે સોના અને ચાંદીમાં સપ્તાહનો આરંભ સુધારાના અન્ડરટોને થયો હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. ગઈકાલે ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા હુમલા બંધ રાખશે ત્યાં સુધી અમે પણ અખાતી દેશો પર હુમલાઓ બંધ રાખશું. વધુમાં ડૉનલ્ડ ટ્રમ્પના સલાહકારોએ જણાવ્યું હતું કે લક્ષ્યાંકો પૂરા થઈ ગયા છે અને શસ્ત્રો પણ ખૂટી રહ્યા હોવાથી વૉશિંગ્ટને બોમ્બાર્ડિંગ સ્થગિત કર્યું છે. આમ હુમલાઓ બંધ થવાથી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખૂલવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં પાંચ ટકાનો ઘટાડો આવ્યો હતો અને ફુગાવો ઘટવાની શક્યતા પ્રબળ બનતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે રોકાણકારોની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે અને સીએમઈ ફેડ વૉચ ટૂલ પર વ્યાજદરમાં વધારાની માત્ર ૩૪ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા હતા.

# ટીન અને કોપરની અમુક વરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ખાસ કરીને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ હળવો થતાં આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડો આવ્યો હોવાથી તેમ જ પ્રવર્તમાન માલખેંચ વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ટીન, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૭, રૂ. નવ, રૂ. સાત અને રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં પાંખાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૭ વધીને રૂ. ૫૪૧૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૩૨૩ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૧૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૩૯૭ના મથાળે રહ્યા હતા. ■

# વર્તમાન નાણાકીય વર્ષમાં નવ લાખ સીએનજી વાહનોનાં વેચાણનો મારુતિ સુઝુકીનો અંદાજ

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં વધેલા ભૂરાજકીય તણાવને કારણે ઈંધણના ભાવમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં લેતાં વર્તમાન નાણાકીય વર્ષમાં સીએનજી વાહનોનું વેચાણ ૩૦ ટકા વધીને નવ લાખ યુનિટ આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા અગ્રણી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી લિ.ના એક અધિકારીએ વ્યક્ત કરી છે. કંપનીના માર્કેટિંગ અને વેચાણ વિભાગના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ ઑફિસર પાર્થો બેનરજીએ જણાવ્યું હતું કે સીએનજી વાહનોની માગ વૃદ્ધિ માત્ર નાની કાર સુધી સીમિત ન રહેતાં એસયુવીમાં પણ માગ વધશે.

હાલ બજારમાં સીએનજી વાહનોનાં વેચાણની સ્થિતિ કેવી છે એવું પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં અમારું સીએનજી વાહનોનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૫૮ ટકા વધીને ૨.૨ લાખ યુનિટનું થયું છે.

ખાસ કરી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતા સીએનજી વાહનોની માગમાં ઉછાળો આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું, જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં સીએનજી વાહનોના વેચાણના લક્ષ્યાંક અંગે તેમણે કહ્યું હતું કે પહેલા ત્રિમાસિકગાળાના વેચાણને ધ્યાનમાં લેતા અમે સમગ્ર વર્ષ માટે નવ લાખ યુનિટના વેચાણનો લક્ષ્યાંક રાખ્યો છે. હાલમાં મારુતિ સુઝુકી ઈન્ડિયા સ્થાનિક બજારમાં હળવા વેપારી વાહનો સહિત કુલ ૧૫ સીએનજી વાહનોનું વેચાણ કરી રહી છે.તેમ જ ગત નાણાકીય વર્ષમાં સાત લાખ યુનિટ સીએનજી વાહનોનું વેચાણ થયું હતું.

હવે સીએનજી વાહનોની માગ વાન અને યુટિલિટી વાહન અર્ટિગા જેવી નાની કાર પૂરતી નથી રહી, પરંતુ એસયુવી સેગ્મેન્ટમાં પણ મજબૂત માગ હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# રિઝર્વ બૅન્કની કન્સેશનલ સ્વેપ સ્કીમ હેઠળ ૮૫ અબજ ડૉલર એકત્રિત થવાની શક્યતા

નવી દિલ્હીઃ વિદેશી ચલણના પ્રવાહને આકર્ષવા માટેની રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની કન્સેસ્નલ સ્વેપ ફેસિલિટી સ્કીમ હેઠળ ભારત અંદાજે ૮૦થી ૮૫ અબજ ડૉલરનો આંતરપ્રવાહ આકર્ષે તેવી શક્યતા એક અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે.

આ સ્કીમ હેઠળ ગત ૧૭મી જુલાઈ સુધીમાં નોન રેસિડૅન્ટ (બૅન્ક) અથવા તો એફસીએનઆર (બી) હેઠળ ૧૭.૪૦૬ અબજ ડૉલરની ડિપોઝિટ, ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઈંગ (ઓફસીબી) હેઠળ ૧.૯૭ અબજ ડૉલર અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ (ઈસીબી) હેઠળ ૧.૩૪૨ અબજ ડૉલર આકર્ષાયા હતા.

સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના રિસર્ચ રિપોર્ટ ઈકોરેપમાં જણાવ્યાનુસાર રિઝર્વ બૅન્કે ગત ૧૭મી જુલાઈ સુધીમાં અંદાજે ૨૦ અબજ ડૉલરનો આંતરપ્રવાહ એકત્રિત કર્યો છે જે સકારાત્મક રાહતની રકમ ગણી શકાય. જેમાં મુખ્યત્વે ૧૭.૪ અબજ ડૉલરના સ્માર્ટ એફસીએનઆર (બી)ના ભંડોળનો સમાવેશ થાય છે. આ આંતર પ્રવાહને ધ્યાનમાં લેતાં એકંદરે સ્કીમમાં એફસીએનઆર (બી)માં ૬૫થી ૭૦ના આંતરપ્રવાહ ઉપરાંત ઓફસીબી અને ઈસીબી મળીને કુલ ૮૫ અબજ ડૉલરનો આંતરપ્રવાહ આકર્ષાય તેવી શક્યતા અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં અહેવાલમાં જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૭ જુલાઈ સુધીમાં એફસીએનઆર (બી) હેઠળ એકત્રિત કરવામાં આવેલા ૧૭.૪ અબજ ડૉલરના પ્રવાહને ધ્યાનમાં લેતા એકંદરે સ્કીમમાં એકત્રિત થનારા ભંડોળમાં મુખ્ય હિસ્સો જાહેર ક્ષેત્રની બૅન્કોનો હિસ્સો મુખ્ય ચાલકબળ રહેશે. ગત પાંચમી જૂનના રોજ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ મૂડીગત આંતરપ્રવાહને પ્રોત્સાહિત કરવા અને દેશની વેપાર તુલાને મજબૂત બનાવવાના પગલાં તરીકે આ સ્કીમની રજૂઆત કરી હતી. તેમ જ આ સ્કીમ આઠમી જૂન, ૨૦૨૬ના રોજ કાર્યાન્વિત કરવામાં આવી હતી અને એફસીએનઆર (બી) માટે ૩૦મી સપ્ટેમ્બર સુધી તથા ઓફસીબી અને ઈસીબી માટે ૩૧મી ડિસેમ્બર,૨૦૨૬ સુધી સ્કીમ અમલી રહેશે. એકંદરે રિઝર્વ બૅન્કનો આ પગલાં જાહેર કરવાનો મુખ્ય ઉદ્દેશ ભારતની બાહ્ય ક્ષેત્રની સ્થિતિ મજબૂત કરવાનો અને વૈશ્વિક અનિશ્ચિતતાનાને પગલે વિદેશી હૂંડિયામણની પ્રવાહિતાને ટેકો આપવાનો છે.

સ્ટેટ બૅન્કે તેના રિસર્ચ રિપોર્ટમાં વધુમાં જણાવ્યું હતું કે આ પગલાંની જાહેરાત સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું.■

# આયાતી તેલમાં મલયેશિયા પાછળ પીછેહઠ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૯ રિંગિટનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં કામકાજો પણ પાંખા રહેતાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સરસવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ જુલાઈ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના સમાનગાળાના ૧૧,૨૭,૮૬૭ ટન સામે ૧૫.૯ ટકા વધીને ૧૩,૦૭,૦૧૨ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, ગોકુલ એગ્રોના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સપ્ટેમ્બર તથા ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ઈમામીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે મધ્યપ્રદેશનાં મથકો પર ૮૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૦૦થી ૭૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૧૦૦થી ૭૨૦૦માં વેપાર થયાના અહેવાલ હતા. તેમ જ ગોંડલના મથકો પર હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૭૫થી ૧૫૮૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૨૦થી ૧૬૨૫માં થયા હતા.■

# સરકારની ઓનલાઈન ડીજી દુકાન ભરોસાપાત્ર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ કોર્પોરેટ કંપનીઓના વધતા જતા ઈ-કોમર્સ વેપારને કારણે પરંપરાગત અને સ્થાનિક વેપાર મોટા પ્રમાણમાં ઘટી ગયા છે. આ વેપારીઓને ડિજિટલ વેપાર સાથે આધુનિક ટેક્નોલૉજીની સુવિધા ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આ ઓએનડીસીની ઈ-કોમર્સ માટેની કેન્દ્ર સરકારની પહેલ ડીજી દુકાનને રાષ્ટ્રીય વેપારી કલ્યાણ બોર્ડના ચેરમેન શ્રી સુનિલજી સિંઘી એ ભરોસા પાત્ર હોવાનો દાવો કરેલ છે.

પરંપરાગત વેપારને આધુનિક રૂપ આપવાના આશય સાથે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ડીજી દુકાનના અભિયાનમાં નવી મુંબઈની એ.પી.એમ.સી. માર્કેટ સ્થિત ગ્રોમા સંસ્થા બાદ મુંબઈનો આ બીજો કાર્યક્રમ ગઈકાલે તા. ૨૬/૦૭/૨૦૨૬ના બોમ્બે સબર્બન ગ્રેન ડીલર્સ એસોસિએશન દ્વારા મલાડમાં યોજાયો હોવાનું નેશનલ ટ્રેડર્સ વેલ્ફેર બોર્ડના સદસ્ય અને ગ્રેન, રાઈસ એન્ડ ઓઇલસીડ્સ મર્ચન્ટસ એસોસિએશનના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું. ટૂંક સમયમાં વિશાળ વેપારી સમુદાયની હાજરીમાં આ સુવિધા શરૂ કરવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગૅરેન્ટી સાથે ડીજી દુકાનનો ઉદય થયો હોવાથી વેપારીઓના લાભને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ માટે વેપારીઓને નિઃશુલ્ક ધોરણે ડીજી દુકાનની સુવિધા આપવામાં આવશે. અગાઉ હૈદરાબાદ, જયપુર જેવા શહેરોમાં ૧૩૦૦૦ જેટલા વેપારીઓ આ સેવા સાથે જોડાયા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અગાઉ વેપારીઓ ઈ-કોમર્સની સુવિધાઓ બંધ કરવા માટે સરકાર સમક્ષ રજૂઆતો કરતા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મેઘકૃપા છતાં કચ્છમાં વરસાદની ૪૮ ટકાની ઘટ: જુલાઈમાં સાત વર્ષનો સૌથી ઓછો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અષાઢ માસ અડધો વીતી ગયા બાદ મેઘતૃષ્ણાનાં સૂકા મુલક કચ્છ જિલ્લામાં લાંબી પ્રતીક્ષા બાદ મેઘરાજાએ મહેર વરસાવી છે. વિતેલા બે દિવસમાં જ મોસમના કુલ સરેરાશનો ૧૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. આમ છતાં, હવામાન વિભાગના સત્તાવાર આંકડા અનુસાર કચ્છમાં વર્તમાન સમયગાળામાં જેટલો વરસાદ પડવો જોઈએ તેના કરતાં હજુ પણ ૪૮ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. જોકે, રાહતની વાત એ છે કે અગાઉ ૮૦ ટકાથી વધુ રહેલી વરસાદની ઘટ ઘટીને હવે ૫૦ ટકાથી નીચે પહોંચી છે.

ભારતીય હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, કચ્છમાં આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે ૧૭૦ મિલીમીટર વરસાદ પડવો જોઈએ, જેની સામે આ વર્ષે અત્યાર સુધી માત્ર ૮૭ મિલીમીટર વરસાદ પડ્યો છે, જે ૪૮ ટકાની તંગી દર્શાવે છે. પશ્ચિમ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓની સરખામણીએ બે દિવસના ધીમીધારના સાર્વત્રિક વરસાદને કારણે કચ્છમાં ચોમાસાની ઘટમાં થોડો સુધારો જોવા મળ્યો છે.

'અલ નીનો'ના પ્રભાવને કારણે કચ્છમાં આ વર્ષે ચોમાસાનું આગમન મોડું થયું છે. છેલ્લા સાત વર્ષના આંકડા અનુસાર, આ વર્ષે જુલાઈ માસમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. મોસમનો અત્યાર સુધી માત્ર ૧૮.૮૯ ટકા વરસાદ જ વરસ્યો છે, જેની સામે ગત વર્ષે આ સમયગાળામાં ૬૪ ટકા અને વર્ષ ૨૦૨૨ તથા ૨૦૨૩માં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો હતો.

ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન વિભાગના સત્તાવાર આંકડા અનુસાર, કચ્છના ૧૦ માંથી ૮ તાલુકા એવા છે જ્યાં ૨૦ ટકાથી પણ ઓછો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી સૌથી વધુ સીમાવર્તી રાપરમાં ૫૨ ટકા અને ભચાઉમાં ૩૧ ટકા વરસાદ વરસી ચૂક્યો છે, જ્યારે બાકીના તમામ તાલુકાઓમાં સ્થિતિ ચિંતાજનક છે. પ્રાચીન વર્ષ વિજ્ઞાનના અનુમાન મુજબ આ વર્ષે પાછોતરો વરસાદ સારો વરસવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વરસાદી સિસ્ટમ ધીમી પડતાં હાલ જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં ઉઘાડ અને વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. વાદળોની આવન-જાવન વચ્ચે માત્ર કેટલાક સ્થળોએ ઝરમર ઝાપટાં પડ્યા હતા.બપોર બાદ ઉઘાડ નીકળતાં મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઊંચકાઈને ૩૧ થી ૩૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું.

દરમિયાન, બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલી નવી વરસાદી સિસ્ટમના પ્રભાવથી આવતા અઠવાડિયે, ખાસ કરીને શનિ-રવિ દરમિયાન કચ્છસહિત રાજ્યભરમાં મધ્યમથી ભારે વરસાદ વરસવાની આશા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ■

# રાજકોટમાં રાત્રિ ચેકિંગ દરમિયાન છરી સહિત વિવિધ હથિયાર સાથે ૪૨ લોકો પકડાયા

## ગુનાખોરીના વકરી રહેલા ગ્રાફને લઈ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ગુનાખોરીના વકરી રહેલા ગ્રાફને લઈ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. છેલ્લા થોડા દિવસોમાં સામાન્ય બોલાચાલીમાં છરી વડે હુમલાની અનેક ઘટનાઓ સામે આવી હતી, જેને રોકવા માટે પોલીસ કમિશનરે શહેરમાં નાઈટ પેટ્રોલિંગ વધારવા આદેશ આપ્યો હતો.

જે અંતર્ગત શહેરમાં રવિવાર રાત્રે યોજવામાં આવેલી ખાસ ડ્રાઈવ દરમિયાન પોલીસે જાહેર રસ્તાઓ પર છરી કે અન્ય તીક્ષ્ણ હથિયારો લઈને ફરતા કુલ ૪૨ લોકોની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગત પ્રમાણે, માલવિયાનગર પોલીસે ૧૧ શખસ, થોરાળા પોલીસે ૯ શખસ, યુનિવર્સિટી પોલીસે ૮ શખસ, પ્રદ્યુમનનગર પોલીસે ૫ શખસ, ગાંધીગ્રામ પોલીસે ૪ શખસ, તાલુકા પોલીસે ૪ શખસ તથા એ-ડિવિઝન પોલીસે ૧ શખસને છરી કે અન્ય તીક્ષ્ણ હથિયારો સાથે ઝડપ્યા હતા.

પકડાયેલા તમામ ૪૨ આરોપીઓ સામે હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસની આ કાર્યવાહીથી છરી જેવા હથિયારો લઈને ફરતા ઇસમોમાં ફફડાટ ફેલાયો હતો. ■

# વેરાવળમાં જર્જરિત ઈમારતો સામે પાલિકાની લાલ આંખ: ચાર કોમ્પ્લેક્સનું વીજ કનેક્શન કાપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસાની ઋતુ દરમિયાન કોઈ અણબનાવ કે હોનારત ન સર્જાય તે માટે વેરાવળ નગરપાલિકા દ્વારા શહેરની જોખમી અને જર્જરિત ઈમારતો સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત મ્યુનિસિપલ એન્જિનિયર ભગીરથસિંહ પઢીયારના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા અને પીજીવીસીએલની સંયુક્ત ટીમે સ્થળ પર પહોંચીને પ્રથમ તબક્કામાં ૪ જોખમી બાંધકામોના વીજ જોડાણ કાપી નાખ્યા હતા. રિદ્ધિસિદ્ધિ એપાર્ટમેન્ટ, મીરા હોટલ વાળું કોમ્પ્લેક્સ, નાના કોલીવાડા સામે આવેલ રામદેવ મોબાઈલ વાળું કોમ્પ્લેક્સ તથા પ્રકાશ કોમ્પ્લેક્સના વીજ જોડાણ કાપવામાં આવ્યા હતા.

આગામી દિવસોમાં પાણીના જોડાણો પણ કટ કરાશે. શહેરમાં ૮૨થી વધુ જર્જરિત ઈમારતોના માલિકોને વારંવાર નોટિસો આપવા છતાં તેમણે ઈમારત ખાલી કરવા, સમારકામ કરાવવા કે તોડી પાડવા અંગે કોઈ પગલાં લીધા ન હતા. તેથી તંત્ર દ્વારા હવે માત્ર નોટિસો આપવાને બદલે સીધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રથમ તબક્કામાં ૧૨ જર્જરિત ઈમારતો સામે વીજ અને પાણીના જોડાણો કાપવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ચોમાસામાં આવી ઈમારતો ધરાશાયી થવાનું જોખમ રહેતું હોવાથી લોકોની જાનમાલની સુરક્ષા માટે આ પગલું ભરવામાં આવ્યું હતું. તંત્રએ મિલકતધારકોને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા અને રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસી જવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છેકે, ચોમાસા દરમિયાન જર્જરિત ઈમારતો પડવાની અનેક ઘટનાઓ બનતી હોય છે વેરાળમાં આવી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં સાવચેતીના ભાગરૂપે આ પગલાં લેવાઈ રહ્યા છે. જોખમી ઇમારતોના માલિકોને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા અને રહેવાસીઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની પણ અપીલ કરવામાં આવી હતી. ■

# ખાંભામાં પાંચ સિંહોએ ભેંસનું મારણ કર્યું, ભેંસોના ટોળાએ પીછો કરતા સિંહો ભાગ્યા

## ઘટનાનો વીડિયો સોશ્યચલ મીડિયામાં વાઈરલ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા વધારે છે અને અવારનવાર સિંહના મારણ કે લટારના વીડિયો વાયરલ થતા હોય છે. આ દરમિયાન ખાંભા તાલુકાના ઇંગોરાળા ગામ નજીક સિંહ વિસ્તારમાં એક રોમાંચક ઘટના બની હતી.

૫ સિંહોના જૂથે ભેંસોના ટોળા પર હુમલો કરીને એક ભેંસનું મારણ કર્યું હતું. એક ભેંસનો શિકાર કર્યા બાદ ભેંસોનું આખું ટોળું ડરવાને બદલે એકજૂથ થઈ ગયું હતું. ભેંસોના ટોળાએ હિંમત ભેગી કરીને સિંહો સામે જ મોરચો માંડ્યો અને તેમનો પીછો કરવાનું શરૂ કર્યું હતું.

ભેંસોને આ રીતે પોતાની તરફ આવતી જોઈને ૫ સિંહોને પણ જીવ બચાવીને ત્યાંથી ભાગવાની ફરજ પડી હતી. આ સમગ્ર રોમાંચક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઘણા સમયથી આ પંથકમાં સિંહો માનવ વસાહતમાં આવી જતા હતા જેથી ભયનું વાતાવરણ થતું હતું. સિંહો પશુઓનું મારણ કરતાં લોકોમાં ભારે રોશની લાગણી વ્યાપી હતી.

સામાન્ય રીતે સિંહને જંગલનો રાજા માનવામાં આવે છે, પરંતુ વન્યજીવ નિષ્ણાતોના મતે, ગીરની ભેંસો કદમાં ખૂબ મોટી અને ભારે હોય છે, સાથે જ તે સિંહથી સહેજેય ડરતી નથી. જ્યારે ભેંસો ટોળામાં હોય છે ત્યારે તે સિંહો માટે અત્યંત ખતરનાક સાબિત થાય છે. ભૂતકાળમાં પણ સિંહો અને ભેંસો વચ્ચેના આવા ઘર્ષણમાં સિંહોને પીછેહઠ કરવી પડી હોવાના અનેક કિસ્સાઓ બન્યા છે. ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં સિંહોની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. સિંહો હવે જંગલ છોડીને મોટાભાગે રેવન્યુ વિસ્તારમાં કાયમી વસવાટ કરતા જોવા મળે છે.

જેના કારણે અવારનવાર પાલતુ પશુઓના મારણ અને માનવ વસાહતો નજીક સિંહો આવી ચડવાના કિસ્સા બનતા રહે છે. ખાંભાના ઇંગોરાળા ગામ નજીક બનેલી ઘટના સમગ્ર અમરેલી જિલ્લામાં ચર્ચાનો વિષય બની હતી.

છેલ્લા ઘણા સમયથી આ પંથકમાં સિંહોના ટોળા આ વિસ્તારમાં અવરજવર કરી રહ્યા હતા. તેથી ભય ફેલાઇ જવા પામ્યો હતો. ભેંસોના ટોળા આક્રમક બનતાં સિંહો ઉભી પૂછડીએ ભાગ્યા હતા. સિંહો આ વિસ્તારમાં આંટાફેરા મારી રહ્યા હતા. અને જિલ્લામાં સોશિયલ મીડિયામાં ફેલાઇ જતાં પંથકમાં ભય વ્યાપી જવા પામ્યો હતો. સિંહો મોટે ભાગે માનવ વિસ્તારમાં આવતાં હોતા નથી. પણ હવે સ્થિતિ બદલાઇ જવા પામી છે. પહેલી વખત ભેંસો આક્રમક બનતાં હોવાના સમાચાર આવ્યા છે. ■

# દુબઈ-મુંબઈ ઈન્ડિગો ફ્લાઈટનું રાજકોટમાં ઈમર્જન્સી લેન્ડિંગ: ૧૯૪ પ્રવાસીનો જીવ અદ્ધર

## પાઈલટે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કર્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુબઈથી મુંબઈ તરફ આવી રહેલી ઈન્ડિગો એરલાઇન્સની ફ્લાઈટમાં અચાનક ધુમાડાની વોર્નિંગ મળતા ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. એરક્રાફ્ટના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાંથી ધુમાડો નીકળતો હોવાની જાણ થતાં જ પાઇલટે ત્વરિત નિર્ણય લઈને ફ્લાઈટને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ ડાઇવર્ટ કરી હતી, જ્યાં તેનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર ઈન્ડિગોની આ ફ્લાઈટમાં ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૧૯૪ મુસાફરો સવાર હતા.

ફ્લાઈટ જ્યારે મુંબઈ તરફ આગળ વધી રહી હતી ત્યારે અચાનક તેના માલસામાન રાખવાના ભાગ એટલે કે કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં સ્મોક થવાની જાણ થઈ હતી. ફ્લાઈટમાં સ્મોક વોર્નિંગ મળતા જ મુસાફરોમાં ભારે ડર અને ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાયલટે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કર્યો હતો અને રાજકોટ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ માટેની મંજૂરી મેળવી હતી. ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી મળતા જ રાજકોટ એરપોર્ટ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તમામ સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી. ઘટનાસ્થળે ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સ સહિતની ઈમરજન્સી સેવાઓને એલર્ટ કરી દેવામાં આવી હતી, જેથી કોઈ પણ અણબનાવને ટાળી શકાય. પાઇલટની સતર્કતાને કારણે તમામ મુસાફરોનો સુરક્ષિત બચાવ થયો હતો.

સૂત્રોએ જણાવ્યું કે જણાવ્યું હતું કે દુબઈ-મુંબઈ વચ્ચેની ફ્લાઇટમાં કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં એકાએક ધુમાડો નીકળતા આજે બપોરના ૨૪૫ વાગ્યે ફુલ ઇમરજન્સી જાહેર કરવામાં આવી હતી ત્યાર પછી બપોરના ૩૨૭ વાગ્યે આ ફ્લાઇટનું રાજકોટ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. તમામ મુસાફરો સુરક્ષિત છે. ■

# મોરબી-રાજકોટ હાઈવે પર ખાડાની મરામત કરાવવા કૉંગ્રેસે ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં પડેલા મુશળધાર વરસાદના કારણે મોરબી-રાજકોટ હાઈવે પર મસમોટા ખાડા પડી ગયા છે.

આ ખાડાઓનું નિરીક્ષણ કરીને ૪૮ કલાકમાં મરામત કરાવવા મોરબી કૉંગ્રેસના નેતાએ અલ્ટિમેટમ આપ્યું હતું. મોરબી જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય, કૉંગ્રેસ અગ્રણી અને ખેડૂત નેતા મહેશ રાજકોટિયાએ કલેકટરને ખુલ્લો પત્ર લખીને જણાવ્યું કે, રાજકોટ-મોરબી હાઈવે પર વરસાદથી આ રોડ પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે અને ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાઈ શકે છે.

આ ઉપરાંત તેમણે પત્રમાં લખ્યું છે કે, રોડ બનાવવા માટેનું કામ એક-બે નહીં પણ ૧૦ વર્ષથી ચાલી રહ્યું છે. છતાં પૂર્ણ નથી થયું, ચોમાસું આવે ત્યારે રોડ પર થીંગડા મારવામાં આવે છે.

છેલ્લા એક વર્ષથી તંત્ર એક જ જવાબ આપે છે કે રાજકોટથી મોરબી રિસરફેસિંગની મંજૂરી મળી ગઈ છે. જો મંજૂરી મળી છે તો કામ કેમ થતું નથી. જો ૪૮ કલાકમાં રોડની મરામત કરવા આદેશ નહીં આપવામાં આવે તો અધિકારીઓની નજરમાં લોકોના જીવનની કોઈ કિંમત નથી તે સાબિત થઈ જશે અને રોડના ખાડાના કારણે કોઈનું મોત થશે તો જિલ્લા જિલ્લા વહીવટી તંત્ર અને જવાબદાર અધિકારીઓ સામે બેદરકારીથી મૃત્યુનો ગુન્હો દાખલ કરવામાં આવશે. તંત્રને અલ્ટિમેટમ આપતા કહ્યું હતું કે, આગામી ૪૮ કલાકમાં રોડનું કલેકટર સ્થળ નિરીક્ષણ કરી મરામત માટેનો આદેશ કરે, ૧૫ દિવસમાં હાઇવેના રી-સર્ફેસિંગનું કામ શરૂ કરવામાં આવે અને ૧૦ વર્ષની બેદરકારી માટે જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. ■

# સુરતના પલસાણા નજીક સાવરકુંડલા પોલીસની બોલેરોને અકસ્માત નડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુંબઈની આર્થર રોડ જેલમાં બે આરોપીઓને મૂકીને પરત ફરી રહેલી સાવરકુંડલા ટાઉન પોલીસની સરકારી બોલેરો ગાડીને પલસાણા એક્સપ્રેસ-વે નજીક અકસ્માત નડ્યો હતો.

અકસ્માતમાં બોલેરોનો આગળનો ભાગ અને બોનેટ સંપૂર્ણપણે ચગદાઈ ગયા હતા તેમજ ડ્રાઈવર સાઈડનું ટાયર પણ છૂટું પડી ગયું હતું. ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૪ પોલીસકર્મીઓને વધુ સારવાર અર્થે સુરત ખસેડવામાં આવ્યા હતા. રસ્તા પરના સિમેન્ટ ગર્ડરથી બચવા જતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ધડાકાભેર રોડની સાઈડની લોખંડની રેલિંગ સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. ■

# બગદાણામાં બુધવારે ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી થશે: ૧૫૦૦૦ કિલો લાડુનો પ્રસાદ પીરસાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: તા.૨૯ જુલાઈને બુધવારના રોજ બગદાણા ધામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ધામધૂમપૂર્વક તેમજ ભક્તિભાવ ભર્યા માહોલમાં ઊજવવામાં આવશે. બજરંગદાસબાપાના બગદાણા ખાતે આવેલા ગુરૂઆશ્રમ ખાતે આગામી અષાઢી પૂનમ ગુરુપૂર્ણિમાના રોજ વહેલી સવારે મંગળા આરતીથી ધાર્મિક અને પરંપરાગત કાર્યક્રમો શરૂ થશે. ધ્વજા પૂજન અને ધ્વજારોહણ બાદ મહા રાજભોગ આરતી તેમજ મહિમાપૂર્ણ ગુરૂપૂજન યોજાશે. ગુરુપૂર્ણિમા મહોત્સવની ગુરૂઆશ્રમ ખાતેથી મળેલી વિગતો પ્રમાણે તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.






તૈયારીઓ સાથે આ અવસરે ૪૬૪ ગામોના સંયમ સેવક મંડળોના આશરે ૧૨૩૦૦ સ્વયંસેવક ભાઈઓ તેમજ ૮૮૦ ગામોના સ્વયંસેવક મંડળોના ૨૫૧૦૫ બહેનો ખડે પગે સેવા બજાવશે. ચા પાણી, દર્શન, પાર્કિંગ, સુરક્ષા અને ભોજનશાળા ઉપરાંત પરિસરની સાફ સફાઈ વગેરે જેવા વિભાગોમાં આ સ્વયંસેવકોની સેવાનો લાભ મળશે. સમગ્ર ટ્રસ્ટીમંડળની દેખરેખ હેઠળ રસોડા સહિત તમામ તૈયારીઓ માટે અલગ અલગ વિભાગોમાં કામનો ધમધમાટ શરૂ રહ્યો છે. દરેક વિભાગોમાં તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ભોજન પ્રસાદ માટે ભાઈઓ માટે ગોપાલ ગ્રામની ભોજનશાળામાં જ્યારે નવા રસોડે બહેનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા અલગ અલગ રાખવામાં આવી છે.

મોટા પ્રમાણમાં આવતા યાત્રાળુઓ માટે અહીં બંને દિશામાં અલગ અલગ ચાર પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં ઠાડચ ઠળીયા તરફથી આવતા વાહનો માટે ભગુડા ચોકડી તથા હાઈસ્કૂલની વાડી ખાતે તેમજ મહુવા જેસર તરફથી આવતા વાહનો માટે વિદ્યાગ્રામ (પોલીસ સ્ટેશનની બાજુમાં) તથા હનમંતવાડી ખાતે પાર્કિંગ વ્યવસ્થા રહેશે. આશરે ૧.૫ લાખ ભાવિક ભક્તજનો આ મહોત્સવ નો ભાગ બનશે. તેવી ધારણા સાથે રસોડા વિભાગમાં મહાપ્રસાદની તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં મહાપ્રસાદના વજન મુજબ લાડવા ૧૫૦૦૦ કિગ્રા, ગાંઠિયા ૭૫૦૦ કિગ્રા, રોટલી ૭૫૦૦ કિગ્રા,શાકભાજી ૧૨૦૦૦ કિગ્રા તથા દાળ ૩૦૦૦ કિગ્રા અને ભાત ૪,૫૦૦ કિગ્રા વજન તૈયાર કરી પીરસવામાં આવશે. ■



જયા પાર્વતી વ્રત એ ભગવાન શિવ અને માતા પાર્વતીનું પાંચ દિવસીય પવિત્ર વ્રત છે, જે અષાઢ સુદ તેરસથી શરૂ થાય છે. આ વ્રતમાં જુવારાનું પૂજન કરવામાં આવે છે. મુખ્યત્વે કુંવારી કન્યાઓ સારા પતિ માટે અને સૌભાગ્યવતી મહિલાઓ અખંડ સૌભાગ્ય માટે આ વ્રત કરે છે. પાંચ દિવસ સુધી ફળાહાર અથવા મીઠા વગરનું ભોજન લેવામાં આવે છે. રાજકોટ શહેરમાં પંચનાથ મંદિર તથા શિવ મંદિરોમાં વહેલી સવારથી જ બહેનો પૂજા અર્થે પહોંચી હતી. આ વ્રતની પૂર્ણાહુતિ અષાઢ વદ બીજના દિવસે આખી રાત્રીનું જાગરણ કરીને વિધિ-વિધાન સાથે કરવામાં આવે છે. (તસવીર: પ્રવીણ સેદાણી)

# ભુજ શહેરના રિંગ રોડના આધુનિકીકરણ અને સુધારણા માટે ₹ ૯૪.30 કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુખ્ય મથક ભુજ શહેરના ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને પરિવહનને વધુ સરળ તથા સુરક્ષિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રીંગ રોડના સુધારણા અને આધુનિકીકરણની યોજનાને વેગ આપવામાં આવ્યો હતો. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ ૨૦૦૫માં જીયુડીસી દ્વારા બનાવાયેલા આ રીંગ રોડ શહેરના વાહનવ્યવહાર માટે જીવાદોરી સમાન રહ્યા છે, પરંતુ સમય જતાં તેની જાળવણી અને મરામતની સમસ્યાઓ વિકટ બની હતી.

માર્ગોની કથળતી જાળવણી અંગે સ્થાનિક નાગરિકો અને તંત્ર વચ્ચે અવારનવાર પ્રશ્નો ઉદ્ભવતા હતા. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ભુજના ધારાસભ્યએ રાજ્ય સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી. આ રજૂઆતના હકારાત્મક પ્રતિસાદ રૂપે, ગુજરાત સરકારે રીંગ રોડની જાળવણી અને મરામતની સંપૂર્ણ જવાબદારી માર્ગ અને મકાન વિભાગને સોંપતાં આ પ્રોજેક્ટને નવી ગતિ મળી છે.

રાજ્ય સરકારે રીંગ રોડના વાઈડનિંગ (પહોળા કરવા) અને રી-સર્ફેસિંગના કામ માટે કુલ રૂ. ૯૪.૩૦ કરોડની માતબર રકમ મંજૂર કરી હતી. નિયત નવ મહિનાની સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત કામગીરી પૂર્ણ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ભુજના કુલ ૧૪ રીંગ રોડ પૈકી ૯ માર્ગો પર વાઈડનિંગ અને રી-સર્ફેસિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. જ્યારે બાકી રહેલા પાંચ માર્ગો પર કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેના પર વિભાગ દ્વારા સતત દેખરેખ રખાઈ રહી છે.

આ મહત્વાકાંક્ષી પ્રકલ્પ પૂર્ણ થયા બાદ ભુજ શહેરના આંતરિક ટ્રાફિક દબાણમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે. બાયપાસ અને રીંગ રોડની સુવિધા સુદ્રઢ થતાં ભારે વાહનોને શહેરની અંદર પ્રવેશવાની જરૂર રહેશે નહીં, જેનાથી ટ્રાફિક વ્યવસ્થા સરળ બનશે અને માર્ગ અકસ્માતોનું પ્રમાણ પણ ઘટશે. નવા અને પહોળા થયેલા માર્ગો વાહનચાલકોને મુસાફરીનો વધુ સુવિધાજનક અને સલામત અનુભવ પૂરો પાડશે.

ભુજના સર્વાંગી અને આધુનિક વિકાસમાં રીંગ રોડ સુધારણાની આ યોજના એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે, જે શહેરના ભાવિ પરિવહન માળખાને મજબૂત બનાવવાની સાથે વિકાસને નવી દિશા આપશે તેવી ધારાસભ્ય કેશુભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# ભાવનગર જિલ્લામાં ૯૧.૪૨% વાવણી પૂર્ણ: કપાસનું ૨.૩૩ લાખ હેક્ટર અને મગફળીનું ૧.૧૨ લાખ હેક્ટરમાં વાવેતર

## જિલ્લામાં મેઘમહેર થતાં જ ખરીફ વાવણીએ મોટો વેગ પકડ્યો છે અને વરસાદના અભાવે જ ખેડૂતો વાવણીથી વંચિત હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં જૂન-જુલાઈ દરમિયાન ચોમાસાનો બરાબર માહોલ જામતા ખેડૂતોએ ખરીફ પાકનું વાવેતર શરૂ કર્યું હતું. સામાન્ય રીતે ચોમાસુ ખેતી પાક માટે તબક્કાવારનો વરસાદ અત્યંત મહત્વપૂર્ણ રહે છે, કારણ કે સતત વરસાદ કે પછી સતત ઉઘાડ પણ ખેતી પાકને નુકસાન પહોંચાડતો હોય છે. પરંતુ તાજેતરમાં જિલ્લામાં મેઘ મહેર થતાં જ ખરીફ વાવણીએ મોટો વેગ પકડ્યો છે અને વરસાદના અભાવે જે ખેડૂતો વાવણીથી વંચિત હતા તેમણે પણ ખેતરમાં વાવણી કાર્ય પૂર્ણ કરી લીધું છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ૨૪ જુલાઈ સુધીમાં કુલ ૯૧.૪૨ ટકા વાવણી કાર્ય સંપન્ન થઈ ચૂક્યું છે. હાલ ગણ્યા-ગાંઠ્યા ખેડૂતો જ વાવણી બાકી ધરાવે છે, જેઓ પણ આગામી દિવસોમાં વાવણી પૂર્ણ કરી ૧૦૦ ટકાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી લેશે.

જિલ્લાના મુખ્ય ખરીફ પાકોની વાત કરીએ તો ખાસ કરીને કપાસ માટે જિલ્લામાં કુલ ૨,૧૩,૮૭૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે, જેમાં સૌથી વધુ ૩૬,૧૭૦ હેક્ટર વાવેતર સાથે વલ્લભીપુર તાલુકો મોખરે રહ્યો છે. બીજા ક્રમે મગફળી માટે જિલ્લામાં કુલ ૧,૧૨,૬૧૮ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે, જેમાં સૌથી વધુ હાઈએસ્ટ ૩૭,૦૧૨ હેક્ટર વાવેતર સાથે મહુવા તાલુકો પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત, પશુઓ માટેના ઘાસચારાનું કુલ ૨૮,૯૪૧ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે, જેમાં ભાવનગર તાલુકામાં સૌથી વધુ ૬,૭૩૨ હેક્ટરમાં ઘાસચારો વવાયો છે.

મુખ્ય ત્રણ પાકો સિવાયના વાવેતર પર નજર કરીએ તો જિલ્લામાં ૫,૩૯૮ હેક્ટરમાં શાકભાજી, ૧,૯૩૫ હેક્ટરમાં તુવેર, મગ, મઠ અને કઠોળ તેમજ ૫,૪૮૭ હેક્ટર વિસ્તારમાં બાજરી, જુવાર અને મકાઈ જેવા ધાન્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. આમ એકંદરે તમામ પાકો મળીને સમગ્ર ભાવનગર જિલ્લામાં કુલ ૩,૭૨,૦૨૩ હેક્ટર જેટલા વિશાળ વિસ્તારમાં ખરીફ વાવણીનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે. વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લહેર ફેલાઇ જવા પામી છે. હવે વાવણી લાયક વરસાદને લીધે ખેતીને જે નુકસાન થતું હતું તેમાં હવે સારી આશા જાગી છે. કપાસ અને મગફળીનું વાવેતર થતાં આ વરસે સારો પાક થશે તેવું લાગી રહ્યું છે. ■